પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૧-૦૧-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૩૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# યુરોપ વિરૂદ્ધ ટ્રેડ વોર છેડવા દાવોસમાં અમેરિકાની ચિમકી

## નાટોના સાથી દેશો , અમેરિકા અને યુરોપીયન સંઘ વચ્ચેનો તનાવ વધ્યો : ટેરિફ અને ગ્રીનલેન્ડને સાંકળશો તો ભારે પડશે : અમેરિકા

નવી દિલ્હી, તા. ૨૧

ગ્રીનલેન્ડથી લઈને ગાઝા પીસ બોર્ડ મુદે અમેરિકા અને યુરોપીયન દેશો વચ્ચે સતત ટકકર વધી રહી છે અને ખાસ કરીને ફ્રાન્સ તથા કેનેડા એ અમેરિકી દાદાગીરી સ્વીકાર્ય નહી બને તેવુ વલણ અપનાવ્યુ છે તે વચ્ચે અમેરિકાના વ્યાપારમંત્રી હોવાર્ડ લુટનીક એ દાવોસમાં વર્લ્ડ ઈકોનોમીક ફોરમની બેઠકમાં યુરોપીયન દેશોને સીધી ચેતવણી આપતા કહ્યું કે જો અમેરિકાના ટેરિફ સામે જવાબી ટેરિફ લાદવામાં આવશે તો તે યુરોપીયન દેશો માટે ભારે થઈ પડશે અને પછી જેવા સાથે તેવાની નીતિ અપનાવાશે અને વ્યાપાર યુદ્ધ છેડાશે.

વિશ્વભરના અર્થશાીઓ અને અનેક રાષ્ટ્રવડાઓ

વચ્ચેની વર્લ્ડ ઈકોનોમીક ફોરમની બેઠકમાં અમેરિકી વ્યાપારમંત્રીએ જણાવ્યું કે ૨૦૨૬ના પ્રથમ કવાર્ટરમાં જ અમેરિકાનું અર્થતંત્ર પાંચ ટકાથી વધુના દરે વિકાસ સાધી શકે છે અને હાલ અમારા વ્યાજદર પણ અર્થતંત્રને વધુ ઝડપથી



આગળ વધવા માટે સાનુકુળ છે અને પાંચ ટકાના વિકાસદર સાથે અમેરિકી અર્થતંત્ર ૩૦ ટ્રીલીયન ડોલરથી પણ આગળ વધી જશે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર અમેરિકી વર્ચસ્વ સ્થાપવા સહિતના મુદે જે આક્રમક નીતિ અપનાવી છે તે સામે નાટો સહિતના યુરોપીયન દેશોમાં ભારે નારાજગી છે અને તે વચ્ચે અમેરિકાની આ સીધી ચેતવણી મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

જો કે અમેરિકાના વ્યાપારમંત્રીનો આ આશાવાદ વધુ પડતો હોવાનું માનવામાં આવે છે. આમ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે અમેરિકાનો વિકાસદર ૨.૪ ટકા રહેવાની ગણતરી દર્શાવી છે.એ ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ગ્રીનલેન્ડ મુદે વિરોધ કરનાર યુરોપીયન દેશો પર તા.૧ ફેબ્રુઆરીથી ૧૦ ટકા અને ૧ જૂનથી ૨૫ ટકા સુધી ટેરિફ લાદવાની ધમકી આપી છે તો યુરોપીયન દેશોએ પણ વળતા ટેરીફની ચીમકી આપી છે.

# ડોલરના મૂલ્ય સામે ભારતીય રૂપિયાનું 33 પૈસા ધોવાણ

## રૂપિયાની કિંમતમા ઘટાડો થતા આયાત વધુ મોંઘી બનશે

નવી દિલ્હી, તા. ૨૧

સોના-ચાંદી, શેરબજાર, મેટલ સહિતની માર્કેટોમાં કેટલાક વખતથી ઉથલપાથલનો દૌર ચાલી રહ્યો છે તેવા સમયે હવે કરન્સી માર્કેટનો વારો આવ્યો હોય તેમ આજે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયામાં પ્રારંભિક કામકાજમાં જ ૩૩ પૈસાનો કડાકો બોલી ગયો હતો અને ૯૧.૩૦ના તળીયે સરકી ગયો હતો.

વિશ્વસ્તરે યુધ્ધ, ટેરીફ વોર જેવા અનેકવિધ ઘટનાક્રમોના કારણે મેટલ સહિતની કોમોડીટી તથા શેરબજારમાં તિવ્ર પ્રત્યાઘાતો પડી જ રહ્યા છે અને તેની જ અસર કરન્સી માર્કેટમાં ઉભી થવા લાગી હોય તેમ આજે ડોલર સામે રૂપિયો નવેસરથી તિવ્ર દબાણમાં આવી ગયો હતો.વિદેશી નાણા સંસ્થાઓ છેલ્લા કેટલાક મહિનાઓથી ભારતમાંથી કરોડો-અબજો રૂપિયા પાછા ખેંચી રહી છે. ટેરીફના કારણે ભારતને ફટકો છે. ઉપરાંત અન્ય આંતરરાષ્ટ્રીય ભૌગોલિક કારણોથી કરન્સી માર્કેટ દબાણમાં હોવાનું માનવામાં આવી રહ્યું છે. ડોલર સામે રૂપિયાના ધબડકાથી અર્થતંત્રને મોટો ફટકો પડવાની આશંકા વ્યકત થવા લાગી છે. ૧૦ દિવસ પછી કેન્દ્રીય બજેટ રજૂ થવાનું છે. તે પૂર્વે જ રૂપિયાના કડાકાથી સરકારી અંદાજોમાં પણ ફેરફાર થઈ શકે છે. કારણ કે આયાતને બહુ મોટો ઝટકો લાગવાના ભણકારા છે.ક્રુડ તેલ, સોના-ચાંદી, ખાતર, ઈલેકટ્રોનિક સહિતની ઢગલાબંધ ચીજોની ભારત દ્વારા જંગી માત્રામાં આયાત કરવામાં આવતી હોય છે. ખાસ કરીને ક્રુડ અને ખાતરનો બહુ મોટો બોજ આવી શકે છે.વિશ્વસ્તરે ક્રુડના ભાવ કાબુમાં છે અન્યથા ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાના ભણકારા વાગી શકે છે. આ જ રીતે નવી ખરીફ સિઝન પૂર્વે ખાતરની આવક પર મોટો બોજ ઉભો થઈ શકે છે. રૂપિયાના ધોવાણથી આર્થિક અંદાજોમાં પણ મોટા બદલાવના ભણકારા છે અને બજેટમાં તેની અસર જોવા મળે તેવી શકયતાનો ઈન્કાર થઈ શકતો નથી.

# આજે પણ સોના-ચાંદી ઉછળ્યા વિશ્વ બજારમાં સોનું ૪૮૪૯ ડોલર

## ભારતમાં હાજર સોનાનો ભાવ ૧,૫૮,૯૯૦ બોલાયો

નવી દિલ્હી, તા. ૨૧

સોના-ચાંદીમાં તેજીનું તાંડવ સતત ચાલુ રહ્યું હોય તેમ આજે ફરી વખત ઐતિહાસિક નવો ઉંચો ભાવ જોવા મળ્યો હતો. કોમોડીટી એકસચેંજમાં તો પ્રારંભિક કામકાજમાં જ ૩ ટકાની તેજીની સર્કિટ લાગી ગઈ છે. સોનાની જેમ ચાંદીમાં ભાવ વધુ ઉછળ્યા હતા. રાજકોટમાં આજે હાજર સોનુ ૧,૫૮,૯૦૦ના નવા સર્વોચ્ચ લેવલે પહોંચ્યું હતું. કોમોડીટી એકસચેંજમાં ૫૯૦૦ના ઉછાળાથી ૧,૫૬,૫૪૦ સાંપડયું હતું જે ઉંચામાં ૧,૫૭,૪૦૦ થયું હતું. વિશ્વબજારમાં ૪૮૪૯ ડોલરનું ઐતિહાસિક લેવલ જોવા મળ્યું હતું.ચાંદી હાજરમાં ૩,૨૩,૯૦૦ હતી. કોમોડીટી એકસચેંજમાં ૩,૨૬,૪૦૦નો ભાવ હતો. વાયદા કરતા હાજરનો ભાવ ૨૫૦૦ જેટલો નીચો બોલાવવા લાગ્યો છે જે હાજરમાં માલની પર્યાપ્ત સપ્લાય હોવાનું સૂચવે છે.ઉંચા ભાવના કારણે ચાંદીમાં ડિમાન્ડ સાવ તળીયે આવી ગઈ છે અને કારોબાર ઠપ્પ થઈ જવા જેવી દશા છે તેના કારણે વાયદા કરતા હાજરનો ભાવ નીચો આવી ગયો હોવાનું માનવામાં આવી રહ્યો છે. વિશ્વબજારમાં ચાંદીનો ભાવ ૯૩.૯૯ ડોલર સાંપડયો હતો.

અનુસંધાન પાના ૭ પર

# મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિત છ રાજ્યોમાં વાવાઝોડાની આગાહી

## ઉત્તરાખંડમાં ઝરણાં થીજી ગયા : હિમવર્ષાનું એલર્ટ જારી કરાયું


નવી દિલ્હી, તા. ૨૧

રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર, યુપી, ઉત્તરાખંડ અને હરિયાણામાં બે દિવસ પછી વરસાદની સંભાવના છે. રાજસ્થાનમાં ૨૨ જાન્યુઆરીએ ૬ જિલ્લાઓ અને ૨૩ જાન્યુઆરીએ ૧૦ જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. કરા પણ પડી શકે છે.

મધ્યપ્રદેશમાં ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ ગ્વાલિયર-રીવા સહિત ૧૦ જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ છે. આ દરમિયાન ધુમ્મસ પણ છવાયેલું રહેશે.

બિહારના અરરિયા, પૂર્ણિયા સહિત ૫ જિલ્લાઓમાં ધુમ્મસ છવાયેલું રહેશે. સવારે વિઝિબિલિટી ઓછી હોવાને કારણે ૫ ટ્રેનો મોડી ચાલી રહી છે. ઔરંગાબાદ સહિત ઘણા શહેરોમાં સવારથી વાદળો છવાયેલા છે.

જ્યારે, ઉત્તરાખંડમાં સૌથી વધુ ઠંડી આદિ કૈલાશ



(પિથોરાગઢ) અને કેદારનાથ ધામમાં નોંધાઈ હતી. અહીં લઘુત્તમ તાપમાન -૨૧ ડિગ્રી સેલ્સિયસ હતું.

હિમાચલ પ્રદેશમાં વરસાદ-બરફવર્ષા પહેલા ૫ જિલ્લાઓમાં શીતલહેર ચાલશે. સવારે અને રાત્રે કડકડતી ઠંડીનો અંદાજ છે.મધ્યપ્રદેશમાં ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ વરસાદનું એલર્ટ છે. આવું સ્ટ્રોંગ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે થશે. ગ્વાલિયર-રીવા સહિત ૧૦ જિલ્લામાં અસર રહેશે. આ દરમિયાન ધુમ્મસ પણ છવાયેલું રહેશે. બુધવારે સવારે પણ ઘણા જિલ્લાઓમાં હળવાથી મધ્યમ ધુમ્મસની અસર જોવા મળી રહી છે.

# શકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદની પ્રગારાજ ઓથોરિટને ચેતવણી

## વહીવટી તંત્ર વિરુદ્ધ શંકરાચાર્ય માનહાનિનો કેસ કરશે

નવી દિલ્હી, તા. ૨૧

પ્રયાગરાજમાં મૌની અમાસ પર સ્નાનને લઈને પ્રશાસન અને સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વચ્ચે શરૂ થયેલો વિવાદ હવે શંકરાચાર્યના પદ સુધી પહોંચી ગયો છે. અવિમુક્તેશ્વરાનંદે ૨૪ કલાકમાં મેળા પ્રશાસનને ૮ પાનાનો જવાબ ઈ-મેલથી મોકલ્યો છે. નોટિસને મનસ્વી, દૂષિત અને ગેરબંધારણીય ગણાવી.

અવિમુક્તેશ્વરાનંદે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટે એવો કોઈ આદેશ આપ્યો નથી, જેનાથી અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય પદ પર રહેવાથી રોકવામાં આવ્યા હોય. મામલો કોર્ટમાં વિચારણા હેઠળ છે, તેથી કોઈપણ ત્રીજા પક્ષને ટિપ્પણી કરવાનો કે રોક લગાવવાનો અધિકાર નથી.

તેમણે પ્રશાસનને નોટિસ પાછી ખેંચવાની ચેતવણી પણ આપી છે. કહ્યું છે કે જો આમ કરવામાં નહીં આવે તો માનહાનિ અને કોર્ટના અવમાનના સહિત અન્ય કાનૂની કાર્યવાહી કરશે. તેમનું કહેવું છે કે આનાથી શંકરાચાર્યની છબી ખરાબ થઈ રહી છે.

હકીકતમાં, મંગળવારે મેળા પ્રશાસને સુપ્રીમ કોર્ટના ૧૪ ઓક્ટોબર ૨૦૨૨ના એક આદેશનો હવાલો આપતા નોટિસ જારી કરીને પૂછ્યું હતું કે તેમણે પોતાને શંકરાચાર્ય કેવી રીતે ઘોષિત

અનુસંધાન પાના ૭ પર

# ઉઘડતા બજારે સેન્સેક્સ-નિફ્ટી તૂટયા બપોર સુધીમાં અભૂતપૂર્વ રિ-કવરી

## સવારે ભારતીય બજારો ધરાશાયી થયા બાદ બપોરે આશ્ચર્યજનક યુ-ટર્ન

નવી દિલ્હી, તા. ૨૧

જેનો ડર હતો તે જ થયું. ડોનાલ્ડ ટ્રમ્પના સતત 'ટેરિફ એટેક'ને કારણે વિશ્વભરના શેરબજારોમાં હાહાકાર મચી ગયો છે. અઠવાડિયાના ત્રીજા કારોબારી દિવસે પણ એશિયન બજારો ખુલતાની સાથે જ ગગડ્યા હતા, જેના કારણે ભારતીય શેરબજાર માટે નકારાત્મક સંકેતો મળ્યા હતા. જોકે સેન્સેક્સ-નિફ્ટીની શરૂઆત સુસ્ત રહી હતી, પરંતુ એક કલાકમાં જ આ સુસ્તી મોટા ઘટાડામાં ફેરવાઈ ગઈ હતી. BSE Sensex દિવસની ઊંચી



સપાટીએથી એક ઝાટકે અંદાજે ૧૧૦૦ પોઈન્ટ તૂટી ગયો હતો, જ્યારે NSE નિફ્ટીમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો હતો. અલબત્તા બપોર સુધીમાં શેરબજારમાં જોરદાર ૧૫૦ પોઈન્ટ ઉપરની રિકવરી જોવા મળી હતી.

સેન્સેક્સ-નિફ્ટી ધડામ બજારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ઘટાડો ચાલુ છે. મંગળવાર રોકાણકારો માટે 'અમંગળ' સાબિત થયા બાદ બુધવારે પણ સ્થિતિ એવી જ રહી. સેન્સેક્સ તેના અગાઉના બંધ ૮૨,૧૮૦ની સરખામણીએ ઘટીને ૮૧,૭૯૪ પર ખુલ્યો અને ૮૧,૧૨૪ના સ્તર સુધી પહોંચી ગયો. તેવી જ રીતે નિફ્ટી પણ દિવસની હાઈ સપાટીથી ૩૫૮ પોઈન્ટ તૂટીને ૨૪,૯૧૯ના સ્તરે ટ્રેડ કરતો જોવા મળ્યો હતો.

રોકાણકારોને મોટો ફટકો પહોંચ્યો માત્ર ત્રણ દિવસમાં જ રોકાણકારોના ૧૫ લાખ કરોડ રૂપિયાથી વધુ સ્વાહા થઈ ગયા છે. સોમવારે BSE માર્કેટ કેપિટલાઇઝેશન ૪૬૫.૬૮ લાખ કરોડ હતું, જે બુધવાર સુધીમાં ઘટીને અંદાજે ૪૫૩ લાખ કરોડ રૂપિયા પર આવી ગયું છે.

ટ્રેડ વોરનું જોખમઃ બજારમાં આવેલી મંદીનું કારણ વધતી વૈશ્વિક અનિશ્ચિતતા છે. ટ્રમ્પ ગ્રીનલેન્ડને તેના સંસાધનો માટે

અનુસંધાન પાના ૭ પર

# હિંસાગ્રસ્ત ઈરાનથી ભારતીય છાત્રોને ભારત પરત લવાયા

## અત્યાર સુધી ૨૦૦ વિદ્યાર્થીઓ હેમખેમ ભારત આવી ગયા

નવી દિલ્હી, તા. ૨૧

ઈરાનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓની બીજી બેચ મંગળવારે રાત્રે સુરક્ષિત રીતે ભારત પરત ફરી છે. જમ્મુ-કાશ્મીર સ્ટુડન્ટ્સ એસોસિએશન (JKSA) અનુસાર, વર્તમાન પરિસ્થિતિ વચ્ચે આ વાપસી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે મોટી રાહત લઈને આવી છે.JKSA એ જણાવ્યું કે વિદ્યાર્થીઓ દુબઈ અને શારજાહ થઈને એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૯૯૬ અને AI-૯૩૦ દ્વારા દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા. તમામ વિદ્યાર્થીઓ પોતાના ખર્ચે ભારત પરત ફર્યા છે. અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ ભારતીય વિદ્યાર્થીઓ ઈરાનથી ભારત પરત ફર્યા છે, જેમાં જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓની મોટી સંખ્યા છે.JKSA એ જણાવ્યું કે અઝરબૈજાન અને મસ્કત થઈને જતી કનેક્ટિંગ ફ્લાઈટ્સ સહિતની સિવિલ એવિએશન સેવાઓ પહેલા રદ થવાને કારણે ઘણા વિદ્યાર્થીઓ સમયસર પાછા આવી શક્યા ન હતા. આ પહેલા ૧૭ જાન્યુઆરીએ પણ ભારતીય વિદ્યાર્થીઓ ઈરાનથી પરત ફર્યા હતા.ઈરાનમાં ત્યાંની કરન્સી 'રિયાલ' ઐતિહાસિક રીતે નીચે ગગડવા અને મોંઘવારીના વિરોધમાં ૨૮ ડિસેમ્બર ૨૦૨૫માં પ્રદર્શનો શરૂ થયા હતા.

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય મૂળની અંતરિક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ સેવા નિવૃત્ત

## સુનીતાની સિદ્ધિ નવી જનરેશનનને મોટું સપનું જોવા માટે પ્રેરિત કરશે : નાસા

નવી દિલ્હી, તા. ૨૧

ભારતીય મુળની અમેરિકન અંતરિક્ષયાત્રી સુનીતા વિલિયમ્સ નાસાની સેવાથી નિવૃત્ત થઇ છે. તેણે ૨૭ વર્ષ બાદ અમેરિકી સ્પેસ એજન્સીથી રિટાયર્મેન્ટ લઇ લીધું છે. નાસાએ જાહેરાત કરી છે કે વિલિયમ્સનું રિટાયર્મેન્ટ ૨૭ ડિસેમ્બરથી જ અમલી બન્યું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ માત્ર ૮ દિવસની અંતરિક્ષ યાત્રાએ ગયેલી સુનીતા વિલિયમ્સ લગભગ ૯ મહિના બાદ પૃથ્વી પર પરત ફરી હતી. હાલ, તે ભારતમાં છે.

અમેરિકી નૌસેનાની પૂર્વ કેપ્ટન સુનીતા વિલિયમ્સનો જન્મ ૧૯ સપ્ટેમ્બર-૧૯૬૫માં અમેરિકાના ઓહિયોના યુકલિડમાં થયો હતો. તેમના પિતા દીપક પંડ્યા ગુજરાતી હતા અને મહેસાણાના ઝુલાસન ગામના રહેવાસી હતા, જ્યારે તેમના માતા ઉર્સુલિન બોની પંડ્યા સ્લોવેનિયાની હતી.

નાસાના એડમિનિસ્ટ્રેટર જેરેડ આઈઝેકમેને કહ્યું હતું કે, સુનીતા વિલિયમ્સ માનવ અંતરિક્ષ યાનમાં એક પાયોનિયર રહી છે. તેમણે સ્પેસ સ્ટેશન પર પોતાના નેતૃત્વથી એક્સપ્લોરેશનના ભવિષ્યને નવો આકાર આપ્યો છે અને લો અર્થ ઓરબીટ માટે મિશનો માટે રસ્તો તૈયાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે તેમની સિદ્ધિઓ પેઢી (જનરેશન)ને સપના જોવા માટે પ્રેરિત કરશે. ઉલ્લેખનીય છે કે સુનિતા વર્ષ ૧૯૯૮માં નાસા માટે પસંદ કરાઈ હતી. તેણે ત્રણ મિશનો અંતર્ગત કુલ ૬૦૮ દિવસ અંતરિક્ષમાં વીતાવ્યા છે. ૯ વારમાં કુલ ૬૨ કલાક ૯ મીનીટ સ્પેસ વોક કર્યું છે. આ કોઈપણ મહિલા અંતરિક્ષ યાત્રીનો રેકોર્ડ છે.હાલમાં જ સુનીતા વિલિયમ્સે ભારતમાં અંતરિક્ષ યાત્રી સ્વ. કલ્પના ચાવલાની માતા સંયોગિતા અને બહેન દીપા સાથે દિલ્હીમાં મુલાકાત કરી હતી.

# મુંબઈના મેયરના મુદ્દે ભાજપ-શિંદે જૂથના નેતાઓ દિલ્હી પહોંચ્યા

## મેયર પદ માટે બન્ને પક્ષ દાવો છોડવા માગતા નથી

નવી દિલ્હી, તા. ૨૧

નવી દિલ્હી, તા.૨૧

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ની ચૂંટણીના પરિણામો બાદ મુંબઈના મેયર કોણ બનશે તે અંગેનો સસ્પેન્સ વધુ ઘેરો બન્યો છે. છેલ્લા પાંચ દિવસથી બાંદ્રાની વૈભવી હોટેલ 'તાજ લેન્ડ્સ એન્ડ'માં રોકાયેલા શિવસેના (શિંદે જૂથ) ના ૨૯ કોર્પોરેટરો મંગળવારે સાંજે બહાર નીકળ્યા હતા. હવે આ વિવાદનો ઉકેલ લાવવા માટે ભાજપ અને શિવસેનાના ટોચના નેતાઓ દિલ્હી પહોંચ્યા છે.

મ્સ્ઝ ની કુલ ૨૨૭ બેઠકો માંથી બહુમતી માટે જરૂરી આંકડો મેળવવા મહાયુતિ (ભાજપ + શિવસેના) સજ્જ છેઃ ભાજપરહ ૮૯ બેઠકો છે, શિવસેના (શિંદે)ની ૨૯ બેઠકો છે, બંને પક્ષો સાથે મળીને બહુમતીના જાદુઈ આંકડાની નજીક છે, પરંતુ મેયર



પદ કોની પાસે રહેશે તે મુદ્દે પેચ ફસાયો છે.

મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે મેયર પદ શિવસેનાને મળવું જોઈએ. તેમણે દલીલ કરી છે કે ૨૩ જાન્યુઆરીથી શિવસેના સ્થાપક બાળાસાહેબ ઠાકરેની જન્મશતાબ્દી વર્ષની ઉજવણી

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

પ્રતાપ દર્પણ PRATAP DARPAN



સુરત પીપલ્સ બેન્ક ના ડીરેક્ટર અને મેનેજમેન્ટ સહિત HDH બેંકના પોલીસની બાબતે કરાર કરવા મા આવ્યો તે બાબતે ની મીટીગ મા હાજર રહ્યા.

# આબોહવા રક્ષણ માટે સાતમી વાર લેન્કસેસને 'એ' રેટીંગ મળ્યું

## લેન્ક્સેસ ટકાઉતામાં સતત રહે છે અગ્રેસર

સુરત, તા.૨૧

ક્લાઈમેટ પ્રોટેક્શન ઈનિશિયેટીવ સીડીપી (CDP) એ ફરી એક વખત લેન્ક્સેસને આબોહવા રક્ષણ માટેની 'A યાદી'માં સતત સાતમી વખત સમાવી લીધી છે. "A" રેટિંગ સાથે સ્પેસિયાલિટી કેમિકલ્સ કંપનીનો ક્રમ વિશ્વભરમાં મુલ્યાંકન કરાયેલ ૨૨,૧૦૦થી વધુ કંપનીઓના ટોચના ૪ ટકામાં આવે છે. સીડીપીએ ખાસ કરીને કારોબાર વ્યૂહરચના, લક્ષ્યાંકો, સ્ત્રાવ ઘટાડો અને આબોહવા લક્ષી પ્રોજક્ટ્સ, ગવર્નન્સ અને મૂલ્ય શ્રુખલામાં પોઝીટીવ રેટિંગ્સ આપ્યા છે. સીડીપી



નિષ્ણાતો એવી કંપનીઓને "A" રેટિંગ આપે છે જે તેમના આબોહવા સંરક્ષણ પગલાં ખાસ કરીને પારદર્શક રીતે જાહેર કરે છે અને તેમની યોજનાઓને વિશ્વસનીય રીતે અમલમાં મૂકે છે. અન્ય બાબતોની સાથે, ચકાસણીયોગ્ય વ્યૂહરચનાઓ, વિજ્ઞાન-આધારિત લક્ષ્યો અને વર્તમાન આબોહવા સંરક્ષણ યોજનાને પુરસ્કાર આપવામાં આવે છે. લેન્ક્સેસએ પાણીના ક્ષેત્રમાં પણ મજબૂત પરિણામ પ્રાપ્ત કર્યું: સીડીપી એ કંપનીના પાણી વ્યવસ્થાપનને A- ના બીજા-શ્રેષ્ઠ ગ્રેડ સાથે રેટિંગ આપ્યું છે. લેન્ક્સેસ સીડીપીને ૨૦૧૨થી રિપોટ'ગ કરી રહી છે. ઈકોવાડિસ લેન્ક્સેસના ગોલ્ડ સ્ટેટસને પુષ્ટિ આપે છે. ડિસેમ્બર ૨૦૨૫ માં, સસ્ટેનેબિલિટી પ્લેટફોર્મ ઈકોવાડિસે સ્પેશિયાલિટી કેમિકલ્સ કંપનીનું મૂલ્યાંકન કરી લીધું હતું. સંભવિત ૧૦૦ માંથી ૮૩ પોઈન્ટ સાથે, લેન્ક્સેસએ ફરી એકવાર તેના પાછલા વર્ષના પ્રદર્શનમાં સુધારો કર્યો છે અને આમ મૂલ્યાંકન કરાયેલી બધી ટોચની કંપનીઓમાં ૨ ટકામાં સ્થાન મેળવ્યું છે. ઈકોવાડિસે આમ લેન્ક્સેસના ગોલ્ડ સ્ટેટસની પુષ્ટિ કરી છે.



# સાર્વજનિક યુનિવર્સિટી ખાતે ફાઇનાન્શિયલ લિટરસી દ્વારા 'ફિનસ્ટાર્ટ' કાર્યક્રમ યોજાયો

## નિવેશની પાઠશાળામાં પાંચ સુત્રો અંગે વિસ્તૃત માર્ગદર્શન

સુરત, તા.૨૧

ક્લબ દ્વારા યુવાનોમાં નાણાકીય જાગૃતિ વધારવાના હેતુથી 'ફિનસ્ટાર્ટ' નામનો નાણાકીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો, જેમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમમાં એન.જે. ગ્રુપના મિસ ખુશી દેસાઈ (હેડ – ફાઈનાન્શિયલ લિટરસી મિશન) દ્વારા "નિવેશની પાઠશાળા" વિષય હેઠળ નાણાંના પાંચ સૂત્રો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું, જ્યારે નિપ્પોન ઈન્ડિયા એસેટ મેનેજમેન્ટ કંપનીના શ્રી પ્રશાંત ચિનાઈ (ક્લસ્ટર મેનેજર) દ્વારા પર્સનલ ફાઈનાન્સ, કમ્પાઉન્ડિંગની શક્તિ, સમયનું મહત્વ અને નિવૃત્તિ આયોજન જેવા મહત્વપૂર્ણ વિષયો પર પ્રેરણાદાયી સંબોધન આપવામાં આવ્યું. આ કાર્યક્રમને નિપ્પોન ઈન્ડિયા એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યો હતો અને તેમાં ડૉ. રવિ વૈદ્ય (ડીન – સ્ટુડન્ટ અફેર્સ) તથા ડૉ. પરિજા કામ્બોજ (યુનિવર્સિટી ક્લબ કોઓર્ડિનેટર) ની ઉપસ્થિતિ રહી. કાર્યક્રમના અંતે ફાઈનાન્શિયલ લિટરસી ક્લબના ફેકલ્ટી મેન્ટર્સ ડૉ. હિરેન શાહ અને ડૉ. પ્રિંગલ પટેલ દ્વારા એન.જે. ગ્રુપ તથા નિપ્પોન ઈન્ડિયા છસ્ઝનો અમૂલ્ય સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને આ કાર્યક્રમ યુવાનોને નાણાકીય રીતે સજાગ અને જવાબદાર બનાવવા દિશામાં મહત્વપૂર્ણ સાબિત થયો.

# સુરતના બે અનાથ બાળકોને મહારાષ્ટ્રના દંપતિએ દત્તક લીધા

## જિલ્લા કલેકટર ડો.સૌરભ પારઘીના હસ્તે અપાયો પ્રી-અડોપ્શન ફોસ્ટર કેર ઓર્ડર



સુરત, તા.૨૧

જિલ્લા કલેકટર ડૉ.સૌરભ પારધીના હસ્તે અનાથ સુરતના બે બાળકોને મહારાષ્ટ્ર રાજ્યના બે દંપતિઓ સોંપી પ્રી-એડોપ્શન ફોસ્ટર કેર ઓર્ડર આપવામાં આવ્યો છે. જિલ્લા કલેકટરશ્રીએ દત્તક ઈચ્છુક દંપતીને બાળકોના ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એલ.બી.પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સંચાલિત કતારગામ સ્થિત વિશિષ્ટ દત્તક સંસ્થામાં આશ્રય મેળવી રહેલા ૨ બાળકોને મુંબઈમાં વસતાં બે દંપતિઓને દત્તકપૂર્વના ઉછેર માટે સોંપવામાં આવ્યાંછે. આ પ્રસંગે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી વિજયભાઈ પરમારે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, એડોપ્શન રેગ્યુલેશન-૨૦૨૨ના નિયમો પ્રમાણે અલગ અલગ બે પરિવારમાં મુંબઈ શહેરનાં બે ઈચ્છુક દંપતિએ એક દીકરો અને દીકરી દત્તક મેળવ્યાં છે. નવા વર્ષનાં આગમન સાથે બાળક વિનાનાં બે પરિવારોમાં લક્ષ્મી અને કુળ દીપકનું આગમન થતાં તેમના પરિવારોમાં હર્ષોલ્લાસનું વાતાવરણ છવાયું છે.

# આંતર જિલ્લા ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરત જિલ્લા પંચાયત ચેમ્પિયન

## કેપ્ટન ભાવેશ પટેલ ની કેપ્ટન સીપ હેઠળ સુરત જિલ્લા પંચાયત ક્રિકેટ ની ટીમ ચેમ્પિયન બની




સુરત, તા.૨૧

ઓલપાડ ૩૩ મી સ્વ.બળવંતરાય મહેતા આંતર જિલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ જામનગર ખાતે યોજવામાં આવી જેમાં સુરત જિલ્લા પંચાયત ચેમ્પિયન થઈ.ભાવેશભાઈ આર પટેલ ની કેપ્ટનશિપ માં સુરત જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમ ચેમ્પિયન થઈ સમગ્ર રાજ્ય માં જિલ્લા પંચાયત સુરત નું ગૌરવ વધાર્યું છે

ફાઈનલ મેચ સુરત જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમ અને આણંદ જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમ વચ્ચે રમાય જેમાં ટોસ જીતી ને આણંદ ની ટીમે પ્રથમ બેટિંગ કરી.સુરત જિલ્લા પંચાયત ની ટીમે ભાવેશ પટેલ ની ધારદાર કેપ્ટનશીપ ના પ્રભાવ થી ચુસ્ત બોલિંગ અને ફિલ્ડિંગ નું પ્રદર્શન કરી આણંદ જિલ્લા પંચાયત ની ટીમ ને ૧૨૦ રન ના સ્કોર પર સીમિત કરી હતી.દિલ ધડક રન ચેસ માં જિલ્લા પંચાયત સુરત ના ૫ વિકેટે વિજય થવા પામ્યો હતો. ફાઈનલ માં જિલ્લા પંચાયત સુરત ના ઓલ રાઉન્ડર રોહિત ટંડેલ ને ૪ ઓવર માં ૨૨ રન આપી ૩ મહત્વપૂર્ણ વિકેટ ઝડપી તથા ટીમ ને જીતવા ૨ ઓવર માં ૧૩ રન ની જરૂર હતી ત્યારે નિર્ણાયક તબક્કે ૯ રન ફટકારી વિજેતા થવા બદલ મેન ઓફ ધી મેચ એવોર્ડ એનાયત થયો. સુરત જિલ્લા પંચાયત ના આધારભૂત ઓલરાઉન્ડર અલ્પેશ બી વાંસીયા સમગ્ર ટુર્નામેન્ટ માં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ૧૧ વિકેટ ઝડપી તથા ટીમ માટે ૫ ઈનિંગ માં ૧૪૩ મહત્વ પુર્ણ રન કરવા બદલ મેન ઓફ ધી સિરીઝ નો એવોર્ડ

અનુસંધાન પાના ૭ પર

# દમણમાં લોકોને ભયભીત કરતો દીપડો પાંજરે પુરાયો

## બાર કલાકની જહેમત બાદ વન વિભાગને મળેલી સફળતા

દમણ, તા.૨૧

સંઘ પ્રદેશ દમણ માં છેલ્લા બે દિવસ થી દીપડો અલગ અલગ વિસ્તાર ફરતો જોવા માં આવ્યો હતો. જેને લઈ ફોરેસ્ટ ની ટીમ સતર્ક બની હતી. દમણ માં નાઈટ માર્કેટ દુકાન ના ઉપલા માળે રહેતા પરિવાર ના લોકો એ અચાનક દીપડો જોઈ લેતા પરિવાર જનો માં ભય નો માહોલ સર્જાયો હતો. નજીક ના ફોરેસ્ટ વિભાગ ને જાણકારી આપતાં ફોરેસ્ટ ના કર્મચારી દ્વારા દીપડા નું રેસ્ક્યુ કરવામાં આવ્યું પરંતુ રેસ્ક્યુ કરવામાં તકલીફ આવતા આસપાસ ની દહાણુ તેમજ



વલસાડ ના ફોરેસ્ટ વિભાગ ની મદદ થી દીપડા ને પાંજરે પુરવામાં સફળતા મળી હતી.અત્રે ઉલ્લેખનીય ઘટના એવી બની કે દમણ ના ફોરેસ્ટ વિભાગ ના કર્મચારી ને આ ઓપરેશન દરમ્યાન મામૂલી ચોટ પણ આવી હતી. બાર કલાક ની મેહનત બાદ દીપડા નું રેસ્ક્યુ કરવામાં સફળતા મળી.ત્યાર બાદ દમણ ના એ લોકો રાહત નો દશ્વાસ લીધો હતો.

# તડકેશ્વરમાં નવ નિર્મિત તૂટી પેલી પાણીની ટાંકી ભ્રષ્ટાચારનો નમૂનો

## ઈજાગ્રસ્ત મજૂરોને વળતર આપવા તથા જવાબદારો સામે પગલા ભરવા દર્શન નાયકની મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

સુરત, તા.૨૧

સુરત જિલ્લાના માંડવી તાલુકામાં તડકેશ્વર ગામમાં પાણીની યોજનાની ટાંકી ધરાશાયી થવાના અકસ્માત અંગે તપાસ કરી જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવા અને ઈજાગ્રસ્ત મજૂરોને વળતર આપવા બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા મુખ્યમંત્રી સમક્ષ કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, સ્થાનિક આગેવાનો દ્વારા કરવામાં આવેલ રજૂઆત મુજબ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામમાં પાણીની યોજનાની ટાંકી ધરાશાયી થતાં ગંભીર અકસ્માત ઘટના બનેલ છે. આ અકસ્માત પાણીની યોજનાના ભ્રષ્ટાચાર અને નબળી બાંધકામી કાર્યવાહીનું પરિણામ છે, જેના કારણે ત્રણ મજૂરો ઈજાગ્રસ્ત થયા છે અને ગામમાં પૂર જેવી કટોકટીની સ્થિતિ સર્જાઈ છે.જેથી આ બાબતે તમારી નજરમાં લાવવા અને તાત્કાલિક પગલાં લેવા આ રજૂઆત કરું છું.

માંડવી તાલુકાના તડકેશ્વર ગામમાં પાણીની યોજના હેઠળ ૨૧ કરોડ રૂપિયાના ખર્ચે ૧૧ લાખ લિટરની ક્ષમતા ધરાવતી એક વિશાળ ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.સ્થાનિક સમાચાર પત્રના માધ્યમથી મળેલ માહિતી મુજબ આ ટાંકીનું નિર્માણ મુંબઈની આર. એન. બી. ઈન્ફ્રા એજન્સી ને આપવામાં આવેલા કોન્ટ્રાક્ટ હેઠળ કરવામાં આવ્યું હતું. ટેસ્ટિંગ સમયે, જ્યારે ટાંકીમાં ૯ લાખ લિટર પાણી ભરવામાં આવ્યું, ત્યારે તે અચાનક ધરાશાયી થઈ ગઈ. આના કારણે વિશાળ જળપ્રવાહ થયો, જેના કારણે ગામમાં પૂર જેવી વિનાશક સ્થિતિ સર્જાઈ અને ત્રણ મજૂરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા.આ અકસ્માત બાદ, કોઈ પણ જવાબદાર અધિકારી કે કોન્ટ્રાક્ટર

અનુસંધાન પાના ૭ પર

# વાપીમાં ટ્રાફીક સમસ્યાના નિવારણ માટે દબાણો નાબુદ

## પોલીસ બંદોબસ્ત સાથે દબાણ નાબુદી ઝુંબેશ

વાપી, તા.૨૧

વાપી માં મહાનગર પાલિકા ની રચના થતા વાપી માં વિકાસ ના કાર્યો કરવાની શરૂઆત થઈ જેમાં ભંગારીયા ઓ દ્વારા અતિક્રમણ કરવા થી લઈ સાફ સફાઈ અને ટ્રાફીક જામ ની સમસ્યા દૂર કરવાનો અભિયાન હાથ ધરવામાં આવ્યો. જેમાં ખાસ કરી ને વાપી શાકભાજી માર્કેટ નું મોટાં મોટુ દુષણ ને લઈ ટ્રાફિમ જામ ની સમસ્યા બની હતી. નાના મોટાં વેપારીઓ નેવારંવાર તાકીદ કરવા છતાં કોઈ એ પણ આ નોટિસ ને ગંભીરતા થી લીધી ના હતી અને કાયદા ની ઐસી કી તૈસી કરી અવગણના કરી ધ્યાન માં ના લેતા ગત રોજ પાલિકા દ્વારા જાહેર માર્ગ માં અવરોધ બનેલા શાકભાજી માર્કેટ નો સફાયો કરવામાં આવ્યો કડક પોલિસ બંદોબસ્ત વચ્ચે કાર્ય કરવામાં આવ્યું. હાલ વાપી માં ટ્રાફીક સમસ્યા સાથે




સાફ સફાઈ ની ઝુંબેશ સફળ થતા લોકો એ રાહત નો શ્વાસ લીધો હતો. નાની મોટી મારામારી અને છોકરી ની છેડતી અને ગંદકી ની સમસ્યા દૂર થતા વાપી ની કાયાપલટ થશે? એવી ચર્ચા થતી સાંભળવા મળી. પાલિકા ના અધિકારી દ્વારા સખ્ત નિર્દેશ અનુસાર કરેલ કામગીરી ને લઈ કેટલાક વેપારીઓ એ વિરોધ પણ કર્યો હતો પરંતુ કડક કાયદા અને વ્યવસ્થા ને લઈ શાંતિ પૂર્ણ માહોલ માં કાર્ય થતા કોઈ અનિચ્છનીય ઘટના બની ના હતી.



# ખેરગામ પશુ દવાખાના ખાતે સુમુલ દાણનું વિતરણ કરાયુ

સુરત, તા.૨૧

આજ રોજ તા.૨૦/૧/૨૦૨૬ ના રોજ ખેરગામ પશુ દવાખાના ખાતે થી ગુજરાત સરકાર ની પશુ પાલન ખાતા ની યોજના વિયાણ બાદ ખાણ દાણ ની યોજના ના લાભાર્થીઓ ને લાભ આપ્યા,કુલ ૨૯૨ લાભાર્થીઓ ને બહેજ દૂધ મંડળી,તોરણવેરા દૂધ મંડળી,નારણપોર દૂધ મંડળી એ થી કુલ ૪૩૮૦૦ કિલો ખાણ દાણ નુ વિતરણ કરવામાં આવ્યું જેની કુલ કિંમત રૂ.૧૧,૬૦,૭૦૦/- રૂ છે.આ કાર્યક્રમ નાયબ પશુપાલન નિયામકશ્રી ડો.એમ.સી.પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું આ કાર્યક્રમમા ખેરગામ તાલુકા ના પશુ ચિકિત્સા અધિકારી ડો.જહાનવી એમ.ચિતરીયા,તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, ખેરગામ તાલુકા ભાજપ પ્રમુખ લીતેશ ગાવિત,ખેરગામ ગ્રામ પંચાયત ના ડેપ્યુટી સરપંચ શ્રી જીગ્નેશભાઈ પટેલ અને ખેરગામ તાલુકા ના ભારતીય જનતા પાર્ટી ના મહામાત્રી શ્રી વિજયભાઈ રાઠોડ ની ખાસ ઉપસ્થિતિ માં યોજાયુ.

# આંતરરાષ્ટ્રીય વેપારમાં મરીન ઈન્શ્યોરન્સ અનિવાર્ય: પુનિત પંડ્યા

## જહાજ કે કાર્ગોના બચાવ કાર્ય માટે ચૂકવાતા 'સાલ્વેજ ચાર્જીસ' પણ મરીન પોલિસીમાં કવર થાય છે

સુરત, તા.૨૧

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા, તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, ઉષાકાંત મારફતિયા હોલ, સરસાણા, સુરત ખાતે 'મરીન ઈન્શ્યોરન્સ એન્ડ ક્લેઈમ્સ: સેફગાર્ડિંગ યોર કાર્ગો/ સિક્યોરિંગ યોર બિઝનેસ' વિષય પર એક અત્યંત માહિતીપ્રદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડના ડિવિઝનલ મેનેજર શ્રી પુનિત પંડ્યાએ કાર્ગો ઈન્શ્યોરન્સ કેવી રીતે લેવો, પોલિસીના પ્રકારો અને જો નુકસાન થાય તો ક્લેઈમ સેટલમેન્ટની પ્રક્રિયા કેવી રીતે સરળ બનાવી શકાય તે અંગે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.




ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, ચેમ્બર વર્ષમાં ૩૦૦થી વધુ આવા માહિતીસભર અને જ્ઞાનસભર કાર્યક્રમો યોજે છે. સુરત હવે નિકાસનું હબ બનતું જાય છે ત્યારે આ કાર્યક્રમનું વિશેષ મહત્વ છે. મુખ્ય વક્તા શ્રી પુનિત પંડ્યાએ કહ્યું કે, દેશમાં વીમાની પહોંચ વધારવા સરકાર સતત પ્રયત્નો કરી રહી છે. આંતરરાષ્ટ્રીય વેપાર શરૂ થયો ત્યારથી દરિયાઈ વીમો ચાલતો આવ્યો છે. મરીન વીમા માટે સંસદે વિશેષ એક્ટ પણ પસાર કર્યો છે. તેની મહત્વની જોગવાઈઓની પણ તેમણે ચર્ચા કરી. તેમણે કહ્યું કે, ઘણાં ઈન્ટરનેશનલ કન્વેશન પણ તેને અસર કરે છે. વીમાની પતાવટ સરળતાથી થાય એ માટે તેમણે વીમેદારની ફરજો પર ભાર મૂક્યો હતો અને કહ્યું કે વીમો એ કરાર છે અને 'અટમોસ્ટ ગુડ ફેથ' તેનો પાયાનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંત મુજબ, વીમો લેનાર વ્યક્તિ અને વીમો આપનાર કંપની બંનેએ એકબીજાથી કોઈ પણ મહત્વની વિગત છુપાવવી જોઈએ નહીં. ખાસ કરીને વીમો લેનારે જોખમ સાથે જોડાયેલી તમામ સત્ય હકીકતો જાહેર કરવી અનિવાર્ય છે. કાર્ગોની પ્રકૃતિ, પેકેજિંગ અને મુસાફરીના માર્ગ વિશે સાચી માહિતી આપવી એ 'અટમોસ્ટ ગુડ ફેથ'નો ભાગ છે. જો કોઈ મહત્વની માહિતી છુપાવવામાં આવે, તો વીમા કંપની ક્લેઈમ નકારવાનો અધિકાર ધરાવે છે.

તેમણે ઉદાહરણ સાથે સમજાવ્યું કે, જયારે દરિયાઈ મુસાફરી દરમિયાન જહાજ, તેમાં રહેલો સામાન કે ક્રૂ મેમ્બર્સ પર કોઈ મોટું સંકટ આવે, અને તે સંકટમાંથી બધાને બચાવવા માટે જાણીજોઈને કોઈ ચોક્કસ સામાનનો ત્યાગ કરવામાં આવે અથવા કોઈ વધારાનો ખર્ચ કરવામાં આવે, ત્યારે તે નુકસાન માત્ર એક વ્યક્તિનું નથી ગણાતું. તે નુકસાન તમામ હિતધારકો (જહાજ માલિક અને તમામ કાર્ગો માલિકો) વચ્ચે વહેંચવામાં આવે છે. તેને 'જનરલ એવરેજ કંટ્રિબ્યુશન' કહેવાય છે. જો

અનુસંધાન પાના ૭ પર

# મસાજ અને સ્પાની ટ્રીટમેન્ટ લેનાર દંપતિની ગ્રાહક કોર્ટની ફરિયાદ નામંજૂર

## સુરતથી કેરાલા જઈ વૈકલ્પિક ઉપચારનો ક્લેઈમ વીમા કંપનીએ નામંજૂર કર્યો હતો

સુરત, તા.૨૧

સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં રહેતા એક દંપતી કિરીટ કુમાર મોહનલાલ નેમલાવાલા તથા ભાવનાબેન કિરીટકુમાર નેમલાવાલા નાઓએ સપ્ટેમ્બર ૨૦૧૯ ના વર્ષમાં કમરમાં દુખાવો થતાં કેરલા મુકામે આવેલ સંજીવની આર્યુવેદા હોસ્પિટલમાં જઈ લોકલ રુકશા શ્વેદા, અવગાહ, નેક મસાજ, અભયંગમ, સામના સ્નેહાપના, પાત્રપોટાલા શ્વેદા, થઈલાધરા, ક્ષીરવસ્થી, ક્યાસેકા, શિરોધરા, ઉપાંશવેદા, સસ્તીકા પીડા શ્વેદા વિગેરે જેવી ઓઈલ તેમજ ડ્રાય મસાજ થેરાપી બંને પતિ પત્નીએ ૨૨ દિવસ સુધી લીધેલ અને જેમાં પતિને ૯૩,૫૪૩/- રૂપિયાનું ખર્ચ થયેલ તથા પત્નીને ૯૯,૪૭૩/- રૂપિયાનો ખર્ચ થયેલ. આ દંપતિ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીમાં વર્ષ ૨૦૦૭ થી મેડીક્લેમ પોલીસી ધરાવતા હોય પતિ પત્નીની બંનેની સારવાર ખર્ચના કુલ રૂપિયા ૧,૯૩,૦૧૬/- પુરા મેળવવા માટે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડમાં ક્લેઈમ કરેલ અને વીમા કંપનીએ કલેઈમ નામંજૂર કરતા પતિ પત્નીએ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ વિરુદ્ધ સુરત ગ્રાહક કોર્ટમાં ફરિયાદ નંબર : ૨૮૦ / ૨૦૨૦ થી ફરિયાદ દાખલ કરેલ જેમાં વીમા કંપની તરફે જાણીતા વકીલ શ્રી સંદીપ એમ. કાછડીયા એ દલીલો કરેલ જે ગ્રાહ્ય રાખી ગ્રાહક કોર્ટે ફરિયાદીની ફરિયાદ રદ / નામંજૂર કરી હતી.

# આવતી કાલે રાંદેર ઝોનમાં સંપૂર્ણપણે પાણી વિતરણ બંધ

## રાંદેર વોટર વર્કસમાં કામગીરીને પગલે પાણી પુરવઠો આપી શકાશે નહીં

સુરત, તા.૨૧

રાંદેર વોટર વર્કસ૪ જોગાણી નગર જળ વિતરણ મથક અને પાલ જળ વિતરણ મથક થી પુરો પાડવામાં આવતો પાણી પુરવઠો તા.૨૨/૦૧/ ૨૦૨૬૪ ગુરૂવારનાં રોજ સંપૂર્ણપણે બંધ રહેવા અંગેની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. રાંદેર ઈન્ટેકવેલ અને રાંદેર વોટર વર્કસ ખાતે DGVCL ધ્વારા R.M.U. લગાવવાની અગત્યની કામગીરી તા.૨૨/૦૧/૨૦૨૬ ગુરુવારના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૫:૩૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર છે. જેના કારણે સુરત મહાનગરપાલિકાનાં નીચે દર્શાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેનાર છે તા.૨૨/૦૧/૨૦૨૬૪ ગુરુવારના રોજ પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેવા બાબત

૧. પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં જહાંગીરપુરા- જહાંગીરાબાદ યોજના અંતર્ગત ઈજીઇ-૬ માંથી બપોરે ૧:૩૦ થી ૬:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે રામા રેસીડેન્સી, રાજ હાર્મની૪ પ્રભુ દર્શન સોસાયટી૪ વીર સાવરકર હાઈટ્સ૪ ભકિત ધર્મ સોસાયટી૪ સ્ટલીગ હાઈટ્સ૪ ઉગત કેનાલ રોડ ચાર રસ્તા થી ઓખા જંકશન સુધીનો સંલગ્ન તમામ વિસ્તાર. ESR-૩ માંથી બપોરે ૨:૩૦ થી ૬:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે સુમન ચંદન૪ બી આર પાર્ક૪ સામર્થ્ય બંગ્લોઝ૪ જાનકી રેસીડેન્સી૪ ઓખા જંકશન થી હજીરા સાયણ રોડ સુધીનો સંલગ્ન તમામ વિસ્તાર.

ESR-૪ માંથી બપોરે ૨:૩૦ થી ૬:૦૦ દરમ્યાન વિભાગીય ધોરણે સાંઇ પૂજન રેસીડેન્સી૪ પટેલ નગર૪ પરાગજી નગર૪ ઈસ્કોન સર્કલથી સરોલી બ્રીજ સુધીનો સંલગ્ન તમામ વિસ્તાર.

૨.પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં પાલ-પાલનપુર યોજના અંતર્ગત ESR- ૨ માંથી સવારે ૯:૦૦ થી ૧૨:૪૫ દરમ્યાન વિભાગીય ધોરણે રોયલ પ્લેટિનમ કોમ્પ્લેકસથી રાજહંસ પ્લેટિનમથી ઓકિડ ઈન્ફનિટી થી નક્ષત્ર એમ્બેસીથી પાલનપુર ગામ સુધીનો સંલગ્ન તમામ વિસ્તાર. ESR-૫ માંથી સવારે ૯:૦૦ થી ૨:૧૫ દરમ્યાન વિભાગીય ધોરણે હામોનિ રેસીડેન્સીથી શ્રીપદ એન્ટલિયા અને પાલ ગામ સુધીનો સંલગ્ન તમામ વિસ્તાર. ESR-૧ & ૩ માંથી બપોરે ૧:૦૦ થી ૬:૩૦ દરમ્યાન વિભાગીય ધોરણે મોનાર્ક થી ગૌરવપથ રોડ૪ પાલ હવેલી થી રાજહંસ કેમ્પસ૪ રાજહંસ કેમ્પસ થી કબૂતર સર્કલ સુધીનો સંલગ્ન તમામ વિસ્તાર.

અનુસંધાન પાના ૭ પર

# જડીબુટ્ટી ઓનલાઇન ખરીદતી વખતે રાખો આવી સાવધાની...

આજના ડિજિટલ યુગમાં જડીબુટ્ટીઓ એટલે કે ઔષધિની ખરીદી અને વેચાણ એક ક્લિકમાં થઇ જાય છે. આજે ભારતની ૫૦ ટકાથી વધુ વસ્તી ઇન્ટરનેટ પર વિહરતી જોવા મળે છે. તેથી બજારમાંથી ખરીદી કરવા કરતાં લોકો આયુર્વેદિક જડીબુટ્ટીઓ વધુ ઓનલાઇન ખરીદવાનું રાખે છે. તે પછી વજન ઘટાડવા માટે જરૂરી જડીબુટ્ટીઓ હોય કે સદીઓ જૂની રોગપ્રતિકારક શક્તિ વધારતી ઔષધિઓ હોય, પરંતુ પ્રશ્ન એ છે કે શું દરેક ઓનલાઇન જડીબુટ્ટી શુદ્ધ અને સલામત હોય છે?

મોટાભાગના નિષ્ણાતોની ચિંતા છે કે નમૂનાઓની ગુણવત્તા જુદી હોય છે અને સામાન્ય રીતે તૈયાર માલ ઓછી ગુણવત્તાવાળા હોય છે. તેથી ઓનલાઇન ખરીદી કરતી વખતે આપણને શુદ્ધ અને સલામત જડીબુટ્ટી મળે તેના માટે કઇ-કઇ વાતોનું ધ્યાન રાખવું જોઇએ તે અંગે ચાલો વિગતે વાત કરીએ.

વિક્રેતાની વિશ્વસનીયતા પર ધ્યાન આપવું

કોઇપણ વેબસાઇટ કે વિક્રેતા દ્વારા કરવામાં આવેલા દાવાઓ પર વિશ્વાસ કરતાં પહેલા તેમનાં પ્રમાણપત્રો, લાઇસન્સ અને અત્યાર સુધીના વેચાણ પર ગ્રાહકોની સમીક્ષા ખાસ વાંચવી જોઇએ. આયુર્વેદિક ડોક્ટર ડો. અનુપમા વર્મા જણાવે છે કે વ્યક્તિએ ફક્ત સ્થાપિત બ્રાન્ડ અથવા આયુર્વેદિક ફાર્મા કંપની પાસેથી જ જડીબુટ્ટીઓ ખરીદવી જોઇએ.

કારણ કે તેમનાં ઉત્પાદનો પર કડક ગુણવત્તા નિયંત્રણ હોય છે. જ્યારે પણ ઓનલાઇન જડીબુટ્ટીઓ ખરીદો છો ત્યારે આ બાબતો પર ખાસ ધ્યાન આપો- જીએમપી (ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ), આઇએસઓ પ્રમાણપત્ર, એફએસએસએઆઇ લિસ્ટિંગ, મૂળ પેઢીનું સરનામું અને ગ્રાહક સપોર્ટ. જો આ માહિતીઓનો કોઇપણ ઉત્પાદનમાં ઉલ્લેખ છે તો તેનો વિક્રેતા કાયદેસર હોવાનું માનવામાં આવે છે.

પ્રમાણિત લેબલ અને લેબલિંગ તપાસ

નીચે મુજબની માહિતી ઔષધિના લેબલ પર આવશ્યક અને સ્પષ્ટ રીતે લખેલી હોવી જોઇએ.

છોડનું વૈજ્ઞાનિક નામ
ઉપયોગની પદ્ધતિ
માત્રા (મોતી, પાવડર, ફર્મેન્ટેશન)
ઉત્પાદન અને સમાપ્તિ તારીખ બેચ/લોટ નંબર
ઉત્પાદકનું નામ અને સરનામું

ઘણીવાર ઉત્પાદનો પર મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે. જેમ કે ૧૦૦ ટકા શુદ્ધ, ત્વરિત પરિણામો આપનાર વગેરે વગેરે. પરંતુ હર્બલ નિષ્ણાંત રણજીત સિંહ કહે છે કે શુદ્ધ ઔષધિના પેકેજિંગ પર વૈજ્ઞાનિક નામ અને સ્ત્રોત સ્પષ્ટપણે લખેલા હોવા જોઇએ. માત્ર ટ્રેડ નામ કે બ્રાન્ડ નામ શુદ્ધતાની ગેરંટી આપતું નથી.



ગ્રાહક સમીક્ષા

ઓનલાઇન શોપિંગના આ યુગમાં જ્યારે પણ ઓનલાઇન ખરીદી કરો છો ત્યારે તે ઉત્પાદન અને વિક્રેતાઓ વિશે ગ્રાહક સમીક્ષાઓ જરૂરથી વાંચવાનું રાખો. ઓનલાઇન પ્લેટફોર્મ પર તમામ રેટિંગ અને રિવ્યુઝ સાથે છેડછાડ કરવાના પ્રયાસો છતાં ગ્રાહક સમીક્ષાઓ હજુ પણ ઉત્પાદનની ગુણવત્તાનો સૌથી મોટો આધાર હોય છે. તેથી કોઇપણ જડીબુટ્ટી અથવા તેનું ઉત્પાદન ખરીદતા પહેલા ગ્રાહક સમીક્ષાઓ વાંચો. તે કેટલી સકારાત્મક અને કેટલી નકારાત્મક છે. વપરાશકર્તાની વાસ્તવિક છબી અથવા તેના ફીડબેક પર ધ્યાન આપો. કોઇ ઉત્પાદન માટે ઉપલબ્ધ સમીક્ષાઓમાંથી ઓછામાં ઓછી ૫૦ ટકા તો વાંચવાનું રાખવું જ જોઇએ. ઘણી વખત ફાઇવ સ્ટાર રેટિંગ છતાં ઓછી સમીક્ષાવાળી વસ્તુ છેતરપિંડી સાબિત થઇ શકે છે.

અહેવાલોની શુદ્ધતા

ક્યારેક ક્યારેક કેટલાક વિક્રેતાઓ દાવો કરે છે કે તેમની ઔષધિઓ પરીક્ષણ કરાયેલ છે. જેમ કે

એચપીએલસી/ટીએલસી/જીસી-એમએસ જેવા પરીક્ષણ
ભારે ધાતુ મુક્ત
માઇક્રોબાયલ ટેસ્ટ પાસ

જો આ પરીક્ષણ અહેવાલો ઉપલબ્ધ છે તો ઉત્પાદનની શુદ્ધતા અને તેની અસરકારકતાની સંભાવના નોંધપાત્ર રીતે વધી જાય છે. કેટલીક ઔષધિઓ બાળકો, સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, ડાયાબિટીસ અથવા હાઇ બ્લડ પ્રેશર પીડિત લોકો માટે યોગ્ય હોતી નથી. જો કે ઘણીવાર કેટલીક બ્રાન્ડ આ માહિતી અથવા સંકેત આપતા હોતા નથી. તેથી નિસર્ગોપચારક નિષ્ણાંત ડો. પ્રિયંકા જોશી કહે છે કે કોઇપણ નવી ઔષધિને ૭ થી ૧૦ દિવસ સુધી ઓછી માત્રામાં લો અને તમારા શરીરની પ્રતિક્રિયાનું અવલોકન કરો.

ઘટકોનો સ્તોત્ર અને ખેતીની પદ્ધતિ

શુદ્ધ ઔષધિનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું તેનો સ્તોત્ર એટલે કે તે ક્યાં અને કેવી રીતે મળી આવે છે તે હોય છે.

શું તે ઓર્ગેનિક ખેતી દ્વારા ઉત્પન્ન થાય છે?
શું તે કુદરતી જંગલોમાંથી એકત્રિત કરવામાં આવે છે?
શું તે સસ્ટેનેબલ હાર્વેસ્ટિંગ એટલે કે પર્યાવરણીય રીતે સુરક્ષિત વાતાવરણમાં ઉગાડવામાં આવી છે?

હકીકતમાં કોઇપણ ઉત્પાદન પર માત્ર ઓર્ગેનિક લખી દેવું પૂરતું હોતું નથી. જો પ્રમાણિત લેબલ હોય તો જ વિશ્વાસ કરવો જોઇએ. જડીબુટ્ટી ઓનલાઇન ખરીદતી વખતે એ વાત પર ધ્યાન આપવું જોઇએ કે તે બજાર ભાવ કરતાં ઓછી કિંમતે વેચાઇ રહી નથી.

જો એમ હોય તો ગડબડ હોઇ શકે છે. કારણ કે નિષ્ણાતો અનુસાર તેમાં ભેળસેળ હોવાની શક્યતા વધુ હોય છે.

આવી ઔષધિઓ દૂષિત હોઇ શકે છે. એટલે કે તેમાં માટી, રેતી અથવા ભારે ધાતુઓ હોઇ શકે છે અને સૌથી અગત્યની વાત કે આવી ઔષધિઓની અસરો ખૂબ જ નબળી હોય છે.

તેથી નિષ્ણાતોનું માનવું છે કે જડીબુટ્ટીઓ ન તો કૃત્રિમ રીતે ઉત્પન્ન થાય છે અને ન તો ઝડપથી ઊગી નીકળે છે. તેની ખેતી અને તેને ઉપયોગ યોગ્ય બનાવવા વચ્ચે ખાસ્સો સમય લાગે છે. તેથી જો કોઇ જડીબુટ્ટી સામાન્ય રીતે બજાર ભાવ કરતાં ઘણી સસ્તી છે તો તે નકલી અથવા અશુદ્ધ હોવાની ભારોભાર શક્યતા હોય છે.

રિફંડ અને રિટર્ન પોલિસી


ઓનલાઇન ખરીદી ઘણીવાર અસંતોષકારક પરિણામો આપે છે. તેથી ઓનલાઇન જડીબુટ્ટીઓ ખરીદતી વખતે નિયમો અને શરતોની સમીક્ષા કરો કે શું તમને તે પસંદ ન આવે કે ગુણવત્તાની કસોટીમાં ખરી ન ઊતરે તો રિફંડ પોલિસી છે કે નહીં. જો છે તો રિટર્ન શરતો શું છે?

ખામીયુક્ત અથવા અસંતુષ્ટ ઉત્પાદનો માટે ગ્રાહક સપોર્ટનો સમય તપાસો. જો કોઇ વિક્રેતા સ્પષ્ટ પોલિસી આપતો નથી તો તેને પ્રાથમિકતા આપશો નહીં.

છેલ્લે એ વાત પર ધ્યાન આપો કે તમામ જડીબુટ્ટીઓ ત્યારે જ ફાયદાકારક હોય છે જ્યારે તેનો ઉપયોગ યોગ્ય માત્રામાં, યોગ્ય સમય પર અને યોગ્ય પદ્ધતિથી કરવામાં આવે.

તેથી હર્બલ ઉત્પાદનના પેકેજિંગ પર માત્રા- દૂધ કે પાણીની સાથે અથવા તેના વિના યોગ્ય સમય એટલે કે સવાર કે સાંજે અને સમયગાળો એટલે કે દિવસ, અઠવાડિયું વગેરે દર્શાવેલા હોવા જોઇએ. જો કોઇ ઉત્પાદનમાં નિષ્ણાતોની આવી સલાહ ન હોય તો તેનું વધુ માત્રામાં સેવન કરવું હાનિકારક સાબિત થઇ શકે છે.





# સ્વાસ્થ્ય સુધા નમણો ચહેરો જોઈતો હોય તો બથુઆની ભાજીનું સેવન કરો!

ઠંડીની મોસમમાં બથુઆની ભાજીને સુપરફૂડ તરીકે ઓળખવામાં આવે છે. બથુઆની લીલીછમ ભાજી સ્વાસ્થ્ય માટે અત્યંત પૌષ્ટિક તથા ફાયદાકારક ગણાય છે. તેમાં સ્વાસ્થ્યવર્ધક અનેક ફાયદા સમાયેલાં છે. શિયાળો શરૂ થાય તેની સાથે મુખ્યત્ત્વે મેથી, પાલક, તાંદળજો, સૂવાની ભાજી કે સરગવાની ભાજીનો ઉપયોગ ગુજરાતી ઘરોમાં વારંવાર થતો હોય છે.

ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશમાં અત્યંત શોખથી ખવાતી બથુઆની ભાજીનો સમાવેશ અચૂક કરવો જોઈએ. બથુઆની ભાજીમાં ફાઈબર, આયર્ન, મેગ્નેશિયમની સાથે વિટામિન એ, વિટામિન સી, વિટામિન કે ની માત્રા ભરપૂર પ્રમાણમાં હોય છે. તેનું સેવન શિયાળામાં કરવાથી ત્વચા નીખરી ઊઠે છે. કેમ કે તે શરીર માટે ઔષધી તરીકે કામ કરે છે. પાચન તંત્રને સુધારવાની સાથે ઍનિમિયા જેવી તકલીફથી રાહત અપાવે છે. તેથી જ તેને ઠંડીની મોસમના સૂપર ફૂડ તરીકે ઓળખવામાં આવે છે. શિયાળામાં બથુઆનું સેવન નિયમિતપણે કરવાથી શરીરને અગણિત લાભ મળી રહે છે.

બથુઆના સેવનથી શરીરની પાચનક્રિયામાં મોટો સુધારો જોવા મળે છે. ગેસ, અપચો, આફરો ચડવા જેવી તકલીફથી રાહત મેળવી શકાય છે. ઠંડીની મોસમમાં બથુઆની ભાજીનું રાયતું કે તેના પરાઠા બનાવીને શોખથી સ્વાદ માણવામાં આવે છે. જો આપે હજી સુધી બથુઆની ભાજીનો સમાવેશ આહારમાં ના કર્યો હોય તો ઝડપથી ઠંડીના દિવસોમાં શરૂ કરવો જોઈએ. જેથી તાજી બથુઆની ભાજીના લાભ આપ મેળવી શકો.

બથુઆની ભાજીના સ્વાસ્થ્યવર્ધક લાભ

એમિનો એસિડથી ભરપૂર : બથુઆની ભાજીમાં એમિનો એસિડનું પ્રમાણ ભરપૂર માત્રામાં સમાયેલું હોય છે. એવું કહેવાય છે કે એમિનો એસિડ સ્વાસ્થ્ય માટે અત્યંત આવશ્યક ગણાય છે. જે શરીરમાં કોશિકાના નિર્માણ, તેની માવજત તથા પ્રોટીન બનાવવામાં મદદ કરે છે. હાડકાં, ત્વચા, વાળ તથા નખની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. શરીરના વિવિધ અંગોને નિયંત્રિત કરવા માટે ઉપયોગી હાર્મોન તથા મગજનું કાર્ય સુચારૂ રીતે કરી શકાય તે માટે ઉપયોગી ન્યૂરોટ્રાન્સમિટર બનાવવામાં મદદ કરે છે.

કેલરીની માત્રા ઓછી : નિષ્ણાત ડાયેટિશયન વારંવાર જણાવતાં હોય છે કે સ્વાસ્થ્ય માટે સજાગ વ્યક્તિઓ કેલરીની માત્રા પ્રમાણભાન રાખીને લેવાનું પસંદ કરતી હોય છે. તેથી જ આપ બથુઆનો સમાવેશ આહારમાં સરળતાથી કરી શકો છો. લીલા તાજા શાકભાજીમાં કેલરી ઘણી ઓછી માત્રામાં સમાયેલી હોય છે. ૧૦૦ ગ્રામ બથુઆમાં લગભગ ૪૩ કેલરીની માત્રા મળે છે.

ફાઈબરથી ભરપૂર : ફાઈબરથી ભરપૂર આહાર લેવાનું ચલણ હવે વધવા લાગ્યું છે. તેનું મુખ્ય કારણ રેસેદાર વસ્તુનો આહારમાં સમાવેશ પાચનતંત્રની ક્રિયા સુધારવામાં મદદ કરે છે. વજનને નિયંત્રિત કરીને કૉલેસ્ટ્રોલ તથા બ્લડ શુગરની માત્રાને ઘટાડવામાં મદદ કરે છે. આંતરડામાં સ્વસ્થ બૅક્ટેરિયાને વધારવામાં મદદ કરે છે. જેને કારણે હૃદય રોગ તેમજ ટાઈપ ૨ ડાયાબિટિસનું જોખમ ઘટે છે. રોગપ્રતિરોધક ક્ષમતા વધે છે. લીલાછમ તાજા બથુઆમાં ફાઈબરની માત્રા ભરપૂર હોય છે તેથી તેનું સેવન નિયમિત રીતે કરવાથી શરીરને ગંભીર બીમારીના જોખમથી બચાવી શકાય છે.

માઈક્રોન્યૂટ્રિઅન્ટસ્થી ભરપૂર : બથુઆની ભાજીમાં કેલ્શિયમ, પોટેશ્યિમ, મેગ્નેશ્યિમની સાથે વિટામિન એ, વિટામિન સી તથા વિટામિન બી-૬ની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. ઉપરોક્ત બધા જ પોષક તત્ત્વો શરીરની કાર્યપ્રણાલીને સુચારૂ રીતે ચલાવવામાં મદદ કરે છે.

લિવર માટે ગુણકારી : બથુઆનું સેવન કરવાથી લિવર સંબંધિત સમસ્યાથી બચી શકાય છે. બથુઆની ભાજીને બ્લડપ્યૂરીફાયર તરીકે ઓળખવામાં આવે છે. જે લિવરને ટોક્સિનથી બચાવીને તંદુરસ્તી બક્ષે છે.

ત્વચા માટે સુપરફૂડ : આયુર્વેદ અનુસાર બથુઆની તાસીર ઠંડી ગણાય છે. પકાવ્યા બાદ તે શરીરનું સમતોલન બનાવવામાં મદદ કરે છે. પિત્તદોષને શાંત કરવાની સાથે લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે. ત્વચા સંબંધિત સમસ્યા જેવી કે ખંજવાળ, સૂકી ત્વચા, કોઈ પ્રકારની ઍલર્જીને કારણે લાલ બની જતી હોય તો તેનો નિકાલ બથુઆની ભાજીના સેવનથી આપ મેળવી શકો છે. તેના નિયમિત સેવનથી ત્વચા ચંદ્રમા જેવી ચળકાટ મારતી બનવા લાગે છે.

ઍનિમિયાની તકલીફમાં ગુણકારી : બથુઆ આયર્નથી ભરપૂર ભાજી ગણાય છે. તેથી ઍનિમિયાની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે અત્યંત લાભકારી ભાજી ગણાય છે. ભાજીનું સેવન કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થવા લાગે છે. લોહીમાં હિમોગ્લોબીનની માત્રામાં વધારો થાય છે. જેને કારણે અકારણ થાક લાગવો કે સ્વભાવ ચીડચીડયો થવા જેવી સમસ્યાથી બચી શકાય છે. બથુઆની ભાજીમાં કૅલ્શિયમ પણ સમાયેલું હોય છે. જે હાડકાંને મજબૂતાઈ બક્ષવામાં મદદ કરે છે. ઠંડીની મોસમમાં હાડકાંમાં કળતર કે હાડકાં જકડાઈ જવાંની તકલીફ વધી જતી હોય છે. તેનાથી બચવું હોય તો બથુઆની ભાજીનું સેવન એક સારો પર્યાય ગણી શકાય. આંખોની રોશનીમાં સુધારો કરે છે : સતત મોબાઈલ, ટેલિવિઝન કે કૉમ્પ્યુટરની સામે બેસવાથી નાની વયમાં ચશ્માં આવેલાં લગભગ ૮૦ ટકા બાળકો ભારતમાં જોવા મળશે. જેનું કારણ તેમની દૃષ્ટિ નબળી પડી ગઈ હોય છે. આંખોની તંદુરસ્તી માટે ઝિંક યુક્ત આહાર આવશ્યક ગણાય છે. ઝિંકની ઊણપ આંખોના તેજ ઉપર નકારાત્મક પ્રભાવ પાડે છે. ઝિંક તથા આયર્ન આંખોની રોશની વધારવામાં ગુણકારી ગણાય છે. બથુઆની ભાજીમાં ઉપરોક્ત બંને ખનીજ સમાયેલાં છે. બથુઆની ભાજીનું સેવન સમગ્ર શરીરની તંદુરસ્તી જાળવી રાખવા માટે અત્યંત ગુણકારી ગણાય છે. જે પૂરક આહાર તથા ઔષધી તરીકે શરીર માટે કામ કરે છે.

## જુદી જુદી બિમારીને ટાળવા માટે સાવધાની જરૂરી બની છે...

# વિટામિન ડીની કમી ખતરનાક રહે છે

ભારતીય મહિલાઓના આરોગ્યને લઈને ફરી એકવાર નવી ચર્ચા છેડાઇ ગઇ છે. આનુ મુખ્ય કારણ હાલમાં જારી કરવામાં આવેલા એક રિપોર્ટના તારણને ગણવામાં આવે છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં કુલ ૭૪ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી રહેલી છે. વિટામિન ડીની કમીના કારણે અનેક પ્રકારની બિમારીઓને આમંત્રણ મળે છે. આ મામલામાં ઉત્તર ભારતમાં રહેતી મહિલાઓની સ્થિતી સૌથી ખરાબ હોવાનુ સપાટી પર હવે આવ્યુ છે. વિટામિન ડી શરીર માટે ખુબ ઉપયોગી છે. આવી સ્થિતીમાં વિટામિન ડીની કમી હોવાની સ્થિતીમાં મહિલાઓને જુદી જુદી તકલીફ થાય છે. જેમાં ઓસ્ટિયોપોરોસિસ, ડાયાબિટીસ, જોડમાં પીડા અને પગમાં સોઝા જેવી બાબતનો સમાવેશ થાય છે. દિલ્હી મેડિકલ એસોસિએશન ના પૂર્વ અધ્યક્ષ અને સિનિયર ફિઝિશિયન ડોક્ટર અનિલ બંસલ કહે છે કે ભારતીય મહિલાઓમાં વિટામિન ડીની કમીનુ મુખ્ય કારણ એ હોય છે કે દેશમાં મોટા ભાગની મહિલાઓ સાડી, સલવાર કુરતા પહેરે છે. જેના કારણે તેમના શરીરવિટામિન ડી બનાવનાર મુખ્ય સ્ત્રોત સુરજની કિરણોને પૂર્ણ રીતે ઢાકી દે છે. હજુ સુધી સ્થાનિક મહિલાઓમાં જ અથવા તો ઘરમાં રહેતી મહિલાઓમાં વધારે પ્રમાણમાં વિટામિન ડીની કમી રહેતી હતી. કારણ કે નોકરી કરતી મહિલાઓ પણ વધારે સમય સુધી ઓફિસમાં રહે છે. જેથી સુર્ય પ્રકાશથી વંચિત રહે છે. જાણકાર



## ઉત્તર ભારતની મહિલાઓની સ્થિતી વધારે ખરાબ રહી છે : કમીના કારણે ડાયાબિટિસ, જોડમાં પીડા, પગમાં સોજા સહિતની તકલીફ

નિષ્ણાંતો કહે છે કે કુદરતી રીતે શરીરમાં વિટામિન ડીની કમીને રોકવા માટે સૌથી શ્રેષ્ઠ સાધન તરીકે સુર્યની રોશની છે. જો સવારે અથવા તો સાંજે આશરે એક કલાક સુધી સુર્યની સામે રહેવામાં આવે તો વિટામિન ડીની કમીથી બચી શકાય છે. વિટાંમિન ડી સપ્લીમેન્ટ પણ લઇ શકાય છે.

વિટામિન ડી ઇન્ડાના પીળા હિસ્સામાં હોય છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામિન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે. આ અછતને દૂર કરવાની બાબત જરૂરી પોષકતત્વોને લઇને જોડાયેલી છે. પોષકતત્વો સાથે અછતને દૂર કરવાથી મોતનો ખતરો ૬૦ ટકા ઘટી જાય છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, હાર્ટ સાથે સંબંધિત રોગ અને વિટામિન ડીની અછત વચ્ચે સીધો સંબંધ છે. આ સંબંધ પણ ખૂબ જ મજબૂત છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના કાર્ડિયોલોજિસ્ટ પ્રોફેસર ડૉ. જેમ્સે કહ્યું છે કે, અપેક્ષા કરતા પણ વધુ નક્કર પુરાવા મળ્યાં છે. વિટામિન ડીની અછત ઘણાં રોગો સાથે સંબંધ ધરાવે છે. દર્દીઓને ધ્યાનમાં લઇને જરૂરી દવાના સૂચન પણ કરવામાં આવ્યાં છે. કાર્ડિયોલોજીસ્ટોનું કહેવું છે કે, વિટામિન ડીની અછત ધરાવતા લોકોમાં ડાયાબિટીસ થવાનો ખતરો બે ગણો રહે છ. આ ઉપરાંત હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો ૪૦ ટકા વધુ રહે છે અને કાર્ડિયો થવાનો ખતરો ૩૦ ટકા વધારે હોય છે. એકંદરે વિટામિન ડીની અછત ધરાવતાં લોકોમાં કોઇપણ કારણસર મૃત્યુનો ખતરો ત્રણ ગણો વધારે છે. અભ્યાસમાં આ બાબત સાબિત થઇ શકી નથી. વિટામીન ડીની અસર શુ થાય છે. અગાઉના સંસોધનોમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, મોટાભાગના અમેરિકનોના શરીરમાં પુરતા પ્રમાણમાં વિટામિન ડીની સપાટી નથી. નવેસરના નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫થી ૫૭ ટકા પુખ્ત વયના લોડોમાં ડીનું અપુરતુ પ્રમાણ છે. અન્ય અભ્યાસ સુચવે છે કે, વિટામિન ડીની અછત ઘાતક છે. વિટામીન ડીની અછતથી ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસથી આ બાબત સાબિત થઇ ચુકી છે. વિટામીન ડીના પ્રમાણને વધારવા પોષકતત્વો બજારમાં ઉપલબ્ધ છે. જેમાં ઓઇલી ફિશ, ઈંડા અને દૂધ પેદાશોનો સમાવેશ થાય છે. સૂર્ય પ્રકાશથી પણ વિટામીન ડી મેળવી શકાય છે. ઓછામાંઓછા ૨૦મિનિટ સુધી સૂર્ય પ્રકાશમાં ગરમીની સિઝનમાં રહીને વિટામીન ડી મેળવી શકાય છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, સૂર્યમાંથી વિટામીન ડી ઉપલબ્ધ થાય છે. આશરે ૯૦ ટકા વિટામીન ડી સૂર્યમાંથી જ મળે છે. આશરે ૧૦ટકા વિટામીન ડી ખાદ્ય ચીજવસ્તુઓમાંથી મળે છે.



## તંત્રી લેખ...-

**બુધવાર, તા. ૨૧ જાન્યુઆરી ૨૦૨૬**

# ટ્રમ્પનું ગાઝા પીસ બોર્ડ : થોભો અને રાહ જુઓ

૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ડોનાલ્ડ ટ્રમ્પનો અમેરિકાના પ્રમુખ તરીકેનો બીજો કાર્યકાળ શરૂ થયો અને એક વર્ષમાં તેમની નોબેલ શાંતિ પુરસ્કાર મેળવવાની ઘેલછા કોઈનાથી છૂપી નથી. એક તરફ, વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખને તેમની ધરતી પરથી ઊંચકી અમેરિકા લઈ આવવાનું પગલું ભર્યા બાદ ગ્રીનલૅન્ડને યેનકેન પ્રકારેણ સેરવી લેવા થનગની રહ્યા છે. તો બીજી તરફ, ગાઝાની મદદ કરવા માટેના બોર્ડ ઑફ પીસની રચના કરી છે અને ભારત ઉપરાંત ૬૦ અન્ય દેશોને તેમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. ગયા વર્ષે નવેમ્બરમાં યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલની બેઠકમાં ગાઝા માટેની શાંતિ યોજના વિશેના ઠરાવ પર ચીન અને રશિયા સિવાય બધા જ દેશોની સહમતી હતી. ભારત પહેલેથી જ આ ઈઝરાયલ-ગાઝા મુદ્દે દ્વિ-રાષ્ટ્ર ઉકેલનું સમર્થક રહ્યું છે. આવામાં, ટ્રમ્પે ભારતને આપેલું આમંત્રણ પશ્ચિમ એશિયામાં ભારતના વજન અને વર્ચસની મહત્તા દર્શાવે છે. જોકે, ટ્રમ્પના વડપણ હેઠળના આ બોર્ડમાં જોડાતા પહેલાં ભારતે પોતાનાં વિકલ્પો, સિદ્ધાંતો અને હિતોનું ધ્યાન રાખવાનું રહેશે, કેમ કે ટ્રમ્પની નીતિઓ વિસંગત અને અસ્થિર રહી છે. એક તરફ, યુનાઈટેડ નેશન્સ સંબંધિત ત્રણ અને કુલ ૬૬ વૈશ્વિક સંસ્થાઓમાંથી અમેરિકાએ હાથ ખેંચી લીધો છે અને બીજી બાજુ, ગાઝા શાંતિ માટેના મંડળની સ્થાપના કરી રહ્યા છે.ટ્રમ્પે ગાઝા પીસ બોર્ડનો પ્રસ્તાવ અમેરિકાના પ્રેસિડન્ટની રુએ મૂક્યો છે, આથી આ મંડળમાં તેમનો શબ્દ અંતિમ રહેશે એવું જણાય છે. વળી, આ બોર્ડના આશયની ભાષા અસ્પષ્ટ છે અને ટ્રમ્પ ક્યારે કઈ બાબતમાં ઊંબાડિયું કરશે, એ કહી શકાય એમ નથી. ત્રણ વર્ષ માટે આ બોર્ડમાં સભ્યપદ મેળવવા એક બિલિયન ડૉલર જેવી રકમ ફી તરીકે ભરવાની છે. ધારો કે, ગ્રીનલૅન્ડ મુદ્દે યુરોપ સાથે અમેરિકાનું ફટક્યું તો? અને ઈરાનમાં હસ્તક્ષેપ કરી ખોમૈનીની સત્તા ઊથલાવવાનો નિર્ણય વાશિંગ્ટન લે તો? ગાઝામાં શાંતિ એક કોરાણે રહી જશે. વળી, શાંતિ પ્રક્રિયામાં વાટાઘાટો, સહમતી અને ધીરજની જરૂર હોય છે. ટ્રમ્પની લાખ દુઃખોં કી એક દવા-ટેરિફ અને ધમકી-ચીમકીની ભાષાનો અભિગમ આ જરૂરિયાતથી તદ્દન વિપરીત છે. આથી, ભારત માટે આગળ જતાં તંગ દોર પર ચાલવા જેવી સ્થિતિ સર્જાવાની છે. ટેરિફની લટકતી તલવારની અનિશ્ચિતતાને કારણે ભારતે પોતાનાં હિતોને રક્ષવા માટે ધીરજ અને ચપળતા બન્ને રાખવી પડશે. પશ્ચિમ એશિયામાં મહત્ત્વના સાબિત થઈ શકે એવા મંડળમાં ભારતની હાજરી હોય એ જરૂરી છે એ સાથે જ રાષ્ટ્ર હિતને આકાર આપતાં સિદ્ધાંતો અને સ્વાયત્તતા સાથે પણ બાંધછોડ નહીં કરવાનો અભિગમ જાળવી રાખી સંતુલન સાધવાનું રહેશે. ટ્રમ્પની પ્રેસિડન્સીનાં ત્રણ વર્ષ હજી બાકી છે, પણ એ સાથે જ ચાલુ વર્ષે નવેમ્બર મહિનામાં મધ્યસત્ર ચૂંટણીઓમાં તેમની આણ પણ ઘરઆંગણે કસોટીની એરણ પર હશે. આવામાં, નવી દિલ્હી માટે વાશિંગ્ટનની નજીક રહેવાની વ્યૂહરચના જ કારગત નીવડશે એવું જણાય છે.

**ટ્રમ્પે ગાઝા પીસ બોર્ડનો પ્રસ્તાવ અમેરિકાના પ્રેસિડન્ટની રુએ મૂક્યો છે, આથી આ મંડળમાં તેમનો શબ્દ અંતિમ રહેશે એવું જણાય છે. વળી, આ બોર્ડના આશયની ભાષા અસ્પષ્ટ છે અને ટ્રમ્પ ક્યારે કઈ બાબતમાં ઊંબાડિયું કરશે,**

# ચાંદીનો ચળકાટ આંખ આંજે છે

ચાંદીમાં ખરેખર ચાંદી થઈ ગઈ છે. છેલ્લા કેટલાય દિવસથી સતત ઊંચા જઈ રહેલા ચાંદીના ભાવ આખરે સોમવારે કિલોદીઠ ત્રણ લાખ રૂપિયાને પાર કરી ગયા છે. ગયા વર્ષના છેલ્લા મહિનામાં સિલ્વરનો દર પોણા બે લાખથી અઢી લાખની રેન્જમાં અથડાતો રહ્યો હતો અને ઈશુના નવા વર્ષનાં ત્રણ અઠવાડિયાંમાં સંક્રાંતિના કાળમાં ક્રાંતિ કરતા ત્રીસ ટકાની વૃદ્ધિ સાથે ત્રણ લાખના સીમાચિહ્નને આંબી ગયો છે. સોનાની વધતી કિંમતોને કારણે રોકાણકારો ચાંદી તરફ વળ્યા છે, તો સૌરઊર્જા, ઈલેક્ટ્રોનિક વેહિકલ્સ અને મોબાઈલ-કૉમ્પ્યુટર અને મુખ્યત્વે તો બૅટરીઝમાં સિલ્વરના ઉપયોગને પગલે વધેલી માગ દરોમાં ઊર્ધ્વગતિનું કારણ બન્યાં છે. ચાંદીની માગમાં અડધોઅડધ ઉછાળો તેના ઔદ્યોગિક ઉપયોગને આભારી છે અને અપેક્ષા એવી છે કે, આગામી સમયમાં સાડા ત્રણ લાખના ઑલટાઈમ હાઈ સુધી આ ચળકતી ધાતુ પહોંચી જશે.

ભારતમાં ચાંદીનું ઉત્પાદન ઓછું હોવાને કારણે આપણે આયાત પર નિર્ભર છીએ. મૅક્સિકો, ચિલી, બોલિવિયા, આર્જેન્ટિના તથા પેરુ જેવા લેટિન અમેરિકન દેશો ચાંદીનાં ઉત્પાદનમાં મોખરે છે, પણ હાલ યુએસએના બદલાતા તેવર અને આ દેશોનાં કુદરતી સંસાધનો પર જગત જમાદાર સમા દેશનો ડોળો હોવાથી ચાંદીનું ઉત્પાદન દબાણ હેઠળ છે. વળી, રશિયા-યુક્રેન ઉપરાંત ઈરાનમાં અનિશ્ચિતતા, ચીન-તાઈવાન સંઘર્ષ ઉપરાંત અમેરિકાની ટેરિફ અંધાધૂંધીને કારણે વૈશ્વિક અર્થતંત્ર દબાણ હેઠળ છે. અનિશ્ચિતતાના આવા કાળમાં રોકાણકારો સોનાને સુરક્ષિત ગણે છે અને તેમાં રોકાણ વધારે છે, પરંતુ સોનામાં પણ તેજીને કારણે ચાંદી પર પસંદગીનો કળશ ઢોળાતો હોવાનું જોવા મળે છે. વળી, ઉત્પાદન કરતાં ચાંદીની માગ વધુ હોવાને કારણે પણ ભાવ વધી રહ્યા છે. ઑક્ટોબર, ૨૦૨૪માં ચાંદી કિલોદીઠ એક લાખ પર પહોંચી હતી અને ત્યાંથી બે લાખના આંકડા સુધી પહોંચતાં ૧૪ મહિના લાગ્યા હતા, ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ આ સીમાચિહ્ન વટાવ્યા બાદ એક મહિનાથી થોડા વધુ સમયમાં ત્રણ લાખને પાર પહોંચી ગઈ છે. એમ તો ચાંદીમાં એકાએક કડાકો બોલવાનો ભય પણ છે. જોકે, પરિબળો અને પરિસ્થિતિ જોતાં હાલ તુરત તો આમાં કોઈ ફેરફાર થાય એવી શક્યતાઓ ઓછી જણાય છે.

**ભારતમાં ચાંદીનું ઉત્પાદન ઓછું હોવાને કારણે આપણે આયાત પર નિર્ભર છીએ. મૅક્સિકો, ચિલી, બોલિવિયા, આર્જેન્ટિના તથા પેરુ જેવા લેટિન અમેરિકન દેશો ચાંદીનાં ઉત્પાદનમાં મોખરે છે, પણ હાલ યુએસએના બદલાતા તેવર અને આ દેશોનાં કુદરતી સંસાધનો પર જગત જમાદાર સમા દેશનો ડોળો હોવાથી ચાંદીનું ઉત્પાદન દબાણ હેઠળ છે.**

**પોતે સતત માનસિક તણવામાં રહે છે પણ અપર્ણાને તેની કંઈ પડી જ નથી.**

# મુલાયમ પરિવારની યાદવાસ્થળી

## અપર્ણા યાદવ પરિવારમાં સ્વીકૃત ના બની તેનું કારણ એ છે કે, અપર્ણા યાદવ નહીં પણ ઠાકુર છે.

બિહારના લાલુપ્રસાદના પરિવારની યાદવાસ્થળી ચાલુ જ છે ત્યાં હવે ઉત્તર પ્રદેશના સૌથી મોટા યાદવ પરિવાર એવા મુલાયમસિંહના પરિવારનો ભવાડો બહાર આવ્યો છે. મુલાયમસિંહ યાદવનાં પુત્ર પ્રતીક યાદવે પોતાની પત્ની અપર્ણા યાદવને સોશ્યલ મીડિયા પર ગાળો ભાંડીને તેને ડિવોર્સ આપી દેવાનું એલાન કરી દીધું છે. મુલાયમના નાના દીકરા અને અખિલેશના સાવકા ભાઈ પ્રતીક યાદવનાં પત્ની અપર્ણા યાદવ ૨૦૨૨થી ભાજપમાં છે. પ્રતીકે આક્ષેપ મૂક્યો છે કે, અપર્ણાના કારણે તેના પારિવારિક સંબંધો બરબાદ થઈ ગયા છે. પોતે સતત માનસિક તણવામાં રહે છે પણ અપર્ણાને તેની કંઈ પડી જ નથી. અપર્ણાને પોતાના સિવાય કોઈની પરવા નથી, અપર્ણાને સત્તા અને નામના સિવાય બીજું કશું જોઈતું નથી. પ્રતીકે અપર્ણાને તેની જિંદગીમાં જોયેલી સૌથી ખરાબ વ્યક્તિ ગણાવીને તેની સાથે પોતે લગ્ન કર્યાં તેનો અફસોસ પણ વ્યક્ત કર્યો છે અને પોતે શકય એટલી ઝડપથી અપર્ણાને છૂટી કરી દેશે એવું પણ પ્રતીકે જાહેર કર્યું છે. અપર્ણાએ પ્રતીકની પોસ્ટનો કોઈ જવાબ આપ્યો નથી પણ મીડિયા અને સોશ્યલ મીડિયામાં આ મુદ્દો ગાજવા માંડ્યો છે. એક તરફ મુલાયમ યાદવના પરિવારની કરમકુંડળી ખોલીને તેની ચોવટ શરૂ થઈ ગઈ છે તો બીજી તરફ પ્રતીકને પુરુષવાદી માનિસકતા ધરાવતો રૂઢિચુસ્ત ગણાવવાથી માંડીને ભાજપ લોકોનાં ઘર ભંગાવે છે ત્યાં સુધીની કોમેન્ટ્સ થઈ રહી છે. સાવ ભૂલાઈ ગયેલાં અપર્ણા-પ્રતીક પણ લાઈમલાઈટમાં આવી ગયાં છે. આ લાઈમલાઈટ ક્યાં સુધી રહેશે તેનો આધાર પ્રતીક અને અપર્ણા પર છે. અપર્ણા યાદવ કે પ્રતીક બંનેમાંથી કોઈ એક મીડિયા સામે આવીને આપવિતી કહેવાનું ચાલુ રાખશે તો આ મુદ્દો વધારે ચગશે. બાકી બે-ચાર દિવસમાં આખું તોફાન શાંત થઈ જશે. અપર્ણા સમજદારી બતાવીને કંઈ ના બોલે ન એકલો પ્રતીક લવારા કર્યા કરે તો પણ લોકો અઠવાડિયામાં થાકી જશે તેથી વાત ઓલવાઈ જશે પણ અપર્ણા મોં ખોલીને બળતામાં ઘી હોમે તો વધારે ભડકો થશે તેથી અત્યારે સૌની નજર અપર્ણા પર છે. તીક અને અપર્ણા લાંબા સમયથી અજ્ઞાતવાસમાં હતાં ને અચાનક ડિવોર્સની વાત આવી તેથી લોકોને આંચકો લાગ્યો છે પણ આ ઘટનાક્રમે પ્રતીકને નબળા મનનો માણસ સાબિત કર્યો છે. અપર્ણાની રાજકીય મહત્ત્વાકાંક્ષા નવી વાત છે જ નહીં અને તેના કારણે અપર્ણા અને અખિલેશ યાદવ વચ્ચે તો બહુ પહેલાં જ અંટસ પડી ગયેલી. આ અંટસના લીધે અપર્ણા ૨૦૨૨માં સમાજવાદી પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ એ વખતે પ્રતીક અપર્ણાની સાથે રહેલો. પ્રતીકને એ વખતે એમ હશે કે, અપર્ણાને ભાજપમાં તક મળશે ને તેની રાજકીય કારકિર્દી બની જશે તેથી પોતાને અખિલેશ કે બીજા કોઈની જરૂર પડવાની નથી. આ વાતને ત્રણ વર્ષ થયાં ને અત્યારે અપર્ણાનો કોઈ ભાવ પણ પૂછતું નથી. આ કારણે પ્રતીકને અત્યારે ના ઘરના ના ઘાટના જેવી લાગણી થઈ રહી હશે કેમ કે અપર્ણાને સાથ આપવાના શૂરાતનમાં અખિલેશ યાદવ સાથેના સંબધો બગડી ગયા ને અપર્ણાએ ભાજપમાં એવું કાઠું કાઢ્યું નથી કે જેનાથી પોતે આપેલો ભોગ લેખે લાગ્યો હોય એવું લાગે. બીજો કોઈ માણસ હોય તો રાહ જુએ પણ તેના બદલે પ્રતીક ઢીલો પડી ગયો તેના પરથી સ્પષ્ટ છે કે પ્રતીકમાં માનસિક રીત મજબૂત નથી. મજાની વાત એ છે કે, પત્નીને સાથ આપવાના બદલે એ પરિવાર સાથેના સંબધો બગડી ગયા તેનાં રોદણાં રડવા બેસી ગયો છે પણ યાદવ પરિવાર વાસ્તવમાં તેનો છે જ નહીં. પ્રતીક અને અપર્ણા ભલે મુલાયમ પરિવારમાંથી હોય પણ અખિલેશ સાથે તેમને સીધો સંબધ નથી કેમ કે પ્રતીક અખિલેશનો સગો ભાઈ કે મુલાયમસિંહનો સગો દીકરો નથી. પ્રતીક યાદવ સાથે અખિલેશ કે મુલાયમ બંનેમાંથી કોઈને લોહીનો સંબધ નથી. પ્રતીકનાં માતા સાધના ગુપ્તા મુલાયમની બીજી પત્ની હતાં. મુલાયમે માલતી દેવી સાથે પહેલાં લગ્ન કરેલાં. અખિલેશ માલતી દેવીનો પુત્ર છે અને માલતી દેવી યાદવ હતાં તેથી મુલાયમ યાદવનો રાજકીય વારસ બન્યો . ૧૯૮૦ના દાયકામાં મુલાયમ સાધના દેવીમાં લપટાયા ને છાનામાના પરણી ગયેલા. સાધનાનાં પણ આ બીજાં લગ્ન હતાં. સાધના ગુપ્તાનાં પહેલાં લગ્ન ચંદ્રપ્રકાશ ગુપ્તા સાથે થયેલાં ને આ લગ્નથી પ્રતીક જન્મ્યો હતો. સાધનાએ ચંદ્રપ્રકાશને ડિવોર્સ આપી મુલાયમ સાથે લગ્ન કર્યાં પછી પ્રતીકના પિતા તરીકે મુલાયમનું નામ લખાય છે પણ પ્રતીકને મુલાયમ સાથે લોહીનો સંબંધ નથી. પોતાની માતા મુલાયમને પરણી એટલે પ્રતીક મુલાયમનો સાવકો પુત્ર બન્યો છે. આ લગ્નના કારણે પ્રતીક મુલાયમ પરિવારમાં ભલે આવી ગયો પણ અખિલેશની જેમ મુલાયમના સાચા વારસ તરીકે સ્થાપિત થઈ શક્યો નથી. અપર્ણા પોતાની રાજકીય કારકિર્દી બનાવવા માગતી હતી ત્યારે આ જ કારણે યાદવ પરિવારમાંથી તેને કોઈનો સાથ નહોતો મળ્યો કેમ કે યાદવ પરિવારમાં અખિલેશ જ મુલાયમના વારસ તરીકે સ્વીકૃત છે. અપર્ણા યાદવ પરિવારમાં સ્વીકૃત ના બની તેનું કારણ એ છે કે, અપર્ણા યાદવ નહીં પણ ઠાકુર છે. અપર્ણાનું મૂળ નામ અપર્ણાસિંહ બિસ્ત છે. અપર્ણાના પિતા અરવિદ સિંહ બિશ્ત વરસોથી લખનઊમાં એક ટોચના અંગ્રેજી અખબારના બ્યૂરો ચીફ છે. પ્રતીક-અપર્ણા સ્કૂલમાં ભણતાં ત્યારે બંને પ્રેમમાં પડ્યાં પછી પ્રતીકે પોતાની મા સાધના સાથે અપર્ણાનો પરિચય કરાવ્યો અને પોતાની ઓળખ આપી ત્યારે અપર્ણાને આઘાત લાગી ગયેલો. અપર્ણાએ પરિવારને પ્રતીક વિશે કશું નહોતું કહ્યું. મુલાયમે ૨૦૦૭માં સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કરીને સાધના સાથેનાં લગ્ન સ્વીકાર્યાં પછી અપર્ણાએ પોતાના પરિવારને પ્રતીક વિશે જણાવેલું.અરવિંદસિંહ દીકરીની લવ સ્ટોરી સાંભળીને ભડકી ગયેલા ને પ્રતીક-અપર્ણાના મિલન પર પ્રતિબંધ મૂકી દીધેલો. બિસ્તે પછી અપર્ણાને ભણવા માટે યુ.કે. મોકલી દીધી. પ્રતીક પણ ભણવા યુ.કે. ઉપડી ગયો ને લવ સ્ટોરી આગળ ચાલી. વિદેશમાં બંને સાથે જ રહેતાં તેથી એટલાં આગળ વધી ગયેલાં કે તેમના સંબંધોને સ્વીકાર્યા વિના કોઈનો છૂટકો જ નહોતો તેથી લગ્ન કરાવી દીધાં પણ અપર્ણાને યાદવ પરિવારમાં મરતબો નથી મળ્યો. તેના કારણે જ સમસ્યા થઈ ને અપર્ણાએ બગાવત કરી નાંખેલી.

મુલાયમ જીવતા હતા ત્યાં સુધી તેમણે બંને ભાઈને સાથે રાખવા મથામણ કરેલી પણ હવે મુલાયમ પણ નથી ને સાધના પણ નથી તેથી પ્રતીકે પત્નિ કે પરિવાર બેમાંથી કોઈની પસંદગી કરવી પડે એવી હાલત થઈ ગઈ છે. અખિલેશ સત્તામાં નથી પણ તેનો દબદબો છે જ્યારે અપર્ણા અત્યારે નૉબડી છે તેથી પ્રતીકને ડિવોર્સ લેવાનો વિચાર આવી ગયો હોય એ શક્ય છે.

**રેકોર્ડ સારો કહેવાય પણ નબીનની સફળતામાં તેમના પિતાએ રળેલી રાજકીય મૂડીનો મોટો ફાળો છે**

# બારમું ભણેલા ભાજપના બારમા પ્રમુખ, નબીનને ભક્તિ ફળી

- **ખાલી સાહેબોની અમીનજર રહે એટલે બસ છે. આ રીતે નડ્ડાએ ચાર વરસ ખેંચી કાઢ્યાં ને નબીન તો આ કામમાં તેમના કરતાં વધારે માહિર છે તેથી બે ટર્મ પણ ખેંચી કાઢે તો નવાઈ નહી.**

અંતે નીતિન નબીન ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બની જતાં ભાજપને લગભગ દોઢ વર્ષ પછી પૂર્ણ સમયના રાષ્ટ્રીય પ્રમુખ મળ્યા. જે.પી. નડ્ડા લોકસભાની ચૂંટણી પછી મોદી સરકારમાં મંત્રી બન્યા ત્યારથી કેન્દ્રમાં મંત્રીપદ અને ભાજપનું પ્રમુખપદ એમ બે ઘોડે સવારી કરી રહ્યા હતા. નીતિન નબીન પ્રમુખ બનતાં હવે નડ્ડાનો એક ઘોડો છૂટી ગયો છે. હવે નડ્ડા ફુલ ટાઈમ કેન્દ્રીય મંત્રીપદ ભોગવી શકશે ને પક્ષની જવાબદારી નીતિન નબીન સંભાળશે. મૂળ ઝારખંડના રાંચીમાં જન્મેલા નીતિન નબીન માત્ર ૪૬ વર્ષના છે તેથી ભાજપના ઈતિહાસમાં સૌથી યુવા રાષ્ટ્રીય પ્રમુખ બન્યા છે. આ પહેલાં અમિત શાહ ૪૯ વર્ષની ઉંમરે ભાજપન રાષ્ટ્રીય પ્રમુખ બનેલા. નબીને તેમનો રેકોર્ડ તોડીને ભાજપના ૧૨મા રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ધૂરા સંભાળી છે. યોગાનુયોગ નબીન બારમા સુધી જ ભણેલા છે. જે પક્ષના પ્રમુખપદે અટલ બિહારી વાજપેયી અને ડો. મુરલી મનોહર જોશી જેવા વિચારકો બેઠેલા એ પક્ષના પ્રમુખપદે બારમું ધોરણ ભણેલી વ્યક્તિ બેસે એ લોકશાહીની બલિહારી છે. નીતિન નબીનની રાજકીય કારકિર્દી યશસ્વી છે તેનો સ્વીકાર કરવો પડે. ૪૫ વર્ષની ઉંમરમાં તો નબીન પાંચ વાર ધારાસભ્યપદે ચૂંટાઈ ચૂક્યા છે. ૨૦૦૬મા પહેલી વાર પટણા પશ્ર્ચિમ વિધાનસભા બેઠક પરથી પેટાચૂંટણી જીતીને ધારાસભ્ય બનનારા નીતિન એ પછી બાંકીપુર વિધાનસભા બેઠક પરથી સળંગ ચાર વાર ધારાસભ્યપદે ચૂંટાયા છે. બિહારની નીતિન સરકારમાં મંત્રી રહી ચૂકેલા નબીન ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી અને બિહાર પ્રમુખ રહી ચૂક્યા છે. નીતિન કદી ચૂંટણી હાર્યા નથી એ જોતાં તેમનો રેકોર્ડ સારો કહેવાય પણ નબીનની સફળતામાં તેમના પિતાએ રળેલી રાજકીય મૂડીનો મોટો ફાળો છે એ પણ સ્વીકારવું પડે. નબિનના પિતા નબીન કિશોર પ્રસાદ સિંહા બિહારના દિગ્ગજ કાયસ્થ નેતા હતા. જયપ્રકાશ નારાયણ બિહારની સરકાર સામે છેડેલા ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનમાંથી લાલુ પ્રસાદ યાદવ. નીતિશ કુમાર, શરદ યાદવ સહિતના વિદ્યાર્થી નેતાઓ ઊભા થયા ને બિહારના રાજકારણમાં છવાયા. નબીન કિશોર પણ તેમાંથી એક હતા ને કટોકટી વખતે જેલમાં પણ ગયેલા. લાલુ, નીતિશ વગેરે સમાજવાદનો ડોળ કરીને ઝડપથી આગળ આવી ગયા. જ્ઞાતિનાં સમીકરણો પણ તેમને ફળ્યાં જ્યારે નબીન કિશોરને રાજકીય કારકિર્દી જમાવતાં વાર લાગી. જો કે નબિન કિશોરે જમાવી ત્યારે એવી રાજકીય કારકિર્દી જમાવી કે પછી કોઈ તેમને હલાવી જ ન શક્યું. નબીન કિશોર ૧૯૯૫થી સળંગ ચાર વાર બિહારની પટણા પશ્ર્ચિમ વિધાનસભા બેઠક પરથી ચૂંટાયા હતા. બિહારમાં અત્યારે ભાજપે રાજકીય મજબૂરીના કારણે નીતિશ કુમારને મુખ્યમંત્રી તરીકે સ્વીકારવા પડ્યા છે, બાકી ભાજપ સૌથી મોટો પક્ષ છે. ૧૯૯૦ના દાયકામાં બિહારમાં લાલુ પ્રસાદ યાદવનું એકહથ્થું શાસન હતું. એ વખતે ભાજપના ગણ્યાગાંઠ્યા નેતા સળંગ ચૂંટાતા હતા. નબીન કિશોર તેમાંથી એક હતા. તેના પરથી જ તેમનો રાજકીય પ્રભાવ કેવો હશે તેનો અંદાજ લગાવી લેજો. ૨૦૦૬માં નબીન કિશોર ગુજરી ગયા ત્યારે નીતિન નબીનને પટણા પશ્ચિમ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપે ટિકિટ આપેલી ને નીતિન સહાનુભૂતિના મોજાં પર સરળતાથી જીતી ગયા હતા. માત્ર બારમા ધોરણ સુધી ભણેલા નીતિને ત્યાં સુધી રાજકીય રીતે કોઈ ચમાકાર નહોતા બતાવ્યા કે બીજી કોઈ ઊડીને આંખે વળગે એવી લાયકાત નહોતી પણ પિતાની રાજકીય મૂડીના જોરે એ ધારાસભ્ય બની ગયેલા. નીતિન નબીન એ રીતે વંશવાદી રાજકારણની પેદાશ છે. ભાજપ પોતે કરે એ લીલા ને બીજાં કરે એ છિનાળું એ માનસિકતામાં માને છે તેથી નબીનને વંશવાદી રાજકારણની પેદાશ નહીં ગણે એ અલગ વાત છે. નબીન કિશોરને મોદીભક્તિ પણ ફળી છે. નબીન ૨૦૦૬થી ધારાસભ્ય હતા પણ કોઈ ભાવ નહોતું પૂછતું. ૨૦૧૭ના માર્ચમાં નબીને કૉંગ્રેસના ધારાસભ્ય અબ્દુલ જલીલ મસ્તાન સામે રાજદ્રોહનો કેસ કર્યો ને મોદીની નજરમાં વસી ગયા. મોદીએ ૨૦૧૬ના નવેમ્બરમાં નોટબંધી દાખલ કરી ત્યારે કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી જેવો ઘાટ થઈ ગયેલો. આખા દેશમાં અંધાધૂંધી ને અરાજકતાનો માહોલ હતો ત્યારે મસ્તાને નોટબંધી વિરોધી રેલીમાં લવારો કરેલો કે, મોદીની તસવીર પર જૂતાં મારવાં જોઈએ. બિહારમાં એ વખતે નીતિશ કુમાર લાલુ પ્રસાદ યાદવના ખોળામાં બેઠા હતા. કૉંગ્રેસ અને આરજેડીનું જોડાણ હતું તેથી મસ્તાન મંત્રી બનેલા. છ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા મસ્તાન બિહારના રાજકારણના દિગ્ગજ મુસ્લિમ નેતા ગણાતા હતા. નબીને મસ્તાનના નિવેદનને કોમી સદભાવના બગાડનારું ગણાવીને કેસ કર્યો તેમાં લાઈમલાઈટમાં આવી ગયા. તાત્કાલિક તેમને બિહાર ભાજપ યુવા મોરચાના પ્રમુખ બનાવી દેવાયા ને પછી રાષ્ટ્રીય સ્તરે લઈ જવાયા. નીતિશ લાલુને છોડીને ફરી ભાજપ સાથે નાતરું કર્યું ત્યારે નબીનને મંત્રીપદ પણ અપાયેલું. ડિસેમ્બરમાં ભાજપના કાર્યકારી પ્રમુખ બનાવાયા ત્યાં લગી નબીન નીતિશ કુમાર સરકારમાં મંત્રી હતા. બિહારમાં કાયસ્થો મુઠ્ઠીભર છે અને મતબેંકની રીતે બહુ મહત્ત્વના નથી છતાં નબીન મોટા નેતા બની ગયા એ મોદીભક્તિનો પ્રતાપ છે. નબીન પ્રમુખ બન્યા પછી થયેલી ભાષણબાજીમાં નબીન ભાજપના બોસ છે અને બીજા બધા તેમના હાથ નીચે કામ કરતા કાર્યકરો છે એવી વાતો થઈ. ભાજપમાં હવે એકદમ યુવા રાષ્ટ્રીય પ્રમુખ બન્યા છે તેથી નવો યુગ શરૂ થયો છે એવા દાવા પણ કરાય છે. મોદીએ પણ નબીન પોતાના બોસ હોવાનું કહ્યું પણ આ બધી કોરી વાતો છે. વાસ્તવમાં નડ્ડા ગયા ને નબીન આવ્યા તેનાથી ભાજપમાં કોઈ ફર્ક પડવાનો નથી. ભાજપ જાહેરમાં લોકશાહી રીતે કામ કરતી પાર્ટી હોવાના દાવા થાય છે પણ વાસ્તવમાં ભાજપમાં પ્રમુખ સહિતના હોદ્દા શોભાના ગાંઠિયા જેવા છે કેમ કે અસલી શો તો નરેન્દ્ર મોદી અને અમિત શાહ ચલાવે છે. સંગઠનમાં બેઠેલા લોકોએ તો મોડિફાઈડ કારકુન બનીને તેમનો પડ્યા બોલ ઝીલવાના હોય છે. ભારત લોકશાહી દેશ છે અને રાજકીય પક્ષોએ લોકશાહીને અનુસરતા હોવાનું સાબિત કરવા માટે સંગઠનની ચૂંટણીઓ કરવા સહિતનાં નાટકો કરવાં પડે છે પણ ભાજપ કૉંગ્રેસ કે બીજા પક્ષોથી અલગ નથી. કૉંગ્રેસ સહિતના પક્ષોમાં વંશવાદની બોલબાલા છે તો ભાજપમાં ચાપલૂસીની બોલબાલા છે. આ સંજોગોમાં નબીન ગમે તેટલા સક્ષમ નેતા હોય તો પણ તેમની પાસે કરવા જેવું કશું છે જ નહી.

**અદાલતે પ્રાધ્યાપકોની આવી ખાલી જગ્યાઓ ચાર મહિનામાં ભરવા માટેનો આદેશ કર્યો છે.**

# દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રાધ્યાપકો નિમવા સુપ્રીમ આદેશ

- **યુનિવર્સિટી પણ સર્વોચ્ચ અદાલતના આદેશના અમલ માટે કમર કસી રહી છે. ઉલ્લેખનીય છે કે, નવી શિક્ષણનીતિનો અમલ પાંચ વર્ષ અગાઉ થયો છે અને તેમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોની સંખ્યાના પ્રમાણ પર ખાસ ભાર મુકાયો છે**

એક તરફ ભારતે દુનિયાને જ્ઞાનનો માર્ગ આપવા કમર કસી છે, ત્યારે વક્રતા એ છે કે, દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રાધ્યાપકોની જગ્યાઓ ચિંતાજન રીતે ખાલી છે. હવે સર્વોચ્ચ અદાલતને આ મામલામાં દરમ્યનાગીરી કરવાની ફરજ પડી છે. અદાલતે પ્રાધ્યાપકોની આવી ખાલી જગ્યાઓ ચાર મહિનામાં ભરવા માટેનો આદેશ કર્યો છે. સર્વોચ્ચ અદાલતના આ આદેશ બાદ એવી આશા રાખી શકાય કે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ખાલી પડેલી આ મહત્ત્વની જગ્યાઓ ભરવાનો માર્ગ હવે મોકળો બનશે. પ્રાધ્યાપકોની ખાલી જગ્યાનો મુદ્દો સરકારી અને ખાનગી ક્ષેત્રની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને પણ લાગુ પડે છે, પણ સરકારોએ આ ગંભીર મુદ્દે આંખ આડા કાન કર્યા બાદ ન્યાયતંત્રને દરમ્યાનગીરી કરવાની ફરજ પડી હોવાનો મુદ્દો પણ એટલો જ મહત્ત્વનો છે. અત્યારે હાલત એવી ખરાબ છે કે, સંખ્યાબંધ યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પ્રાધ્યાપકોની ખાલી જગ્યાઓની સમસ્યાનો લાંબા સમયથી સામનો



કરી રહ્યા છે. જે રીતે સર્વોચ્ચ અદાલતને આ મામલામાં દરમ્યાનગીરી કરવાની ફરજ પડી છે તે બતાવે છે કે, કેન્દ્ર કે રાજ્યોના શિક્ષણ વિભાગો આ મામલે જોઈએ એવા ગંભીર નથી. પ્રાધ્યાપકોની જગ્યાઓ તો લાંબા સમયથી ખાલી છે, અમુક યુનિવર્સિટીઓમાં કુલપતિની જગ્યાઓ પણ ખાલી છે, જેના પરિણામે આ સંસ્થાઓના વહીવટ પર પણ અવળી અસર પડી રહી છે. સામે આવેલા આંકડા મુજબ બિહારમાં યુનિવર્સિટીઓમાં પ્રાધ્યાપકોની ચાર હજાર જગ્યા ખાલી છે. હરિયાણાની અમુક યુનિવર્સિટીઓમાં આઠેક વર્ષથી પ્રોફેસર, એસોસીએટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસરની કોઈ ભરતી જ થઈ નથી. પરિણામે આવી લગભગ ૬૦ ટકા જગ્યાઓ હાલે ખાલી પડી છે. મધ્યપ્રદેશમાં ૧૯ સરકારી યુનિવર્સિટીમાંથી ૧૫માં પ્રાધ્યાપકોની ૭૦ ટકા જગ્યાઓ ખાલી પડી છે. આવી હાલત અન્ય રાજ્યોની પણ છે. ગુજરાતને લાગે વળગે છે ત્યારે આ વિકસિત રાજ્યનું ઉચ્ચ શિક્ષણ માળખું ખાલી જગ્યાઓની સમસ્યાનો સમાનો કરી રહ્યંઅ છે. કચ્છ

યુનિવર્સિટી પણ સર્વોચ્ચ અદાલતના આદેશના અમલ માટે કમર કસી રહી છે. ઉલ્લેખનીય છે કે, નવી શિક્ષણનીતિનો અમલ પાંચ વર્ષ અગાઉ થયો છે અને તેમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોની સંખ્યાના પ્રમાણ પર ખાસ ભાર મુકાયો છે, પણ કમભાગ્યે પાંચ વર્ષથી સ્થિતિ વધુ ને વધુ બદતર બની છે. આની સાથોસાથ શિક્ષણ સંસ્થાઓમાં વહીવટી કર્મીઓની જગ્યાઓ ભરવાની પણ તસ્દી લેવાતી નથી. આમ સરવાળે દેશમાં ઉચ્ચ શિક્ષણનું માળખું નબળું પડી રહ્યંઅ છે. આજે દેશમાં ઉચ્ચ શિક્ષણની અનિવાર્યતા અને માંગ સતત વધી રહી છે, ત્યારે આવી ચોંકાવનારી સ્થિતિને સર્વોચ્ચ અદાલતના આદેશથી બદલી શકાય એવી આશા રાખી શકાય. આવનારા ચાર મહિના બાદ આદેશની અસરની સમીક્ષામાં કેવું ચિત્ર સામે આવે છે, તેના પર શિક્ષણશાસ્ત્રીઓની નજર છે.

# શ્રી શ્રી રવિ શંકરના આશ્રમમાં રહીને હું મારી જાતથી વધુ નજીક આવ્યો : વિક્રાંત મેસી



વિક્રાંત મેસી તેની આવનારી ફિલ્મ વ્હાઇટમાં શ્રી શ્રી રવિ શંકરની ભૂમિકા કરશે તે અંગેના અહેવાલો આવતા રહ્યા છે. તાજેતરના અહેવાલો અનુસાર તે આ રોલની તૈયારી માટે શ્રી શ્રી રવિશંકરના આશ્રમમાં પણ રહ્યો હતો. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં તેણે આ દરમિયાન પોતાનામાં અનુભવેલા વ્યક્તિગત અને વ્યાવસાયિક પરિવર્તન વિશે વાત કરી હતી.

વિક્રાંત મેસીએ આવનારી ફિલ્મ વ્હાઇટ માટે પોતાની તૈયારી અંગે વાત કરતાં ખુલાસો કર્યો કે આધ્યાત્મિક ગુરુ સાથે વિતાવેલા સમયથી તેનામાં ઘણું પરિવર્તન આવ્યું છે, એક અભિનેતા તરીકે પણ અને એક વ્યક્તિ તરીકે પણ. તેના કહેવા મુજબ, આ પ્રક્રિયામાં અભિનયની જરૂરિયાતો સાથે વ્યક્તિગત આત્મચિંતન અને વિકાસની ક્ષણોનો પણ તેણે અનુભવ કર્યો છે.

૧૨ ફેલ માટે રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યા બાદ, મેસીએ આ રોલની તૈયારી દરમિયાન શ્રી શ્રી રવિ શંકર સાથે સીધી મુલાકાતના અનુભવ વિશે પણ વાત કરી હતી. તેણે આશ્રમમાં અને શ્રી શ્રી રવિ શંકરની સાથે લાંબો સમય વિતાવવાના પ્રભાવ વિશે વિગતે વાત કરતા કહ્યું, “તેમના આશ્રમમાં અને તેમની સાથે સમય વિતાવતા હું પોતાનાથી વધુ નજીક આવ્યો. વ્હાઇટના નિર્માતા મહાવીર જૈન જી મને તેમની મુલાકાત માટે લઈ ગયા હતા. આ પ્રોજેક્ટ મારફતે મને તેમની નજીક જવાની અને તેમને મળવાની તક મળી અને મને ખૂબ આનંદ છે.”

તેણે આગળ ઉમેર્યું, “તેમના કારણે હું મારી જિંદગીમાં થોડી સ્થિરતા લાવી શક્યો છું અને તેનો મારા પર વ્યક્તિગત રીતે ઘણી અસર થઈ છે. તેમનું પાત્ર ભજવવું ખૂબ પડકારજનક હતું કારણ કે તેઓ અત્યંત અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ એવા વ્યક્તિ છે જેમની કોઈ બ્લ્યુપ્રિન્ટ નથી. તેઓ પોતે જ એકમાત્ર છે. તેથી ઘણી તૈયારી કરવી પડે છે.”

વિક્રાંતે સમજાવ્યું કે શ્રી શ્રી રવિ શંકરની ભૂમિકા નિભાવવા માટે માત્ર અવલોકન પૂરતું નહોતું, પરંતુ ઊંડું આત્મમંથન પણ જરૂરી હતું. તેમણે એવી વ્યક્તિને સાચી રીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો, જેનો રોલ ાજ સુધી કોઈએ કર્યો નથી કે એ પ્રકારનો રોલ પણ કોઈએ કર્યો નથી. જેના કારણે આ પાત્ર અને તેના અભિનચના પડકારો પણ અલગ હતા.

ફિલ્મની પ્રક્રિયા અંગે વાત કરતા મેસીએ જણાવ્યું કે આ પાત્ર માટે ચોક્કસ જવાબદારીઓ સાથે કામ કરવાનું હોવાથી સેટ પર લાંબા દિવસો પસાર કરવા પડ્યા. તેણે શેર કર્યું કે દરરોજના શૂટ શરૂ કરતા પહેલા તેને ઘણીવાર પાંચ કલાકથી વધુ સમય સુધી પ્રોસ્થેટિક્સ લગાવવાની પ્રક્રિયા કરવી પડતી હતી, ત્યારબાદ દસ કલાકથી વધુ સમય સુધી શૂટિંગ ચાલતું હતું.

શ્રી શ્રી રવિ શંકરના તેની એક્ટિંગ અંગેના પ્રતિક્સાદ વિશે પૂછતાં મેસીએ કહ્યું, “ફિલ્મ સૌથી પહેલા તેઓ જ જોશે. ફિલ્મ વિશે તેઓ શું કહેશે તેને લઈને હું થોડો ગભરાયેલો છું. મેં તેમને કેટલીક ક્લિપિંગ્સ બતાવી છે અને તેમણે કંઈ કહ્યું નથીપ એટલે બધું ઠીક છે. યોગ્ય લૂક મેળવવા માટે ઘણું પ્રોસ્સ્થેટિક્સ કામ કરવું પડયુ છે. મેકઅપ અને વાળ માટે મને ૫ થી ૫.૩૦ કલાક થતા હતા અને તેના ઉપરથી અમે ૧૦ કલાકથી વધુ સમય સુધી શૂટ કર્યું. હું પ્રાર્થના કરું છું કે મહેનત રંગ લાવે.”

# અર્જુન મારી જિંદગીનો અભિન્ન હિસ્સો છે : મલાઇકા



## મલાઇકા અરોરાએ અર્જુન કપૂર સાથેના બ્રેકઅપ બાદની જિંદગી વિશે વાત કરી

મલાઈકા અરોરા અને અર્જુન કપૂરે થોડા વર્ષો સુધી ડેટિંગ કર્યા બાદ ૨૦૨૪માં તેઓ અલગ થઈગયાં હતાં. તેમના બ્રેકઅપ છતાં, બંને જાહેર મંચ પર એકબીજા સાથે પ્રેમ અને સન્માનપુર્ણ સંબંધ જાળવી રહ્યાં છે.

મલાઈકા અરોરા અને અર્જુન કપૂરે જ્યારે પોતાની રિલેશનશિપને ઈન્સ્ટા-ઓફિશિયલ બનાવી ત્યારે તેઓ બી-ટાઉનનાં સૌથી હોટ કપલ ગણાતાં હતાં. જોકે, આ સાથે તેમને ટ્રોલિંગ અને નકારાત્મક કમેન્ટ્સનો પણ સામનો કરવો પડ્યો હતો. કમનસીબ વર્ષો સુધી ડેટિંગ કર્યા બાદ બંનેના રસ્તા અલગ થઈ ગયાં. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં મલાઈકાએ જણાવ્યું કે ભલે તેઓ અલગ થઈ ગયા હોય, અર્જુન હંમેશાં તેની જિંદગીનો અભિન્ન હિસ્સો રહેશે.

મલાઈકા અરોરાએ તાજેતરમાં એક્ટર અર્જુન કપૂર સાથેનાં બ્રેકઅપ બાદની જિંદગી વિશે વાત કરી. આ તબક્કા અંગે વાત કરતાં, મોડલ-પરફોર્મર મલાઈકાએ જણાવ્યું, “એ એવો વ્યક્તિ છે જે મારા માટે ખૂબ જ મહત્વનો છે અને મારી જિંદગીનો એક અભિન્ન હિસ્સો છે. ગમે તેમ હોય.”

મલાઈકાએ જણાવ્યું કે ગુસ્સો અને દુઃખ જીવનના કોઈ ખાસ તબક્કામાં હોય છે. “આપણે બધાં માણસ છીએ, અને ગુસ્સો, દુઃખ, નિરાશા જેવા તબક્કાઓમાંથી પસાર થવું સ્વાભાવિક છે,” અને ઉમેર્યું કે સમય સાથે વ્યક્તિ સવસ્થ થતી જાય છે.

અરોરાએ એ પણ સ્પષ્ટ કર્યું કે તે પોતાના ભૂતકાળમાં અટકી રહેવા માંગતી નથી અને ભવિષ્યમાં શું આવશે તે અંગે કંઈ ખુલાસો કરવા ઈચ્છતી નથી. તેમણે જણાવ્યું કે તેમની ભૂતકાળની રિલેશનશિપ્સ હંમેશાં ચર્ચામાં રહી છે. “એક સમયે મારે એવું કહેવું પડ્યું હતું કે મારી જિંદગી માત્ર મારી વ્યક્તિગત જિંદગી પૂરતી સીમિત નથી. એ બધું ખૂબ વધારે ચર્ચાનું કેન્દ્ર બનતું જઈ રહ્યું હતું,”

મલાઈકાએ આગળ જણાવ્યું કે મનોરંજન ઉદ્યોગના પ્રખ્યાત લોકો સાથેના તેના સંબંધોના કારણે લોકો ઘણી વખત એ ભૂલી જાય છે કે તેની ઓળખ માત્ર તેના સંબંધોથી વધારે છે. તેમ છતાં, મલાઈકા હાલ એવા તબક્કે છે જ્યાં તેને કંઈ સાબિત કરવાની જરૂર નથી. “મારે એવી વસ્તુઓ કરવી છે જે મને ખુશી આપે અને હું ઈચ્છું છું કે લોકો એ જુએ.”

મલાઈકા અને અર્જુન પરસ્પર સન્માન સાથે અલગ થયાં હતાં. એક સુત્રે આ અંગે કહ્યું હતું, “તેમણે અલગ થવાનો નિર્ણય લીધો છે અને આ મામલે ગૌરવભર્યું મૌન જાળવી રાખશે. તેઓ કોઈને પણ તેમના સંબંધને ખેંચી-તાણીને ચર્ચાનો વિષય બનાવવાની મંજૂરી નહીં આપે.”

# રૂ.૩૪ કરોડના હીરાની છેતરપિંડીના કેસમાં વિવેક ઓબેરોય ફસાયો

## મુંબઈ પોલીસની ઇકોનોમિક ઓફેન્સ વિંગમાં ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાઈ



મુંબઈ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ(ઈઓડબ્લ્યુ) રૂપિયા ૩૪.૭૫ કરોડ રૂપિયાની હીરાની છેતરપિંડીના મામલમાં એફઆઈઆર નોંધી છે. આ એફઆઈઆર ક્યુપિડ ડાયમંડ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર દ્વારા નોંધાવવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ફરિયાદમાં સતીશ દર્યાનાની, રિકી વસંદાની અને બૉલીવુડ ફિલ્મોના અભિનેતા વિવેક ઓબેરોયના નામો સામેલ છે.

ક્યુપિડ ડાયમંડ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટરનો આક્ષેપ છે કે આરોપીઓએ ષડયંત્ર રચીને કેટલાય વર્ષો સુધી આયોજનબદ્ધ રીતે છેતરપિંડી કરી હતી. ફરિયાદ અનુસાર, હીરા છેતરપિંડીનું આ સમગ્ર ષડયંત્ર વર્ષ ૨૦૨૧થી સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન રચાયું હતું. શરૂઆતમાં આરોપીઓએ વેપારી પાસેથી ઓછી માત્રામાં હીરા ખરીદ્યા અને સમયસર ચૂકવણી કરી, જેથી બજારમાં તેમની વિશ્વસનીયતા ઊભી થઈ. જ્યારે વિશ્વાસ સ્થાપિત થઈ ગયો, ત્યારબાદ આરોપીઓએ વેપારીને તેમની કંપની ‘સોલિટિયર ડાયમંડ્સ’ના દુબઈમાં આવનારા આઈપીઓમાં ૨૫ ટકા શેર આપવાની લાલચ આપી. આ લાલચમાં આવીને વેપારીએ મોટી માત્રામાં મોંઘા હીરા આપ્યા. તેના બદલામાં આરોપીઓએ પોસ્ટ-ડેટેડ ચેક આપ્યા, પરંતુ ચુકવણીનો સમય આવતા પેમેન્ટ રોકી દેવામાં આવી અને તમામ ચેક બાઉન્સ થઈ ગયા.લીસ તપાસમાંથી વધુ એક ગંભીર ખુલાસો થયો કે, આરોપીઓએ ફરિયાદીની કંપનીના બીજા ડિરેક્ટર(મિલન શાહ)ની નકલી સહી કરી હતી. સાથે જ કંપનીના ખોટા લોગો અને સિક્કાનો દુરુપયોગ કરીને નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા.

# ફિટનેસ મંત્ર : અક્ષયથી લઈને કરીના સુધીના સ્ટાર્સ રાત્રે વહેલાં જમીને સૂઈ જવાનું પસંદ કરે છે



બોલિવૂડ સ્ટાર્સની ચમકતી ત્વચા અને શાનદાર ફિટનેસનું રહસ્ય માત્ર યોગ્ય ડાયેટ જ નહીં, પણ જમવાના ચોક્કસ સમયમાં છુપાયેલું છે. તાજેતરમાં અનેક ટોચના કલાકારોએ ખુલાસો કર્યો છે કે તેઓ સાંજે સૂર્યાસ્ત પહેલા અથવા રાત્રે વહેલાં ભોજન લેવાનું પસંદ કરે છે. પાચન સુધારવામાં, સારી ઊંઘ અને મેટાબોલિક હેલ્થ માટે આ આદત વરદાન સાબિત થઈ રહી છે.

**શિસ્તબદ્ધ જીવનશૈલી, સાંજે ૭ પહેલાં ભોજન**

ફિટનેસ આઈકોન અક્ષય કુમાર વર્ષોથી શિસ્તબદ્ધ જીવનશૈલી માટે જાણીતો છે. તે સાંજે ૬:૩૦ વાગ્યા સુધીમાં ભોજન કરી લે છે. અક્ષયના જણાવ્યા અનુસાર, “જો તમે ૬:૩૦એ જમી લો છો, તો ૯-૧૦ વાગ્યે સૂતી વખતે તમારું પેટ સંપૂર્ણપણે હળવું થઈ જાય છે અને પાચનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય છે.”

**મોનેસ્ટિક લાઈફ**

કરીના કપૂરે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે કોવિડ-૧૯ પછી તેણે પોતાની જીવનશૈલીમાં મોટો ફેરફાર કર્યો છે. કરીના સાંજે ૬ વાગ્યા સુધીમાં ભોજન કરી લે છે અને રાત્રે ૯:૩૦ સુધીમાં સુઈ જાય છે. તે આ રૂટિનને ‘મોનેસ્ટિક’ (સાધુ જેવું શિસ્તબદ્ધ) ગણાવે છે, જે તેને સવારે વહેલા ઉઠી વર્કઆઉટ કરવામાં મદદરૂપ બને છે.

**પુત્રી સાથે તાલમેલ**

અનુષ્કા શર્માએ જણાવ્યું કે પુત્રી વામિકાના જન્મ પછી તેના જમવાના સમયમાં સકારાત્મક ફેરફાર આવ્યો છે. અનુષ્કા સાંજે ૫:૩૦ થી ૬ વાગ્યાની વચ્ચે રાત્રિભોજન પૂરું કરી લે છે. વહેલા જમવાથી તેની ઊંઘની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે અને તે વધુ સ્ફૂર્તિ અનુભવે છે. જેના કારણે વર્ક અને પર્સનલ લાઈફમાં ગુણવત્તા જળવાઈ રહે છે.


**સમયસર ભોજન જરૂરી**

યોગ ક્વીન શિલ્પા શેટ્ટી માટે જમવાનો સમય તેના ડાયેટ જેટલો જ મહત્વનો છે. શિલ્પા જણાવે છે કે, “જો મારે કોઈ સોશિયલ ગેધરિંગ કે પાર્ટીમાં જવાનું હોય, તો પણ હું રાત્રે ૭:૩૦ પહેલા જમી લઉં છું.” શિલ્પાના મતે સમયસર ભોજન અને સમયસરની ઊંઘ ફિટ રહેવા માટે પાયાની જરૂરિયાત છે. આ બંને પાસા જીવનમાં અનિવાર્ય છે.

### આમિરને રાહુ-કેતુ નડીઃ સ્ટાર પાવર પણ કામ ના આવ્યો!

# આમિર ખાનની ફિલ્મ ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’ ચોથા દિવસે જ લથડી

## વીકએન્ડ દરમિયાન થિએટરોમાં બે નવી કોમેડી



ફિલ્મોએ દર્શકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે. એક તરફ સ્ટેન્ડ-અપ કોમેડિયન અને અભિનેતા વીર દાસની ફિલ્મ ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’ રિલીઝ થઈ, જ્યારે બીજી તરફ ‘ફુકરે’ ફેમ પુલકિત સમ્રાટ અને વરુણ શર્માની ફિલ્મ ‘રાહુ કેતુ’એ થિયેટરોમાં એન્ટ્રી કરી છે.

હાલ થિયેટરોમાં આ બંને ફિલ્મો લાઈટ કોમેડી સાથે ઈન્ટેન્સ ડ્રામાનું મિશ્રણ રજૂ કરી રહી છે. બંને ફિલ્મો ૧૬ જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી અને શરૂઆતથી જ બોક્સ ઓફિસ પર સીધી ટક્કર જોવા મળી. જોકે, વીકએન્ડ પૂરું થતાં સ્પષ્ટ થયું કે બંને ફિલ્મોની કમાણી લગભગ સરખી રહેશે, પરંતુ નાની સરસાઈ સાથે હાલ ‘રાહુ કેતુ’ આગળ છે. ત્રણ દિવસમાં બંને ફિલ્મોએ મળીને ચાર કરોડ રૂપિયાથી વધુનો વ્યવહાર કર્યો છે.

આમિર ખાનના પ્રોડક્શનમાં બનેલી ફિલ્મ ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’એ બોક્સ ઓફિસ પર ધીમી શરૂઆત કરી છે. ફિલ્મે પ્રથમ દિવસે ૧.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી. બીજા દિવસે દર્શકોની સંખ્યામાં થોડો વધારો થયો અને અંદાજે ૧.૬૦ કરોડ રૂપિયા વસૂલ્યા. જોકે ત્રીજા દિવસે, એટલે કે રવિવારે, ફિલ્મની કમાણી થોડી ધીમી પડી અને તે માત્ર ૧.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી શકી. આ રીતે ત્રણ દિવસમાં ફિલ્મનું કુલ બોક્સ ઓફિસ કલેકશન આશરે ૪.૩૫ કરોડ રૂપિયા થયું.

ફિલ્મ એક એવા પાત્રની કહાની રજૂ કરે છે, જે પરિસ્થિતિઓના કારણે ખતરનાક જાસૂસ બની જાય છે. ફિલ્મમાં કોમેડી સાથે હળવી એક્શન અને ઈમોશન જોવા મળે છે.

બીજી તરફ, પુલકિત સમ્રાટ અને વરુણ શર્માની ફિલ્મ ‘રાહુ કેતુ’એ બોક્સ ઓફિસ પર થોડી વધુ મજબૂત પકડ બનાવી છે. ફિલ્મે પહેલા દિવસે ૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા દિવસે દર્શકોમાં ઉત્સાહ વધતાં કલેકશન ૧.૬૫ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું. રવિવારે પણ ફિલ્મે સારી એવી કમાણી કરી અને અંદાજે ૧.૭૫ કરોડ રૂપિયાનું કલેક્શન થયું. આ રીતે ત્રણ દિવસમાં ‘રાહુ કેતુ’એ કુલ ૪.૪૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે.ફિલ્મમાં પુલકિત સમ્રાટ અને વરુણ શર્માની કોમેડી-જોડીને ફરી એકવાર મોટા પડદે જોવા મળી રહી છે. આ જોડીની ફિલ્મો દર્શકોએ અગાઉ પણ ખૂબ પસંદ આવી હતી.

# પ્રભાસની રાજા સાબ ૧૦મા દિવસે બોક્સ ઓફિસ પર હાંફી ગઈ



પ્રભાસની ફિલ્મ ‘ધ રાજા સાબ’ લાંબા સમયથી ચર્ચામાં હતી અને દર્શકોને ફિલ્મ પાસેથી મોટી અપેક્ષાઓ હતી. જોકે, બોક્સ ઓફિસ પર ફિલ્મ અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શકી નથી. મારુતિના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મે ધીમી ગતિથી આગળ વધતાં રિલીઝના ૧૦ દિવસ બાદ વિશ્વભરમાં ૨૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે, પરંતુ પ્રભાસની અગાઉની ફ્લોપ ફિલ્મોની તુલનામાં પણ ‘ધ રાજા સાબ’ની કમાણીની ગતિ નબળી રહી છે.

‘ધ રાજા સાબ’ ૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ હતી. રિલીઝ પહેલા ફિલ્મને લઈને ભારે હાઈપ ઊભો થયો હતો અને દર્શકો તેને જોવા આતુર હતા. પરંતુ ફિલ્મ રિલીઝ થયા બાદ દર્શકોની અપેક્ષાઓ તૂટી જતી દેખાઈ. ફિલ્મની ઓપનિંગ ધીમી રહી અને ત્યારબાદની કમાણીમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ શકી નથી.

પ્રભાસની અગાઉની ફિલ્મ ‘આદિપુરુષ’ ભલે ફ્લોપ સાબિત થઈ હોય, પરંતુ તેના બોક્સ ઓફિસ પરના આંકડા ‘ધ રાજા સાબ’ કરતા વધુ સારા રહ્યા હતા. ‘આદિપુરુષ’એ રિલીઝના ૧૦ દિવસમાં ૨૭૫.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જ્યારે ‘ધ રાજા સાબ’ તેની તુલનામાં ઘણી પાછળ રહી ગઈ છે. સૅકનિલ્કના રિપોર્ટ મુજબ, ‘ધ રાજા સાબ’એ રિલીઝના ૧૦મા દિવસે માત્ર ૨.૨૬ કરોડ રૂપિયાનું કલેકશન કર્યું હતું. સામાન્ય રીતે વીકએન્ડ દરમિયાન ફિલ્મોની કમાણીમાં વધારો જોવા મળે છે, પરંતુ આ ફિલ્મ વીકેન્ડનો લાભ ઉઠાવી શકી નથી. અત્યાર સુધીમાં ફિલ્મે દેશભરમાં કુલ ૧૩૯.૨૫ કરોડ રૂપિયાનું કલેકશન કર્યું છે.

# ડૂમ્સડે પહેલા MCUએ ૬ ફિલ્મોની યાદ અપાવી

## ડિસેમ્બર ૨૦૨૬માં રિલીઝ થનારી એવેન્જર્સ ડૂમ્સ ડેની વાર્તા માણવા આગળની ફિલ્મો જોવી જરૂરી




ડિઝનીએ માર્વેલ સિનેમેટિક યુનિવર્સની છ ફિલ્મો અને સ્ટ્રીમિંગ સિરીઝની યાદી જાહેર કરી છે, જેને આવનારી એવેન્જર્સ ડૂમ્સ ડે સમજવા માટે જોવી મહત્વની છે. આ ફિલ્મ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ યાદી તાજેતરમાં રિલીઝ કરાયેલા એક પ્રમોશનલ વિડિયોમાં અગાઉની સ્ક્રેં ફિલ્મ્સના દ્રશ્યો સામેલ કરવામાં આવ્યા છે અને દર્શકોને એવા તાજેતરના પ્રોજેક્ટ્સ તરફ દોરી જાય છે, જે આગામી એન્સેમ્બલ ફિલ્મની વાર્તાના સંદર્ભો પૂરા પાડે છે.

આ પ્લેટફોર્મના વૉચલિસ્ટ સાથે માર્વેલ સ્ટુડિયોઝ ફ્રેન્ચાઇઝને એક નવા યુગમાં લઈ જવાની તૈયારી કરી રહ્યું છે. એવેન્જર્સ ડૂમ્સ ડેને સ્ક્રેંના વિકસતા મલ્ટિવર્સમાં ચાલી રહેલી વાર્તાઓનો અંત માનવામાં આવે છે. વિડિયોમાં ડિઝનીએ ઈન્ફિનિટી સાગા તેમજ એન્ડગેમ પછીના પ્રોજેક્ટ્સના દ્રશ્યો સામેલ કર્યા છે, જે આગામી મોટા ક્રોસઓવર ઈવેન્ટ તરફ જતી ફિલ્મોની સફરના જૂના અને નવા બંને પાત્રોના મહત્ત્વને દર્શાવે છે.

ટીઝરમાં એક ખાસ ક્ષણ દરમિયાન આ ડાયલોગ સાંભળવા મળે છે, “ધ વિલ શેલ બી કેરીડ ઓન” અને “૨૦૨૬માં એવેન્જર્સ એક સાથે પાછા ફરશે” જે ચોક્કસ પસંદ કરાયેલા કન્ટેન્ટના મહત્ત્વને દર્શાવે છે અને આ વર્ષના અંતે થનારી ફિલ્મની રિલીઝ માટે ઉત્સુકતા વધારે છે.છ હાઈલાઈટ કરાયેલા ટાઈટલ્સમાં લોકી પણ સામેલ છે, જે ડિઝનીની સિરીઝ છે અને તેમાં ટોમ હિડલસ્ટન દ્વારા અભિનિત ગોડ ઑફ મિસચીફના સાહસોને દર્શાવવામાં આવ્યા છે. આ સિરીઝ ૨૦૨૧થી ૨૦૨૩ વચ્ચે પ્રસારિત થઈ હતી અને તેમાં લોકીને મલ્ટિવર્સ સાથે જોડાયેલી નવી જવાબદારીઓ સાથે એક કેન્દ્રિય પાત્ર તરીકે સ્થાપિત કરવામાં આવ્યો છે. ખાસ કરીને ગોડ ઓફ સ્ટોરીઝ તરીકે તેની નવી ભૂમિકા ધ્યાનમાં રાખીને લોકીના નિર્ણયોના પરિણામો એવેન્જર્સ ડૂમ્સ ડેની સ્ટોરી સાથે સીધી રીતે જોડાવાની સંભાવના છેફેન્ટાસ્ટિક ફોરઃ ફર્સ્ટ સ્ટેપ્સને પણ એક મહત્વપૂર્ણ એન્ટ્રી પોઈન્ટ તરીકે દર્શાવવામાં આવ્યું છે, જે ૨૦ સેન્ચુરી ફોક્સથી અલગ થયા પછી પહેલી વખત માર્વેલ ફેમિલીમાં જોડાયા છે. ફિલ્મના અંતમાં ફ્રેન્કલિન રિચર્ડ્સ અને ડોક્ટર ડૂમના સમાવેશ થતો બતાવીને આવનારી એવેન્જર્સ ટીમ-અપ માટેના મહત્વપૂર્ણ ઘટનાક્રમનો સંકેત આપે છે, એમ સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે.કેપ્ટન અમેરિકા :બ્રેવ ન્યુ વર્લ્ડને પણ ખાસ મહત્વ આપવામાં આવ્યું છે, જેમાં સેમ વિલ્સનને એવેન્જર્સના નવા લીડર તરીકે આગળ વધતો દર્શાવવામાં આવ્યો છે.

# ભારતીય ટીમનું રીયુનિયન : અગરકર, કૈફ, અને સેહવાગ, નેહરા અને યુવરાજ એક સાથે સાથે જોવા મળ્યા; જૂના દિવસોની યાદો તાજી કરી



યુવરાજ સિંહ, આશિષ નેહરા, વીરેન્દ્ર સેહવાગ, મોહમ્મદ કૈફ અને અજિત અગરકર જેવા ભૂતપૂર્વ ભારતીય ખેલાડીઓ તાજેતરમાં સાથે જોવા મળ્યા હતા, જેનાથી ભારતીય ક્રિકેટ ચાહકોને જૂના દિવસોની યાદો તાજી થઈ ગઈ.અજિત અગરકર, મોહમ્મદ કૈફ, વીરેન્દ્ર સેહવાગ અને યુવરાજ સિંહ ૨૦૦૦ ના દાયકાની શરૂઆતના ભારતીય ટીમના આ સ્ટાર ખેલાડીઓ ક્રિકેટ ચાહકોને તેમના ભૂતકાળમાં પાછા લઈ જાય છે.આજે, તેઓ બધા અલગ અલગ ભૂમિકાઓ ભજવે છે. અજિત અગરકર હાલમાં પુરુષ સિનિયર રાષ્ટ્રીય ટીમના મુખ્ય પસંદગીકાર છે. આ ભૂતપૂર્વ ભારતીય ખેલાડીઓનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે.જેમાં તેઓ સાથે સેલ્ફી લેતા જોવા મળી રહ્યા છે. ભૂતપૂર્વ ખેલાડી સ્વર્ગસ્થ બિશન સિંહ બેદીના પુત્ર અંગદ બેદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર યુવરાજ, કૈફ, સેહવાગ, અગરકર અને આશિષ નેહરા સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટર ગૌરવ કપૂર સાથે પોઝ આપતા ફોટા શેર કર્યા છે.બેદીએ આવા ઘણા ફોટા શેર કર્યા છે જેમાં યુવરાજ તેના જૂના સાથી ખેલાડીઓ સાથે સેલ્ફી લેતા જોવા મળે છે. બેદીએ ફોટા શેર કર્યા અને કેપ્શન લખ્યું, "ધ બોયઝ ક્લબ.''

# 'વર્લ્ડ કપ બાદ જીવન બદલાયું, લોકો મહિલા ક્રિકેટરોને ઓળખતા થયા'

## પંડ્યા-કોહલી GGની ખેલાડીઓના રોલ મોડલ, અનુષ્કાએ કહ્યું- રજત પાટીદારે બેટિંગમાં ખૂબ મદદ કરી



વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ની મેચો હાલ વડોદરામાં ચાલી રહી છે, ત્યારે ગુજરાત જાયન્ટ્સ(GG) ટીમ પણ વડોદરાની મહેમાન બની છે. ગઈકાલે(૨૦ જાન્યુઆરીએ) ટીમના કેપ્ટન એશ્લે ગાર્ડનર કેપ્ટન પ્લેયર સોફી ડિવાઈન, રેણુકા ઠાકુર, અનુષ્કા શર્મા, કાશ્વી ગૌતમ, ?ભારતી ફુલમાલી, હેડ કોચ માઈકલ ક્લિંગર, ફિલ્ડિંગ કોચ સારાહ ટેલર અને બોલિંગ કોચ પ્રવિણ તાંબેએ મીડિયા સાથે વાત કરી હતી અને આગામી મેચો જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાત જાયન્ટ્સ ટીમની બોલર રેણુકા ઠાકુરે જણાવ્યું હતું કે, વર્લ્ડ કપ બાદ જીવન બદલાયું, લોકો મહિલા ક્રિકેટરોને ઓળખતા થયા. હવે દરેક પ્લેયરને રિસ્પેક્ટ મળે છે અને લોકો સામેથી આવીને અભિનંદન આપે છે.

ઓલરાઉન્ડર અનુષ્કા શર્માએ કહ્યું, મારા સૌથી પહેલા રોલ મોડલ વિરાટ કોહલી છે, રજત પાટીદારે બેટિંગમાં ખૂબ મદદ કરી છે. જ્યારે ઓલરાઉન્ડર કાશ્વી ગૌતમે જણાવ્યું હતું કે, મારા રોલ મોડેલ હાર્દિક પંડ્યા છે, તેઓ આ વડોદરાથી જ છે.

ગુજરાત જાયન્ટ્સ ટીમની બોલર રેણુકા ઠાકુરે જણાવ્યું હતું કે, અમે હાલ બહુ લાંબુ વિચારી રહ્યા નથી. જે મેચો હાર્યા છીએ, તેમાં કઈ કઈ ભૂલો થઈ છે તેના પર ટીમમાં ચર્ચા થઈ રહી છે. શરૂઆતમાં અમે સારું ક્રિકેટ રમ્યા છીએ, તેથી પોઝિટિવ માઈન્ડસેટ સાથે આગળ વધવું જરૂરી છે. અલગ-અલગ પિચ પર રમવાની રણનીતિ બદલાતી હોય છે, એક મેચ રમ્યા પછી હવે અમને અહીંની પિચનો થોડો અંદાજ આવી ગયો છે.

તેઓએ કહ્યું કે, મારી સફળતા પાછળ મારી મમ્મીનો સૌથી મોટો સપોર્ટ રહ્યો છે. તેમની મહેનત અને આશીર્વાદથી જ હું આજે અહીં છું. આ ઉપરાંત અલગ-અલગ જગ્યાએ મને જે કોચ અને લોકોનો સાથ મળ્યો છે, તે બધાનો આમાં મહત્વનો ફાળો છે. કોઈ એક વ્યક્તિને કારણે નહીં પણ અનેક લોકોના સપોર્ટથી હું આ સ્તરે પહોંચી શકી છું.

ગુજરાત જાયન્ટ્સ ટીમની યુવા ક્રિકેટર ઓલરાઉન્ડર અનુષ્કા શર્માએ જણાવ્યું હતું કે, WPL યુવા ખેલાડીઓ માટે એક શાનદાર પ્લેટફોર્મ છે. ખાસ કરીને એવા ખેલાડીઓ માટે જેમને સીધી ભારતીય ટીમમાં તક નથી મળતી. ડોમેસ્ટિક ક્રિકેટ અને ઈન્ટરનેશનલ ક્રિકેટ વચ્ચેના અંતરને આ લીગ પૂરે છે. હું ગુજરાત જાયન્ટ્સના મેનેજમેન્ટની ખૂબ આભારી છું કે તેમણે મારામાં વિશ્વાસ મૂક્યો અને મને આ તક આપી છે. જોકે, છેલ્લી બે ઈનિંગ્સમાં હું મોટો સ્કોર નથી કરી શકી, પણ હવે પછીની મેચોમાં ટીમ માટે વધુમાં વધુ યોગદાન આપવાનો મારો પ્રયત્ન રહેશે.

# વર્લ્ડ કપની તૈયારીનો ફાઈનલ ટેસ્ટ આજથી શરૂ

## ભારત વર્ષની પહેલી ટી-૨૦ રમશે, ન્યૂઝીલેન્ડ સામે મેચ; કેપ્ટન સૂર્યા ફોર્મ શોધશે

ઈન્ડિયન ક્રિકેટ ટીમ બુધવારે આ વર્ષની પહેલી T20 મેચ રમશે. નાગપુરના વિદર્ભ ક્રિકેટ મેદાન પર સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ટીમ ઈન્ડિયાનો સામનો ન્યૂઝીલેન્ડ સામે થશે. આ મેચ સાંજે ૭ વાગ્યાથી રમાશે.

૫ મેચની T20 સિરીઝ ભારતની વર્લ્ડ કપ તૈયારીઓ માટે ફાઈનલ ટેસ્ટ પણ સાબિત થશે, કારણ કે ટીમ ઈન્ડિયાએ ૭ ફેબ્રુઆરીથી પોતાના ઘરે T20 વર્લ્ડ કપ રમવાનો છે. આમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવ પોતાનું ફોર્મ શોધવાનો પ્રયત્ન કરશે.તે સાઉથ આફ્રિકા સામે આઉટ ઑફ ફોર્મ દેખાયો હતો. આ સિરીઝથી જસપ્રીત બુમરાહ ૫ ણ પરત ફરી રહ્યો છે. ફાસ્ટ બોલર બુમરાહને કિવીઝ સામેની વન-ડે સિરીઝમાંથી આરામ આપ્યો હતો.



# નેટમાં પ્રેક્ટિસ દરમિયાન ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ વચ્ચે સૌથી લાંબી સિક્સર ફટકારવાની સ્પર્ધા



ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે બુધવારથી પાંચ મેચની ટી૨૦ શ્રેણી શરૂ થઈ રહી છે અને તે પહેલાં ભારતીય ટીમના પ્રેક્ટિસ સેશનમાં કંઈક એવું બન્યું જેણે ખેલાડીઓ જ નહીં પરંતુ ચાહકોને પણ ઉત્સાહિત કરી દીધા.

નેટમાં પ્રેક્ટિસ દરમિયાન, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ વચ્ચે સૌથી લાંબી સિક્સર ફટકારવાની મજેદાર સ્પર્ધા થઈ, જેમાં ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ પોતાની પાવર-હિટિંગથી વાતાવરણ ગરમ કરી દીધું.

હાર્દિક એશિયા કપમાં થયેલી ઈજાને કારણે લાંબા સમયથી ટીમની બહાર હતો. હવે તે સંપૂર્ણપણે ફિટ થઈ રહ્યો છે અને તેની વાપસીથી ટીમનું સંતુલન અને રણનીતિ બંને મજબૂત થઈ છે.

પ્રેક્ટિસ સેશનનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં હાર્દિક નેટમાં સ્ટેન્ડમાં બોલ ફટકારતો દેખાય છે. વીડિયોમાં, હાર્દિકે સ્ટેન્ડમાં રહેલા કેટલાક લોકોને બાજુ પર જવા કહ્યું કારણ કે બોલ ઉંચો જશે. મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મજાકમાં પૂછ્યું, "તમે ક્યાં લક્ષ્ય રાખી રહ્યા છો? નોર્થ વિંગ?" હાર્દિકે હસીને જવાબ આપ્યો, "સ્ટેન્ડના પહેલી હરોળમાં."

આ પછી, જ્યારે હાર્દિકે જોરદાર સિક્સર ફટકારી, ત્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને શિવમ દુબેને ચીડવતા કહ્યું, "અરે દુબે! હાર્દિકે તેને બીજી હરોળમાં ફટકાર્યો."

દુબેએ પણ મજાકમાં જવાબ આપ્યો, "બોલર બોલને પગ પર ફેંકી રહ્યો છે, હું સીધો શોટ કેવી રીતે મારી શકું!" આ આખી ક્ષણ ખેલાડીઓ વચ્ચેના બંધન અને ટીમમાં સકારાત્મક વાતાવરણ દર્શાવે છે, ખાસ કરીને શ્રેણીની શરૂઆત પહેલા.હાર્દિક અને દુબે ઉપરાંત, પ્રેક્ટિસ સેશન દરમિયાન ઈશાન કિશન, અભિષેક શર્મા, સંજુ સેમસન, રિંકુ સિંહ અને અક્ષર પટેલ પણ બેટિંગનો અભ્યાસ કરતા જોવા મળ્યા. જસપ્રીત બુમરાહ, વણ ચક્રવર્તી, અક્ષર, રવિ બિશ્નોઈ અને હાર્દિકે પણ બોલિંગ પ્રેક્ટિસ કરી.

# મારે પોતાનું નહીં ૧૪ ખેલાડીઓ માટે વિચારવાનું હોય: ખરાબ ફોર્મના સવાલ પર સૂર્યકુમાર યાદવનો ગોળ ગોળ જવાબ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે આજથી પાંચ મેચની T-૨૦ સિરીઝનો પ્રારંભ થઈ રહ્યો છે. ભારતીય ટીમ અત્યારે શાનદાર લયમાં છે, પરંતુ ટીમ ઈન્ડિયા માટે સૌથી ચિંતાનો વિષય કેપ્ટન સૂર્યકુમાર યાદવનું વ્યક્તિગત ફૉર્મ છે. મેચ પહેલા પત્રકારોએ જ્યારે તેમના ખરાબ ફૉર્મ પર સવાલ ઉઠાવ્યા ત્યારે સૂર્યાએ ખૂબ જ પરિપક્વતાથી જવાબ આપ્યો હતો.પોતાના ખરાબ ફૉર્મ અંગે વાત કરતા સૂર્યકુમાર યાદવે કહ્યું, 'જો હું ટેબલ ટેનિસ કે ટેનિસ જેવી કોઈ વ્યક્તિગત રમત રમતો હોત તો ફૉર્મની ચિંતા કરત. પરંતુ આ એક ટીમ ગેમ છે. જો ટીમ જીતે છે તો હું ખુશ છું. જો હું યોગદાન આપી શકું તો સારું છે અને જો ન આપી શકું તો પણ કોઈ વાંધો નહીં. મારે બાકીના ૧૪ ખેલાડીઓ વિશે પણ વિચારવાનું છે. અહીં વ્યક્તિગત રેકોર્ડ માટે કોઈ જગ્યા નથી.'T-૨૦ સ્પેશિયાલિસ્ટ ગણાતા સૂર્યકુમાર યાદવ માટે છેલ્લો કેટલોક સમય બેટિંગમાં અત્યંત નિરાશાજનક રહ્યો છે, જે આંકડાઓ પરથી સ્પષ્ટપણે જોઈ શકાય છે. તેણે રમેલી છેલ્લી ૧૯ મેચોમાં તે એક પણ ફિફ્ટી ફટકારી શક્યો નથી અને આ સમયગાળા દરમિયાન તેણે માત્ર ૨૧૮ રન જ બનાવ્યા છે. સામાન્ય રીતે આક્રમક બેટિંગ માટે જાણીતા સૂર્યાનો સ્ટ્રાઈક રેટ પણ ઘટીને ૧૨૩ની આસપાસ પહોંચી ગયો છે, જે તેની અસલી ક્ષમતા કરતા ઘણો ઓછો ગણાય. આ દરમિયાન ટીમના હિતમાં તેણે એક મોટો નિર્ણય લેતા તિલક વર્મા જેવા યુવા ખેલાડીને ઉપર રમવાની તક આપવા માટે પોતાની નિયમિત પોઝિશન છોડી છે અને હવે તે ત્રીજા નંબરને બદલે ચોથા નંબર પર બેટિંગ કરી રહ્યો છે.



# ક્રિકેટર રિંકુ સિંહની બહેન નેહાએ માફી માંગી, કરણી સેનાના વિરોધ બાદ AI વીડિયો ડિલીટ કરાયો



બે દિવસ પહેલા કરણી સેનાએ અલીગઢના સાસની પોલીસ સ્ટેશનમાં ક્રિકેટર રિંકુ સિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ સમગ્ર વિવાદ એક સોશિયલ મીડિયા પોસ્ટથી ઉભો થયો છે. વીડિયોમાં થાર વાહનમાં કાળા ચશ્મા પહેરેલા કેટલાક દેવતાઓ અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) નો ઉપયોગ કરીને એક અંગ્રેજી ગીત વગાડવામાં આવી રહ્યું છે.

રિંકુ સિંહને છગ્ગા મારતા પણ દર્શાવવામાં આવ્યા છે. રિંકુ સિંહની બહેન નેહાએ હવે સોશિયલ મીડિયા પર માફી માંગી છે અને વીડિયો ડિલીટ કરી દીધો છે. પોતાની પોસ્ટમાં નેહા સિંહે લખ્યું, "રિંકુ ભૈયા અને મેં ભૂલ કરી. હું માફી માંગુ છું.કરણી સેનાએ આ ફોટા અંગે રિંકુ ભૈયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. થોડા સમય પહેલા જ મોદીજીએ હનુમાનજીનો પતંગ બનાવ્યો અને તેને ઉડાડ્યો, પરંતુ તેમણે એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહીં કારણ કે તેઓ અંધ ભક્ત છે.''પોલીસ અધિક્ષક (એસપી) મૃગાંક શેખર પાઠકે જણાવ્યું હતું કે, પોલીસ કરણી સેનાની ફરિયાદની તપાસ કરી રહી છે. કરણી સેનાએ આ વીડિયોને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતો ગણાવ્યો છે. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે શું આ પોસ્ટ કોઈ કાયદાનું ઉલ્લંઘન કરે છે.

# દિલ્હી કેપિટલ્સે સાત વિકેટથી મેચ જીતી, મુંબઈને હારની હેટ્રિકનો સામનો કરવો પડ્યો; જેમિમાહની ફિફ્ટી

દિલ્હી કેપિટલ્સે મહિલા પ્રીમિયર લીગ (WPL) મેચમાં કેપ્ટન જેમિમાહ રોડ્રિગ્સની અણનમ અડધી સદીની મદદથી મુંબઈ ઈન્ડિયન્સને સાત વિકેટથી હરાવ્યું. નતાલી સાયવર બ્રન્ટની અણનમ અડધી સદીની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૪ રન બનાવ્યા. જવાબમાં, દિલ્હીએ એક ઓવર બાકી રહેતા ત્રણ વિકેટે ૧૫૫ રન બનાવીને મેચ જીતી લીધી. મુંબઈ ઈન્ડિયન્સનો આ સતત ત્રીજો પરાજય છે.

સતત ત્રણ મેચ હારવા છતાં, મુંબઈ ઈન્ડિયન્સ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે. મુંબઈના છ મેચમાં બે જીત અને ચાર હાર સાથે ચાર પોઈન્ટ છે. બીજી તરફ, જીતના ટ્રેક પર પાછા ફરેલી દિલ્હી કેપિટલ્સે ફાયદો મેળવ્યો છે અને તે ચોથા સ્થાને પહોંચી ગઈ છે. દિલ્હીના પાંચ મેચમાં બે જીત અને ત્રણ હાર સાથે ચાર પોઈન્ટ છે.


શેફાલી વર્મા અને લિઝેલ લીએ દિલ્હીને મજબૂત શરૂઆત અપાવી. બંને બેટ્સમેનોએ પ્રથમ વિકેટ માટે ૬૩ રન ઉમેર્યા. શેફાલી અને લિઝેલ વચ્ચેની ભાગીદારી વધુ મોટી થાય તે પહેલાં, તેણીને ડેબ્યુ કરનાર વૈષ્ણવી શર્માએ બોલ્ડ કરી.

શેફાલી ૨૪ બોલમાં ૨૯ રન બનાવીને આઉટ થઈ, જેમાં છ ચોગ્ગાનો સમાવેશ થાય છે. લિઝેલ અડધી સદી ફટકારવાની દિશામાં આગળ વધી રહી હતી, પરંતુ સ્ટમ્પ્ડ આઉટ થઈ ગઈ. લિઝેલ ૨૮ બોલમાં ૪૬ રન બનાવીને સમાપ્ત થઈ, જેમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે.

ત્યારબાદ લૌરા વોલ્વાર્ડ્ટ રન આઉટ થઈ. વોલ્વાર્ડ્ટે ૧૯ બોલમાં ૧૭ રન બનાવ્યા. જોકે, કેપ્ટન જેમિમાહએ જવાબદારી સંભાળી અને ૩૬ બોલમાં અડધી સદી ફટકારી. ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ, જેમિમાહએ આક્રમક રમવાનું શરૂ કર્યું અને છ બોલ બાકી રહેતા ટીમને વિજય તરફ દોરી ગઈ.જેમીમાહ ૩૭ બોલમાં ૫૧ રન બનાવી અણનમ રહી, જેમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યા, જ્યારે મેરિઝાન કાપ છ બોલમાં ૧૦ રન બનાવી અણનમ રહી, જેમાં એક છગ્ગો ફટકાર્યો. મુંબઈ તરફથી અમનજોત કૌર અને વૈષ્ણવી શર્માએ એક-એક વિકેટ લીધી.



# મેદવેદેવ ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યો, ફ્રાન્સના ખેલાડીને હરાવ્યો; સબાલેન્કા બીજા રાઉન્ડમાં પહોંચી



ઓસ્ટ્રેલિયન ઓપનમાં રશિયાના સ્ટાર ટેનિસ ખેલાડી ડેનિલ મેદવેદેવ ત્રીજા રાઉન્ડમાં પહોંચી ગયો છે. જ્યારે વુમન્સ સિંગલ્સમાં વર્લ્ડ નંબર-૧ આર્યના સબાલેન્કા પણ બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. જ્યારે બે વખતના ડિફેન્ડિંગ ચેમ્પિયન જૈનિક સિનરે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તે વર્ષ ૨૦૦૦ પછી મેલબોર્નમાં સતત ૧૫ મેચ જીતનાર ચોથો ખેલાડી બની ગયો છે. આ ખાસ ક્લબમાં તેના પહેલા રોજર ફેડરર, નોવાક જોકોવિચ અને આન્દ્રે અગાસીનો સમાવેશ થાય છે.

બીજા રાઉન્ડના મુકાબલામાં મેદવેદેવે ફ્રાન્સના ક્વેન્ટિન હાલિસને સખત સંઘર્ષમાં સીધા સેટમાં ૭-૬, ૬-૪, ૭-૫ થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં સ્થાન મેળવી લીધું.

વુમન્સ સિંગલ્સમાં બેલારુસની આર્યના સબાલેન્કાએ ચીનની ક્વોલિફાયર ઝુઓ શુઆન બાઈને સીધા સેટોમાં ૬-૩, ૬-૧થી હરાવીને બીજા રાઉન્ડમાં સ્થાન બનાવ્યું. બાઈની વર્લ્ડ રેન્કિંગ ૭૦૨ છે. પહેલા સેટમાં સબાલેન્કાએ શરૂઆતી ૧૫ મિનિટમાં ૫ ગેમ જીતી લીધી, પરંતુ છેલ્લી ગેમ જીતવામાં તેને ૨૦ મિનિટ લાગી. સાત સેટ પોઈન્ટ ગુમાવ્યા પછી તેણે પહેલો સેટ ૬-૩થી જીત્યો. બીજા સેટમાં બાઈએ સબાલેન્કાની સર્વિસ બ્રેક કરીને શરૂઆત જરૂર કરી, પરંતુ સબાલેન્કાએ જલદી જ નિયંત્રણ પાછું મેળવીને સેટ ૬-૧થી પોતાના નામે કરી લીધો.

સબાલેન્કા ૨૦૨૩ અને ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયન ઓપનનો ખિતાબ જીતી ચૂકી છે. ગયા વર્ષે તેને ફાઈનલમાં મેડિસન કીઝ સામે હારીને રનરઅપ રહેવું પડ્યું હતું. તે હવે પોતાના કરિયરનો પાંચમો ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ખિતાબ જીતવાના પ્રયાસમાં છે. આ પહેલા તે યુએસ ઓપન બે વાર જીતી ચૂકી છે. જ્યારે, બાઈ ઝુઓશુઆન માટે આ ઓસ્ટ્રેલિયન ઓપનમાં બીજી ભાગીદારી હતી અને તે પહેલીવાર બીજા રાઉન્ડ સુધી પહોંચી હતી.

# કાળા જાદુ પ્રતિબંધ કાયદાના અમલ અંગે પરિપત્ર બહાર પાડો

## મધુભાઈ કાકડીયા દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત

સુરત, તા.૨૧

કાળા જાદુ પ્રતિબંધક કાયદા (તા.૨૧/૦૮/૨૦૨૪)ના અસરકારક અમલ ન થવા બાબત ગંભીર ફરિયાદ તથા જરૂરી પરિપત્ર બહાર પાડવા અંગે મધુભાઈ કાકડીયા, અંધશ્રદ્ધા નિવારણ શાખા, સુરત તરફથી સુરત પોલીસ કમિશનરને કરાયેલી અરજીમાં જણાવાયું છે કે, ગુજરાત સરકાર દ્વારા તા.૨૧/૦૮/૨૦૨૪ના રોજ કાળા જાદુ, ભુવા, તાંત્રિક અને જ્યોતિષી દ્વારા થતી ઠગાઈ અને અંધશ્રદ્ધા સામે કાયદો બનાવવામાં આવ્યો, જે એક આવકારદાયક અને પ્રશંસનીય પગલું છે. પરંતુ દુઃખની વાત એ છે કે આ કાયદાનો આજ સુધી જમીન પર કોઈ અસરકારક અમલ જોવા મળતો નથી.પોલીસ કમિશનર કચેરીમાં પૂછપરછ કરી ત્યારે જણાવવામાં આવ્યું કે આ કાયદા અંગે કોઈ પરિપત્ર (Circular) હજુ સુધી પોલીસ વિભાગને પ્રાપ્ત થયો નથી. આ સંદર્ભે મેં તા.૧૬/૧૨/૨૦૨૪ના રોજ લેખિત અરજી પણ કરી હતી, જેમાં સમગ્ર ગુજરાતના તમામ પોલીસ સ્ટેશનોને પરિપત્ર પાઠવવાની વિનંતી કરી હતી. પરંતુ તે અરજી આખા રાજ્યમાં મોકલવાની બદલે માત્ર સુરત શહેરમાં ફોરવર્ડ કરવામાં આવી હતી. આજે પણ ગુજરાતભરમાં ભુવા, તાંત્રિક અને જ્યોતિષીઓ દ્વારા ખુલ્લેઆમ જનતાને લૂંટવાની પ્રવૃત્તિ ચાલુ છે. કેટલાક જ્યોતિષીઓ તો જાહેરાતમાં એવું પણ લખે છે કે તેઓ "શત્રુનો નાશ કરાવી શકે છે", જે કાયદેસર ગુનો હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી. આવી જાહેરાતો વાંચીને ભોળી અને ગરીબ પ્રજા છેતરાઈ રહી છે.

# રેસોનિયા લિ.ની સોલાર લાઈટથી બે સ્થાનિક ગામોમાં ઉજાસ

## વલસાડને સશક્ત બનાવતી પહેલથી ગામોમાં પ્રકાશ

વલસાડ, તા.૨૧

વલસાડ, ગુજરાત, ૧૯મી જાન્યુઆરી ૨૦૨૬: વર્ષો સુધી વલસાડ જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં સૂર્યાસ્ત પછી અંધકાર છવાઈ જતો હતો, જેના કારણે દૃશ્યતા ઘટતી અને સુરક્ષા સંબંધિત ચિંતાઓ ઊભી થતી. રેસોનિયા (ખાવડા ૩) લિમિટેડે પોતાની મહત્વપૂર્ણ સોલાર લાઈટિંગ પહેલ દ્વારા આ પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે. બે ગામોમાં ઉચ્ચ પ્રકાશિત સોલાર સ્ટ્રીટ લાઈટ્સ સ્થાપિત કરીને, આ પ્રોજેક્ટે સુરક્ષા અને સ્વતંત્રતાની લાગણી પુનઃસ્થાપિત કરી છે, જેથી અંધારાં પછી પણ સમુદાયો પોતાના વિસ્તારમા સુરક્ષિત રીતે અવરજવર કરી શકે. આ પહેલ અંતર્ગત ભાંબા ગામમાં ૩૦ અને આસ્ટોલ ગામમાં ૪૫ સોલાર સ્ટ્રીટ લાઈટ્સ સ્થાપિત કરવામાં આવી છે, એમ કુલ ૭૫ સોલાર લાઈટ્સ બે ગામોમાં લગાવવામાં આવી છે. નવનિર્મિત સોલાર લાઈટ્સ પરંપરાગત ગ્રામ્ય લાઈટિંગની તુલનામાં વધુ તેજ અને વિશાળ પ્રકાશ આપે છે. જેના પરિણામે અકસ્માતના જોખમમાં ઘટાડો થયો છે, ખેડૂતોને રાત્રિના સમયે ખેતરોમાં સુરક્ષિત રીતે જવા સક્ષમ બનાવ્યા છે, વિદ્યાર્થીઓને સાંજના અભ્યાસમાં સહાય મળી છે અને સમગ્ર ગામની સુરક્ષા વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થયો છે.



# સાવરકુંડલામાં ધારાસભ્ય મહેશ કસવાલા હસ્તે રૂ,૭.૨૬ કરોડના કામોનું ખાતમુહૂર્ત

## ઘોબા ગામે ૨૫.૦૦ લાખના ખર્ચે બનેલ નવી ગ્રામ સચિવાલય બનશે

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોમાં અંદાજે રૂ. ૭.૨૬ કરોડના ખર્ચે થનારા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા સાહેબના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ઘોબા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવી ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત,રૂ.૨.૦૦ કરોડના ખર્ચે નુરાપીર આશ્રમ સી.સી. રોડ તેમજ રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત,રૂ. ૨.૪૦ કરોડના ખર્ચે ઘોબા–ઠાસા રોડના રીસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત,રૂ. ૯૦ લાખના ખર્ચે સુવિધા પથ રોડનું ખાતમુહૂર્ત,ફિફાદ ગામે રૂ. ૮૦ લાખના ખર્ચે મેકડા–ફિફાદ રોડના રી-સર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત,પાટી ગામે રૂ. ૧૧ લાખના ખર્ચે સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત,મોટા ભમોદ્રા ગામે રૂ. ૮૦ લાખના ખર્ચેસુવિધા પથ રોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા તાલુકાના કુલ રૂ. ૭.૨૬ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ સાવરકુંડલા તાલુકાના વિકાસ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારશ્રીઓ, સહકારી આગેવાનશ્રીઓ, ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ તેમજ આગેવાનો અને કાર્યકરમિત્રોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ડુંભાલ હત્યા કેસમાં આરોપી ગુફરાન શેખના જામીન નામંજૂર

પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧

લિંબાયત સ્થિત ડુંભાલ ફાયર સ્ટેશનની સામે ઘર નજીક ઉભેલા કાપડ દલાલને ક્રુરતા પુર્વક મોતને ઘાટ ઉતારવાના પ્રકરણમાં ગુફરાન શેખના જામીન સુરત કોર્ટે નામંજૂર કર્યા હતા. મૂળ ફરિયાદી વકીલ નરેશ ગોહિલે સોગંદનામુ રજૂ કરી જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

લિંબાયત મોડલ ટાઉનશીપ નજીક શ્યામવાટિકા ખાતે રહેતા અને કાપડ દલાલીનુ કામ કરતા આલોક અગ્રવાલ ગત ઓગષ્ટ માસમાં રાત્રિએ તેના ઘર નજીક ઉભો હતો. ત્યારે ત્રણ શખ્સો પાછળથી ધસી આવ્યા હતા અને તિક્ષ્ણ હથિયાર વડે આલોક અગ્રવાલ ઉપર તુટી પડ્યા હતા. આલોક અગ્રવાલનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતુ. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતુ કે, આરોપી ગુફરાન શેખ તથા અસ્ફાક ઉર્ફ કૌવા જહાંગીરપુરા ખાતે અને આરોપી અબ્બાસ લસ્સી ખ્વાજા નગર ખાતે જુગાર રમાડતો હતો. જ્યારે જુગારધામ પર પોલીસ ન આવે તે માટે આરોપી દિપક સરજુ સીંગ રેકી કરતો હતો. આ બંને જુગારના અડ્ડા પર આલોક અગ્રવાલ પોલીસની રેડ પડાવવાની ધમકી આપતો હતો અને નાણા માગતો હતો. જેથી જુગારના અડ્ડાઓ ચાલતા ન હોય અને આર્થિક નુકશાન થતું હતું. જેથી ગુફરાન શેખ, અસ્ફાક કૌવા,અબરાર લસ્સી, અફસર બોકા, રમઝાન પાડા,ભગવાન સ્વાઈ અને દિપક સિંગે એકબીજાની મદદગારીથી આલોક અગ્રવાલને પતાવી દેવાનો કારસો રચ્યો હતો અને આલોક અગ્રવાલની હત્યા કરી દીધી હતી. આ હત્યાના કેસમાં જેલમાં બંધ ગુફરાન શેખ(રહે.હોડી બંગ્લા, વેડરોડ) અને અસ્ફાક કૌવાએ જામીન અરજી કરી હતી. કોર્ટે ગુફરાનના જામીન નકારી કાઢ્યા હતા. જ્યારે અસ્ફાકે જામીન અરજી પાછી ખેંચી લીધી હતી.

# બાંદ્રા ટર્મિનસ અને જબલપુર વચ્ચે એક ખાસ ટ્રેનનો દોડશે

સુરત, તા.૨૧

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને વધારાના મુસાફરોના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૦૨૧૩૩/૦૨૧૩૪ બાંદ્રા ટર્મિનસ-જબલપુર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનનો દોડ લંબાવવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, ટ્રેન નંબર ૦૨૧૩૩ બાંદ્રા ટર્મિનસ-જબલપુર સ્પેશિયલ અને ટ્રેન નંબર ૦૨૧૩૪ જબલપુર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ આગામી સૂચના સુધી લંબાવવામાં આવ્યા છે. ટ્રેન નંબર ૦૨૧૩૩ ના વિસ્તૃત દોડ માટે બુકિંગ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વાંકલ કોલેજ ખાતે બકુલ ટેલર અને જયશ્રી ચૌધરીનું વ્યાખ્યાન

અંકલેશ્વર, તા.૨૧

શ્રી અટલબિહારી વાજપેયી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ ખાતે બકુલ ટેલર અને જયશ્રી ચૌધરીનું વ્યાખ્યાન યોજાયું. "સપ્તધારા" અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. દિપકભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વરિષ્ઠ પત્રકાર અને પ્રખર સમીક્ષક બકુલ ટેલરે " છિલુગરી નવલકથાનું અંતરબહિર જગત " વિશે તથા શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ અને કોમર્સ કૉલેજના એસોસિયેટ પ્રોફેસર ડૉ. જયશ્રી ચૌધરીએ " યુવાનો અને સ્વામી



વિવેકાનંદનો જીવનસંદેશ તથા મારી સર્જક કેફિયત " વિશે વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રો. નિકિતા રમણભાઈ પ્રજાપતિએ કર્યું હતું. આભારવિધિ પ્રો. સોનલ સુરેશભાઈ ચૌધરીએ કરી હતી. અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.





# ડીએ આનંદપુરાની જન્મ તિથિએ શ્રી ગટ્ટુ વિદ્યાલયમાં સ્મૃતિ પર્વ

## વાલીઓ તથા વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

અંકલેશ્વર, તા.૨૧

સ્વર્ગીય ડી.એ.આનંદપુરા સાહેબ ની જન્મ તિથિ નિમિત્તે તા. ૨૦ જાન્યુઆરી ન રોજ સ્મૃતિ પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે વાલી શ્રી ઓ તેમજ વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજવા માં આવી હતી.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શ્રી મનોજભાઈ આનંદપુરા સાહેબ, શાળા ના કો કન્વીનર અને શાળા ટ્રસ્ટ ના જોઈન્ટ સેક્રેટરી શ્રી સુભાષ પટેલ સર, કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી મિશેલ ગણેશાણી, ય્જીઈમ ના આચાર્યા શ્રીમતી સુષ્મા ચૌધરી, તથા વાલી શ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં સ્મૃતિ પર્વ નું આયોજન દરમ્યાન શ્રી મનોજભાઈ આનંદપુરા સાહેબ અને સુભાષ ભાઈ પટેલે શ્રી ડી.એ આનંદપૂરા સાહેબે ઔદ્યોગિક તથા વ્યવસાયિક વિકાસ સાથે સામાજિક સેવામાં તેમણે આપેલ શિક્ષણ, આરોગ્ય અને રમતગમત ક્ષેત્રે આપેલ અનન્ય યોગદાન ની ઝાંખી આપી હતી.શ્રી ડી એ આનંદપુરા સાહેબ આજે પણ પ્રેરણાસ્ત્રોત રૂપે સ્મૃતિપર્વમાં સ્મરાય છે. શુભની શક્તિ મા શ્રદ્ધા મા વિશ્વાસ રાખી ને જે કાર્ય કરવામાં આવે તે અવશ્ય ફળે છે તેવું તેઓ દૃઢ પણે માનતા હતા. ઉપસ્થિત વાલી શ્રીએ અને વિદ્યાર્થીઓ એ આ કાર્યક્રમ માં ઉપસ્થિત રહી ને તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી હતી. શાળાના કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી મિશેલ ગણેશાણી મેડમે જણાવ્યું કે આવા સ્વપ્નદૃષ્ટા અને અદ્ભુત નેતૃત્વ શક્તિ થી ઊભી થયેલી આ શાળા માં કાર્ય કરવાનો તેમને જે મોકો મળ્યો છે તે માટે તેઓ ખુબજ આભારી છે.

# સુરત મનપા દ્વારા તમાકુ પ્રોડક્ટ વિરોધી ઝુંબેશ

## નિયમોનો ભંગ કરનાર તમાકુ પ્રોડક્ટ વેચનાર દુકાનદારો દંડાયા

સુરત, તા.૨૧

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૪મુજબ જાહેર સ્થળે ધ્રુમપાન કરવા પર પ્રતિબંધ, કલમ–૬(અ અને બ) મુજબ સગીર વયની વ્યક્તિને તેમજ શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણકરવા પર પ્રતિબંધનો ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જે અંતગત તા.૨૦/૦૧/૨૦૨૬નાં રોજ રાંદેર ઝોનમાંકુલ ઈસમો ૧૬પાસે કુલરુપિયા૩૨૦૦, સેન્ટ્રલ ઝોનમાંકુલ ઈસમો ૧૭અને કુલરુપિયા૩૪૦૦, કતારગામઝોનમાંકુલ ઈસમો ૧૭પાસે કુલરુપિયા૩૪૦૦વરાછા – એ ઝોનમાંકુલ ઈસમો૧૪અને કુલરુપિયા ૨૮૦૦,વરાછા–બીઝોનમાંકુલ ઈસમો ૧૬ અને કુલરુપિયા૩૨૦૦,ઉધના – એ ઝોનમાંકુલ ઈસમો ૨૨અને કુલરુપિયા૪૪૦૦, ઉધના–બી ઝોનમાં કુલ ઈસમો ૧૧અને કુલરુપિયા૨૨૦૦, અઠવા ઝોનમાંકુલ ઈસમો૧૪અને કુલરુપિયા ૨૮૦૦,લિંબાયત ઝોનમાંકુલ ઈસમો૧૩ અને કુલરુપિયા૨૬૦૦સાથે સુરત મહાનગરપાલિકાનાં તમામ ઝોન મળીનેકુલ ઈસમો ૧૪૦પાસેકુલ૨૮,૦૦૦રુપિયાનો દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

### આજે પણ સોના-ચાંદી

પહેલા પાનાનું ચાલુ

સોના-ચાંદીના વેપારીઓના કહેવા પ્રમાણે વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન, યુધ્ધના ભણકારા, નવા નવા ટેરીફ વોર જેવા કારણોથી આંતરરાષ્ટ્રીય સ્તરે તેજીની આગ લાગી છે અને તેમાંથી ભારત પણ બાકાત રહી શકયુ નથી. વાસ્તવમાં ઘરઆંગણે બેવડો ફટકો છે. કારણ કે વૈશ્વિક તેજીથી ભાવ વધી રહ્યા જ છે ઉપરાંત ડોલર સામે રૂપિયાની નબળાઈને કારણે પણ આયાત પર દબાણ આવી રહ્યું છે. આ સંજોગોમાં હજુ ભાવ વધી શકે છે. નિષ્ણાંતો પણ હવે ભાવના નવા નવા લેવલ સૂચવવા લાગ્યા છે. વિશ્વસ્તરે ૫૦૦૦ ડોલરનો ભાવ હવે ગમે ત્યારે થઇ જાય તેવી હાલત છે.

### શકરાચાર્ય

પહેલા પાનાનું ચાલુ

કરી દીધા. આ મામલો સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. જ્યાં સુધી આ કેસનો નિર્ણય ન આવે ત્યાં સુધી કોઈને પણ શંકરાચાર્ય ઘોષિત કરી શકાય નહીં.

કોર્ટે આ પદ પર કોઈને બેસાડવા પર રોક લગાવી છે. તેમ છતાં, અવિમુક્તેશ્વરાનંદે શિબિરમાં લાગેલા બોર્ડ પર પોતાને "જ્યોતિષપીઠના શંકરાચાર્ય" લખ્યા છે. આ કૃત્યથી કોર્ટના આદેશનું ઉલ્લંઘન થયું.

### ઉઘડતા

પહેલા પાનાનું ચાલુ

અમેરિકાનો ભાગ બનાવવા માગે છે. યુરોપ તેનો વિરોધ કરી રહ્યું છે. અમેરિકા અને યુરોપ વચ્ચે ઉત્પન્ન થયેલા નવા ભૌગોલિક-રાજકીય તણાવ પછી ટ્રેડ વોરનો ખતરો વધી ગયો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તે યુરોપિયન સહયોગી દેશોમાંથી થતી આયાત પર ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે, જેઓ ગ્રીનલેન્ડ પર કબજાનો વિરોધ કરી રહ્યા છે. આ સ્થિતિ પર ચર્ચા કરવા અને જવાબી કાર્યવાહી પર નિર્ણય લેવા માટે યુરોપિયન યુનિયન (EU) ના નેતાઓ ગુરુવારે બ્રસેલ્સમાં એક ઈમરજન્સી સમિટ કરવા જઈ રહ્યા છે.

અમેરિકી સુપ્રીમ કોર્ટનો નિર્ણય :ગઈકાલે ૨૦ જાન્યુઆરીના રોજ અમેરિકી સુપ્રીમ કોર્ટમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી ટેરિફ (આયાત શુલ્ક) નીતિઓની કાયદેસરતા પર સુનવણી થઈ. બજાર સંબંધિત રિપોર્ટ્સ અનુસાર, કોર્ટના વલણથી એવા સંકેતો મળી રહ્યા છે કે ટ્રમ્પ પ્રશાસનને વ્યાપારિક કડક નિર્ણયો લેવાની છૂટ મળી શકે છે. આનાથી ભારતના IT અને ફાર્મા જેવા એક્સપોર્ટ ઓરિએન્ટેડ સેક્ટર્સમાં આજે ભારે વેચવાલી જોવા મળી છે, કારણ કે આ કંપનીઓની મોટી કમાણી અમેરિકાથી આવે છે.

રૂપિયાની રેકોર્ડ નબળાઈ અને FIIsની સતત વેચવાલીઃ ભારતીય રૂપિયો ડોલર સામે ૯૧.૧૦ના ઓલ-ટાઈમ લો (રેકોર્ડ નીચલા સ્તર) પર ટ્રેડ કરી રહ્યો છે. જ્યારે રૂપિયો નબળો પડે છે, ત્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs)નો ડોલરમાં મળતો નફો ઘટી જાય છે. NSDLના પ્રારંભિક આંકડા મુજબ, જાન્યુઆરીમાં ૨૯,૦૦૦ કરોડથી વધુ રકમ પાછી ખેંચી ચૂક્યા હતા, જે સિલસિલો આજે પણ ચાલુ છે.

### હિંસાગ્રસ્ત ઈરાનથી

પહેલા પાનાનું ચાલુ

દેશના તમામ ૩૧ પ્રાંતોમાં હિંસા ફેલાઈ ગઈ છે. આમાં ૩ હજારથી વધુ લોકોના મોત થયા છે. મોટાભાગના લોકો ગોળી વાગવાથી માર્યા ગયા છે.

આ પહેલા ૧૭ જાન્યુઆરીએ પણ ઘણા ભારતીયો ઈરાનથી દિલ્હી એરપોર્ટ પહોંચ્યા હતા. આમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છે. કેટલાક લોકો ભારત સરકારની પહેલથી પાછા ફર્યા, તો કેટલાક પોતાના ખર્ચે પાછા આવ્યા. દિલ્હી એરપોર્ટ પર પરિવારજનોને મળતા જ ઘણા નાગરિકો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા હતા.

તેમણે જણાવ્યું કે હિંસા દરમિયાન ઈરાનમાં સ્થિતિ કેવી રીતે બગડી. ઈરાનથી પાછા ફરેલા જમ્મુ-કાશ્મીરના એક યુવકે કહ્યું, 'ત્યાં સ્થિતિ ખૂબ જ ખરાબ છે. હિંસક વિરોધ-પ્રદર્શનો થઈ રહ્યા છે.'

ઈરાનથી પાછી ફરેલી એક મેડિકલ સ્ટુડન્ટે જણાવ્યું કે ભારતીય દૂતાવાસે તેમનો સંપર્ક કર્યો હતો, પરંતુ તે ખાનગી ફ્લાઈટથી પોતે દિલ્હી પહોંચી.

ભારત સરકારે ગુરુવારે એડવાઈઝરી જારી કરીને ભારતીય નાગરિકોને પોતાના પાસપોર્ટ, વિઝા અને અન્ય જરૂરી દસ્તાવેજો હંમેશા પોતાની પાસે રાખવા જણાવ્યું હતું. ભારત સરકારના પ્રયાસોથી ખાનગી ફ્લાઈટ દ્વારા નાગરિકો પાછા ફર્યા છે.

### મુંબઈના મેયરના

પહેલા પાનાનું ચાલુ

શરૂ થઈ રહી છે. શિવસૈનિકોની ઈચ્છા છે કે આ ઐતિહાસિક અવસરે મુંબઈના મેયર શિવસેનાના જ હોય. જોકે, ભાજપ સૌથી મોટો પક્ષ હોવાથી તે પણ આ પદ પર પોતાનો દાવો છોડવા તૈયાર નથી.મંગળવારે મહારાષ્ટ્ર ભાજપ અને શિવસેનાના પ્રમુખ નેતાઓ દિલ્હી પહોંચ્યા છે.

જેમાં મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમ, આશિષ શેલાર અને શિંદે સેનાના નેતા રાહુલ શેવાળેનો સમાવેશ થાય છે. માનવામાં આવે છે કે ભાજપના કેન્દ્રીય નેતૃત્વ સાથેની બેઠક બાદ મેયરના નામ પર અંતિમ મહોર મારવામાં આવશે. શિવસેનાએ અગાઉ પોતાના કોર્પોરેટરોને હોટેલમાં રાખવા પાછળ 'ઓરિએન્ટેશન વર્કશોપ'નું કારણ આપ્યું હતું, પરંતુ રાજકીય વર્તુળોમાં તેને 'હોર્સ ટ્રેડિંગ' રોકવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું હતું.

### આંતરજિલ્લા

પેજ-૨ પાનાનું ચાલુ

એનાયત કરવામાં આવ્યો હતો.સુરત જિલ્લા પંચાયત તરફથી બોલિંગ માં રાકેશ પટેલ સમગ્ર ટુર્નામેન્ટ માં ચુસ્ત બોલિંગ કરી ૫ ઈનિંગ માં ૧૦ વિકેટ ઝડપી શાનદાર પ્રદર્શન કર્યું હતું તથા બેટિંગ માં ગિરીશ પટેલ એ ૫ ઈનિંગ માં ૧૯૫ રન બનાવી ટીમ ની જીત માટે શાનદાર બેટિંગ કરી હતી બાહોશ કેપ્ટન ભાવેશ પટેલ ની સૂઝબૂઝ ભરી કેપ્ટનશિપ માં જિલ્લા પંચાયત સુરત કુલ ૫ મી વાર વિજેતા થવા પામી હતી.પૂર્વ કપ્તાન અને હાલ માં ટીમ માટે કોચ ની ભૂમિકા ભજવનાર કિરીટભાઈ જે પટેલ અગાઉ તેમની કેપ્ટનશીપ હેઠળ જિલ્લા પંચાયત સુરત ને ૪ વાર ચેમ્પિયન બનાવ્યું હતું આમ જિલ્લા પંચાયત સુરત ક્રિકેટ ટીમ કુલ ૯ વાર રાજય કક્ષા ની ટુર્નામેન્ટ માં વિજેતા થવા પામી છે. ટીમ ના કોચ કિરીટભાઈ જે પટેલ(જિલ્લા સિક્ષક સંઘ ના પ્રમુખ)એ સમગ્ર ટીમ ને શાનદાર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### તડકેશ્વરમાં

પેજ-૨ પાનાનું ચાલુ

સ્થળ પર હાજર નહોતા, જે નિષ્ઠાવાન અને અવગણનાપૂર્ણ વર્તનને દર્શાવે છે.

આ ઘટના એકદમ સ્પષ્ટ રીતે ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાવાળા બાંધકામનું પરિણામ છે. ૨૧ કરોડ રૂપિયાના જાહેર ખર્ચ પર આવી મોટી રકમની યોજના હેઠળ એક સામાન્ય ટેસ્ટિંગમાં જ નિષ્ફળ જવી, તે સરકારી અંદાજપત્ર અને તપાસીય કાર્યવાહીની ગંભીર ઉણપને દર્શાવે છે. આના કારણે ગામના લોકોને જોખમ થયું છે અને જનતાનો ભરોસો તૂટ્યો છે.

### આંતરરાષ્ટ્રીય

પેજ-૨ પાનાનું ચાલુ

તમારી પાસે યોગ્ય મરીન ઈન્શ્યોરન્સ પોલિસી હોય, તો 'જનરલ એવરેજ' હેઠળ તમારે આપવો પડતો હિસ્સો વીમા કંપની ચૂકવે છે.

મરીન પોલિસી ફક્ત કાર્ગો જ કવર કરે છે એવું નથી. તેમણે સુએઝ કેનલમાં ૨૦૨૧ના બ્લોકેજનું ઉદાહરણ આપી સમજાવ્યું કે જ્યારે દરિયાઈ મુસાફરી દરમિયાન જહાજ કે કાર્ગો કોઈ ગંભીર જોખમમાં હોય (દા.ત. જહાજ ખડક સાથે અથડાય કે એન્જિન ફેલ થવાને કારણે ડૂબવાની તૈયારીમાં હોય), ત્યારે તેને બચાવવા માટે ત્રીજી વ્યક્તિ કે કંપની દ્વારા જે સેવા આપવામાં આવે છે, તેના બદલામાં ચૂકવવામાં આવતી રકમને સાલ્વેજ ચાર્જીસ કહેવામાં આવે છે. મરીન ઈન્શ્યોરન્સ પોલિસીમાં સાલ્વેજ ચાર્જીસને આવરી લેવામાં આવે છે. જો તમારી પાસે યોગ્ય વીમો હોય, તો વીમા કંપની તમારી વતી આ ચાર્જીસ ચૂકવે છે. સાથે જ તેમણે મરીન પોલિસીના પ્રકારો, કવરેજ, ટ્રાન્ઝિટ ક્લોઝ, કવરેજ ક્યારે શરૂ થાય, ક્યાં સુધી ચાલુ રહે, શું કવર નહી થાય, સ્પોટ સર્વેની અગત્યતા વગેરે મુદ્દે સમજાવ્યું હતું.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી નીરવ માંડલેવાલાએ આજના વૈશ્વિક વેપારમાં મરીન ઈન્શ્યોરન્સના મહત્વ અને કાર્યક્રમના ઉદ્દેશ્ય વિશે સમજૂતી આપી હતી.

ચેમ્બરની ઈન્શ્યોરન્સ કમિટીના ચેરમેન શ્રી મેહરનોશ તોડીવાલા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન, વક્તાનો પરિચય અને આભારવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર, ઉદ્યોગકારો, નિકાસકારો, એજન્ટો, સર્વેયરો અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને મરીન વીમા વિશે પ્રશ્નોત્તરી દ્વારા જાણકારી મેળવી હતી.

### આવતીકાલે

પેજ-૨ પાનાનું ચાલુ

૩.પશ્ચિમ(રાંદેર) ઝોન વિસ્તારમાં જોગાણીનગર જળ વિતરણ મથક ખાતે આવેલ ઓવરહેડ ટાંકીના ડ્રીસ્ટીબ્યુશન નેટવર્કમાં આવતા સાંજના ૫:૦૦ થી ૮:૫૦ દરમ્યાન સપ્લાયનો વિસ્તાર૪ મેરૂલક્ષમી સોસાયટી૪ રંગઅવધુત સોસાયટી વિભાગ-૩૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ૪ સુમન સંધ્યા આવાસ૪ હયાત રેસીડેન્સી૪ કોઝ-વે ની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો૪ શાશ્વત કોમ્પ્લેક્ષથી ગ્રીન પ્લાઝા૪ માધવ પાર્ક રો હાઉસથી સનાઈ રેસીડેન્સી તથા પરશુરામ ગાર્ડનની આસપાસની સોસાયટીઓ/ લાગુ વિસ્તારો૪ સુયોદય કોમ્પ્લેક્ષથી આત્મન પાર્ક વિગેરે તથા તેની આસપાસની સોસાયટીઓ/ લાગુ વિસ્તારો૪ ટી.જી.બી. રેસ્ટોરન્ટથી ગુરૂકૃપા સોસાયટી૪ શ્રીનાથ સોસાયટી૪ રેવાનગર સોસયટી૪ નવરંગ સોસાયટી૪ કંકુનગર વિગેરે તથા તેની આસપાસની સોસાયટીઓ/ લાગુ વિસ્તારો.

ઉપરોકત વિગતોની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી છે. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

છેલ્લા પાનાનું ચાલુ

### ડ્રગ્સ કેસમાં

માટે ૧૦ ગ્રામ સહિત વધારાનુ ૧૦૦ ગ્રામ જેટલું ડ્રગ્સ મુંબઈ ખાતે આદીત્ય જૈતાપકર પાસેથી લઈ આવવા કહ્યું હતું. જેથી જયેશ મકવાણા મુંબઈ ગયો હતો. આદીત્ય જૈતાપકરએ તેના મિત્ર શ્રીકૃષ્ણા સ્વેન સાથે મળી મુંબઈના માજગાંવ, ડાગ્યાર્ડ રોડ ઉપર ઝુંપડપટ્ટીમાંથી વસીમ નામના પેડલર પાસેથી ૧૦૦ ગ્રામ ડ્રગ્સ લીધું હતુ. ત્યારબાદ આદીત્ય પાસેથી જયેશ મકવાણાએ આ ડ્રગ્સ લઈ સુરત આવ્યો હતો. ૨૦થી ૨૫ ગ્રામ ડ્રગ્સ પોતાની પાસે રાખીને જયેશે બાકીનું ડ્રગ્સ નિર્મિત જાડેજાને આપ્યું હતું. દરમિયાન ભેસ્તાન પાસેથી નિર્મિત જાડેજા ૮૦.૪૬ ગ્રામ ડ્રગ્સ સાથે પોલીસના હાથે પકડાયો હતો. આ આરોપસર નિર્મિત, જયેશ, આદીત્ય, શ્રીકૃષ્ણા, રોનક રાવલ અને વસીમ સામે એનડીપીએસનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત સેશન્સ કોર્ટમાં ચાલી હતી. કોર્ટે નિર્મિત, જયેશ, આદીત્ય અને શ્રીકૃષ્ણાને કસુરવાર ઠેરવી ૧૦ વર્ષની સજા અને દરેકને ૧ લાખ દંડનો હુકમ ફરમાવ્યો હતો. જ્યારે રોનક રાવલને શંકાનો લાભ આપ્યો હતો.

ટ્રાયલ કોર્ટના સજાના હુકમથી નારાજ થઈને નિર્મિત જાડેજાએ સુરતના વકીલ નિલેશ વઘાસીયા અને વકીલ હૃદય બુચ મારફતે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. તદ્ઉપરાંત અપીલ અરજીના પેન્ડિંગ દરમિયાન(અપીલની સુનાવણી ચાલે ત્યાં સુધી) ટ્રાયલ કોર્ટની સજાને સ્થગિત કરવા અને નિયમિત જામીન પર મુક્ત કરવા પણ માગ કરી હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો આદેશ અપીલની પેન્ડિંગ દરમિયાન સ્થગિત કરતો હુકમ કર્યો હતો. અને શરતોને આધીન આરોપી નિર્મિતના જામીન પણ મંજૂર કર્યા હતા.

### ચોરીની જાણ

દેસાઈ મારફતે વીમા કંપની વિરૂદ્ધ સુરત ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. જોકે,આ કેસની સુનાવણી શરૂ થાય તે પહેલા જ સંજય સોનવણેનું અવસાન થયું હતું.

ત્યારબાદ તેમના પરિવારના સભ્યો કેસની સુનાવણી દરમિયાન હાજર રહ્યા હતા. ફરિયાદી તરફે દલીલો થઈ હતી કે, ફરિયાદીએ વાહન ચોરીની જાણ પોલીસ અને વીમા કંપનીને સમયસર કરી હતી. પોલીસ દ્વારા કાર શોધખોળ માટે એફઆઈઆર નોંધવામાં વિલંબ થયો હતો, જેમાં ફરિયાદી જવાબદાર નથી. માત્ર થોડા દિવસોના વિલંબને કારણે ક્લેઈમ નામંજૂર કરી શકાય નહી. ગ્રાહક કોર્ટે ફરિયાદી તરફેની દલીલો ગ્રાહ્ય રાખી ફરિયાદ અંશતઃ મંજૂર કરી હતી. કોર્ટે ઠરાવ્યું હતુ કે સુપ્રિમી કોર્ટના ચુકાદાઓ મુજબ વિમેદારને વીમા પોલીસીની આઈડીવીના ૭૫ ટકા રકમ મળવાપાત્ર છે. જેથી મૃતક વિમેદારની વિધ્વા અને વારસોને રૂ.૪.૫૭ લાખ વાર્ષિક ૮ ટકાના વ્યાજ સહિત ચૂકવવા આદેશ કર્યો હતો

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કુબેરજી ટેક્સટાઈલ માર્કેટમાં વેપારી સાથે મેનેજરે કરેલી ૧.૮૮ કરોડની છેતરપિંડી

## વેપારના રૂપિયા અંગત ખાતામાં ટ્રાન્સફર કરાવી મેનેજરે વેપારીને ધમકી આપી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટના વેપારીનો હિસાબ કિતાબ રાખતા મેનેજરે પોતાના પર્સનલ બેંક એકાઉન્ટમાં ધંધાના રૂ.૧.૮૮ કરોડ ટ્રાન્સફર કરી લઈ વેપારીને તારે જે અરજી કરવી હોય તે કર કોઈ પોલીસવાળો મારૂ કંઈ બગાડી નહીં લેશે તેવી ધમકી આપી છેતરપિંડી કરી જતા આ મામલે ગઈકાલે સારોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવાયો હતો.

મુળ રાજસ્થાનના ચુરૂ જીલ્લાના વતની અને હાલ ઉધના મગદલ્લા રોડ રૂદ્રાક્ષ ભવન ખાતે રહેતા પવનકુમાર ચુનીલાલજી જૈસનસરીયા ઉ.વ.૬૦ કાપડના વેપારી છે. તેઓ કુબેરજી વર્લ્ડની બાજુમાં પવનસુત પ્રિન્ટ્સના નામે દુકાન ધરાવે છે. દરમિયાન તેમને ત્યાં મેનેજર તરીકે નોકરી કરતા વિનોદ અગ્રવાલ (કંદોઈ) (રહે. ગોડાદરા, શ્યામ હાઈટ્સ, ધીરનજનગર ) વર્ષ ૨૦૨૩થી ગઈ તા.૩૦ જુન ૨૦૨૫ સુધીના સમયગાળામાં તેના પર્સનલ એકાઉન્ટમાં વેપારી પવનકુમારને ત્યાં થતા ધંધાના રૂપીયા ટ્રાન્સફર કરી લીધા હતા. કુલ રૂ.૧.૮૮ કરોડ રૂપીયા ટ્રાન્સફર કરી લઈ તેનો હિસાબ આપવામાં આવ્યો ન હતો. પવનકુમારે મેનેજર વિનોદ અગ્રવાલ પાસે હિસાબ માંગતા વિનોદે યોગ્ય જવાબ આપ્યો ન હતો. દરમિયાન વિનોદે વેપારી પવનકુમારને તને ખબર નથી હું કોણ છું, તારા જેવા કેટલાયના પૈસા આપ્યા નથી. તારે જે અરજી કે ફરીયાદ કરવાની હોય તે કરી દેજે, કોઈ પોલીસવાળો મારો વાળ વાકો કરે તેમ નથી. મારૂ બગાડી શકે તેમનથી. વેપારી પવનકુમારને મેનેજર વિનોદે ગાળો પણ આપી હતી અને ધમકી આપી હતી. ત્યારબાદ રૂપીયા ચુકવી દેવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પણ રૂપીયા નહીં ચુકવવામાં આવતા આ મામલે સારોલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી હતી. જે બાબતે પેમેન્ટ ચુકવી દેવાની નોટરી કરી આપી હોવા છતાં વિનોદે પેમેન્ટ નહીં ચુકવતા આ મામલે ગઈકાલે સારોલી પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો.



સુરત મહાનગરપાલિકા કર્મચારી મંડળ (સુરત મહાનગરપાલિકામાં કાર્યરત યુનિયનોનું મહામંડળ) તરફથી બુધવારે સવારે ૧૦ થી સાંજે ૬:૩૦ કલાક સુધી ધરણાનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં વિવિધ યુનીયનોના હોદ્દેદારો,કારોબારી સભ્ય તથા સક્રિય કાર્યકરો એક દિવસના ધારણા કરશે. સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર શ્રીમતી નિધિ સિવાચ દ્વારા ગેરકાયદેસર રીતે યુનિયન ઓફિસોનો કબજો લઈને યુનિયનોની બદનામી કરેલ હોય તેઓને ડેપ્યુટેશન પરથી ગુજરાત સરકારમાં તાકીદે પરત બોલાવી લેવા માટે, યુનિયનોની જે ઓફિસનો કબજો લેવામાં આવેલ છે તે તમામ ઓફિસો તાકીદે યુનીયનોને ફરી માનભેર પરત આપવા માટે તેમજ યુનિયનોની અનેકવિધ માંગણીઓ પડતર છે જે તમામ માંગણીઓનું તાકીદે નિરાકરણ કરવા માટે આ ધરણાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# લગ્ન જીવનમાં ખટરાગ થતા પતિએ પત્નીના મોર્ફ કરેલા ફોટા વાયરલ કર્યા

## સોશિયલ મીડિયામાં બદનામી અંગે પરિણીતાની પતિ સામે ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

ભટાર અલથાણ ટેનામેન્ટ પાસે આવેલી એક સોસાયટીમાં રહેતા યુવક સાથે ભરૂચ ઝઘડીયા ખાતે લગ્ન કર્યા બાદ બે વર્ષના સમયગાળામાં જ ડખા ઉભા થતાં યુવતીએ યુવક સાથે રહેવું ન હોય તેણે છુટાછેડાની વાત કરી હતી. જોકે યુવાને તેને છુટાછેડા આપ્યા ન હતા અને ઈન્સ્ટાગ્રામ ઉપરથી યુવતીના ફોટા મોર્ફ કરીને તેને વાયરલ કરી સમાજમાં બદનામ કરવાની કોશિષ કરી હતી. યુવતીના પરિવારજનોને પણ મેસેજ મોકલાયા હોય આ મામલો ગઈકાલે પોલીસ મથકે પહોંચતા ખટોદરા પોલીસે યુવક સહિત તેના પરિવારના ૫ સભ્યો સામે ગુનો નોંધ્યો હતો.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર ભટાર અલથાણ ટેનામેન્ટની બાજુમાં રત્નદીપ સોસાયટીમાં રહેતા એક યુવાને ૨૨ વર્ષિય યુવતીને ભરૂચ ખાતે ફરવા લઈ જઈ ત્યાં એક રજીસ્ટરમાં સહી કરાવી મંદીરમાં લગ્ન કરી લીધા હતા. યુવાને યુવતીને જણાવ્યું હતુ કે તે તેના માતા પિતા સાથે આ બાબતે વાત કરી લેશે જોકે લગ્ન બાબતે યુવાને કોઈ વાત-ચીત નહીં કરી હતી. યુવતીને સાથે રહેવું ન હોય તેણે છુટાછેડાની વાત કરતા યુવાને તેના પરિવાર સાથે મળી યુવતીને સમાજમાં બદનામ કરવાની કોશિષ કરતા આ મામલે ગઈકાલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

# ચોરીની જાણ કરવામાં વિલંબ થાય તો આઈડીવીની ૭૫ ટકા રકમ ચૂકવવી પડે

## કારના માલિક મૃતક વીમા દારના પરિવારને રૂા.૪.૫૭ લાખ ચૂકવી દેવા ગ્રાહક કોર્ટના આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

ઉધના ખાતે રહેતા નોકરિયાત યુવકની કાર ચોરીનો ક્લેઈમ વિમા કંપનીએ પોલીસ ફરિયાદ કરવામાં અને વિમા કંપનીને જાણ કરવામાં વિલંબ થયો હોવાનુ કારણ ધરી નકારી કાઢયો હતો. આ કેસમાં સુરત ગ્રાહક કોર્ટે મહત્વનો ચૂકાદો આપ્યો હતો. ગ્રાહક કોર્ટે કહ્યું હતુ કે, વાહન ચોરીની પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવવામાં તેમજ વિમા કંપનીને ચોરીની જાણ કરવામાં કાર માલિક દ્વારા વિલંબ થયો હોય તો પણ વીમા કંપની આઈડીવી રકમના ૭૫ ટકા રકમનો ક્લેઈમ ચૂકવવા જવાબદાર છે. કોર્ટે વિમા કંપનીને મૃતક વિમેદારના પરિવારને આઈડીવીની રકમ ૪.૫૭ લાખ ચૂકવવા આદેશ આપ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે ઉધના ખાતે રહેતા સંજય સોનવણેની કાર વર્ષ ૨૦૧૭માં નવેમ્બર મહિનામાં ઘર નજીકથી ચોરી થઈ હતી. સંજય સોનવણેએ પાંડેસરા પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી. દરમિયાન સંજય સોનવણે કારનો આઈડીવી(ઈન્સ્યુર્ડ ડિક્લેર્ડ વેલ્યુ)નો વીમો પણ ધરાવતા હતા. જેથી સંજય સોનવણેએ ચોરાઈ ગયેલી કાર અંગે આઈડીવી રકમ મેળવવા ધ ન્યુ ઈન્ડીયા એસ્યુર્ડ કંપનીમાં ક્લેઈમ કર્યો હતો. જોકે વીમા કંપનીએ ફરિયાદ આઠ દિવસના વિલંબ પછી નોંધવામાં આવી હતી અને વીમા કંપનીને કાર ચોરાઈ અંગેની જાણ પણ લેટ કરી હતી. જેથી પોલીસીની શરતો મુજબ ક્લેઈમ મંજૂર થઈ શકે તેમ ન હોવાનુ જણાવી ક્લેઈમ નકારી કાઢ્યો હતો. જેથી સંજય સોનવણેએ સુરતના સિનિયર વકીલ શ્રેયસ દેસાઈ, પ્રાચી દેસાઈ અને ઈશાન

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાતા તાપમાન વધ્યું

## સુરતમાં વહેલી સવારે તાપમાન એક ડિગ્રી વધીને નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

શહેરનું લઘુત્તમ તાપમાન આજે સવારે એક ડિગ્રી વધી જવા સાથે ઠંડીની અસર થોડી ઓછી રહી હતી. ગઈકાલે મહત્તમ તાપમાનનો પારો ૨૯.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયો હતો. જયારે ઉત્તર પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાતા સાંજના સમયે ઠંડીની થોડી અસર જોવા મળી હતી. જોકે વહેલી સવારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૧૬.૮ સેલ્યિસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા રહ્યું હતું. આજે સવારે પવનની દિશા બદલાઈ હતી. દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પવનની ગતિ પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપ રહી હતી.

જાન્યુઆરી મહિનાની શરૂઆતથી શહેરમાં તાપમાન નીચુ જવાની શરૂઆત થઈ હતી ત્યારે પખવાડીયુ પુર્ણ થયા બાદ તાપમાનમાં વધઘટ થવાની ફરી શરૂઆત થઈ છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં એકાદ બે ડિગ્રીની વધઘટ થવા સાથે ઠંડીની અસર થોડી ઓછી રહી છે. આજે સવારે લઘુત્તમ તાપમાનનો પારો એક ડિગ્રી વધીને ૧૬.૮ સેલ્યિસ ડિગ્રી નોંધાયો હતો.

# મહિલાને નોકરીનું પ્રલોભન આપી રૂા.૪ લાખ દંપતિએ પડાવી લીધા

## નંદુરબારના પારડી દંપતિ વિરૂદ્ધ સચીન પોલીસમાં ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

સચીનના પારડી કણદે વિસ્તારમાં રહેતી ૩૨ વર્ષિય પરિણીતાને નંદુરબારના પાડવી દંપતિએ સ્ટાફ નર્સ ક્લાસ-૩ની સરકારી નોકરી અપાવવાની લાલચ આપી રૂ.૪ લાખ મેળવી લઈ નોકરી નહીં અપાવી રૂપીયા પરત નહીં કરતા સચીન પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ ઠગાઈનો ગુનો નોંધાવ્યો હતો.

સચીન પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના આનંદપુર ગામના વતની અને હાલ સચીન કણદે અભિષેક સીટી હોમ્સ ખાતે રહેતા મહીમાબેન રમણભાઈ ઈસરીયા ઉ.વ.૩૨ દોઢેક વર્ષ પહેલા નંદુરબાર ખાતે રહેતા સુનિતા પાડવી અને તેના પતિ અશ્વિન પ્રતાપસિંહ પાડવીના સંપર્કમાં આવી હતી. પાડવી દંપતિએ મહિમા ગામીતને સ્ટાફ નર્સ ક્લાસ-૩ તરીકે સરકારી નોકરી અપાવવાની લાલચ આપી તેની પાસેથી રૂ.૪ લાખ મેળવી લીધા હતા. જોકે આજદિન સુધી મહિમા ગામીતને નોકરી અપાવાઈ ન હોય છેતરપિંડી અંગે ગઈકાલે સચીન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરાઈ હતી.

# નંદુડોશીની વાડીમાંથી નેપાળી યુવક ૧.૬૯ લાખના હેરોઈન સાથે ઝબ્બે

## છૂટક ડ્રગ્સ વેચતા યુવકને કતારગામ પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૧**

સુરત શહેરમા અન્ય રાજ્યોમાંથી ચોરી છુપીથી નાર્કોટીક્સ ડ્રગ્સ લાવી સુરત શહેરમા ઘુસાડી યુવાધનને નશાના અંધકારમા ધકેલવાની પ્રવૃતી કરતા ઈસમો ઉપર વોચ રાખી આવી પ્રવૃતીઓ અટકાવવા કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે કતારગામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ચૌધરી તથા પો.ઈન્સ.એસ.આર.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ. એન.એસ.સાકરીયા દ્વારા સર્વેલન્સ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફના અ.પો.કો. ગોવિંદભાઈ માધાભાઈને મળેલ બાતમીને આધારે કતારગામ નંદુડોશીની વાડી સીતારામ કોમ્પલેક્ષની પાસેથી પ્રતિબંધીત હેરોઈનનો જથ્થો પકડી પાડી NDPSનો



કેસ શોધી કાઢ્યો હતો.

કતારગામ પોલીસે બિરેન્દ્ર મહેન્દ્ર ગુરૂંગ ઉ.વ. ૨૮ રહે- ૧૦૫ મારૂતી એપાર્ટમેન્ટ વિભાગ-૦૧ પહેલો માળ અક્ષરનગર સોસાયટી કતારગામ સુરત મુળ- જાનકી ગાંવ વોર્ડનં ૦૯ થાના-અમરાવતી, જી- કૈલાલી (નેપાળ)ને રૂા.૧.૬૯ લાખ રૂપિયાના હેરોઈન સાથે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી એક્ટિવા, રોકડ, અને મોબાઈલ મળી કુલ ૧.૯૪ લાખની મતી કબજે કરવામાં આવી હતી.

# ડ્રગ્સ કેસમાં દોષિત નિર્મિત જાડેજાને જામીન પર છોડવા હાઈકોર્ટનો હુકમ

## ટ્રાયલ કોર્ટના આદેશની અપીલ સ્થગિત કરતી વડી અદાલત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

ભેસ્તાનમાંથી ૮૦ ગ્રામથી વધુના એમ.ડી.ડ્રગ્સના કેસમાં સંડોવાયેલા ૪ આરોપીને કોર્ટે ૧૦ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો. આ કેસના આરોપીઓ પૈકી મુખ્ય આરોપી નિર્મિત જાડેજાએ ટ્રાયલ કોર્ટના હુકમથી નારાજ થઈને તેની કાયદેસરતાને પડકારતી અપીલ હાઈકોર્ટમાં કરી હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો આદેશ અપીલની પેન્ડિંગ દરિમયાન સ્થગિત કરતો હુકમ ફરમાવ્યો હતો, તદુપરાંત હાઈકોર્ટે આરોપી નિર્મિત જાડેજાને જામીન પર મુક્ત કરતો હુકમ પણ ફરમાવ્યો હોવાનું તેમના વકીલ નિલેશ વઘાસિયાએ જણાવ્યું હતું.

### તપાસમાં પોલીસે દાખવેલી બેદરકારીનો આરોપીને લાભ

ગુજરાત હાઈકોર્ટ દ્વારા કેસની ટ્રાયલ દરમ્યાન આરોપી તરફે લેવામાં આવેલ બચાવ જેવા કે, આરોપીની ધરપકડ અને મુદ્દામાલની જપ્તી અને સીલ કરવાની પ્રક્રિયામાં ગંભીર પ્રકારની ત્રુટીઓ અને ગુનાનાં સ્થળમાં વિસંગતાઓ તેમજ ખાસ કરીને એન.ડી.પી.એસ. એકટની કલમ-૫૦ અને ૫૨-એનાં પાલનમાં ખામીઓને હાઈકોર્ટે ધ્યાને લીધી હતી તેવું વકીલ વઘાસિયાએ જણાવ્યું હતુ

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ પીપલોદ ચાંદની ચોક સર્કલ પાસે આગમ ટાવરમાં રહેતા ?નિર્મિત ક્રિષ્નાકુમાર જાડેજાને સુરત પોલીસે ભેસ્તાન ગણેશકૃપા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ નજીકથી રૂ.૮.૦૨ લાખના ડ્રગ્સ સાથે પકડી પાડ્વામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતુ કે, એમ.ડી.ડ્રગ્સનું સેવન કરવાની આદત ધરાવતા નિર્મિત જાડેજાએ મિત્ર રોનક ઉર્ફે બબુ રાવલને ૧૦ ગ્રામ ડ્રગ્સ મંગાવી આપવા કહ્યું હતું. જેથી રોનકે જયેશ મકવાણા સાથે વાતચીત કરી નિર્મિત જાડેજા

અનુસંધાન પાના ૭ પર

# માર્કેટ વિસ્તારોમાં વેરા વસુલાત ઝુંબેશમાં અનેક મિલ્કતો સીલ

## લીંબાયત ઝોન દ્વારા એક જ દિવસમાં સ્થળ રૂપિયા ૫૨.૬૭ લાખથી વધુની વેરા વસુલાત

**સુરત, તા.૨૧**

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.મ્યુ.કમિશ્નરશ્રી નિલેશભાઈ એચ. પટેલની સુચના મુજબ મે.આસી.કમિશ્નરશ્રી દિપક એમ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારીશ્રી એ. વી. જગતાપ અને આકારણી વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૨૦/૦૧/૨૦૨૬ ના રોજ ૪૫૧ માર્કેટ, સર્વોદય માર્કેટ, રાઠી માર્કેટ, ફેબ્રિઝો માર્કેટ, જય એસ્ટેટ, જય નારાયણ એસ્ટેટ, વૃંદાવન એસ્ટેટ, ભાઠેના ઝુપડપટ્ટી, ઉષાનગર ઈન્ડસ્ટ્રીયલ, શિવ શંકર ઈન્ડસ્ટ્રીયલ અને રઘુકુલ માર્કેટ તથા અન્ય માર્કેટોમાં આવેલ કોર્મર્શિયલ મિલકતોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં પાછલી બાકી ધરાવતી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂ.૬૭,૦૫,૦૦૦/- રકમની વસુલાત સહિત લિંબાયત ઝોન દ્વારા કુલ રૂ.૧,૫૨,૦૦,૨૦૧/- વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૨૦/૦૧/૨૦૨૬ સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ ૩૩૭.૨૧ કરોડ ડિમાન્ડની સામે કુલ ૧૯૯.૯૪ કરોડ,૫૯.૨૯% ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

# કતારગામની ટીપી ૪૯,૫૦,૫૧માં રિઝર્વેશન નહી હટાવતા ફરીથી આંદોલન શરૂ કરવા આહવાન

## આગામી સમયમાં ફરીથી મનપા કચેરીઓ મોચચો લઈને રજુઆત કરાશે

**સુરત, તા.૨૧**

ટીપી સ્કીમ નંબર ૪૯,૫૦,૫૧ પીડિત પરિવાર સમિતિ દ્વારા કતારગામ સ્થિત મોહનદિપ સોસાયટીની વાડીમાં એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ થી વધુ સોસાયટીના પ્રમુખો, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં રિઝર્વેશન પીડિત લોકો જોડાયા હતા. આ ત્રણેય પ્રિલીમનરી ટીપીસ્કીમમાં છેલ્લા ઘણા વર્ષોથી અસ્તિત્વમાં રહેલી રહેણાંક વસાહતી સોસાયટીની વાડી, મકાનો, ખુલ્લા પ્લોટો તેમજ રસ્તાઓ પર કોઈપણ સ્થળ તપાસ કર્યા વગર ઈરાદાપૂર્વક મનફાવે તે રીતે રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે જે આશરે કતારગામની ૧ લાખથી વધુ સ્થાનિક લોકોને અસરકરતી આ સમસ્યા છે રહેવાસીઓની વાસ્તવિક મુશ્કેલીઓ, વિકાસ



કાર્યમાં થતી અડચણો તેમજ વર્ષોથી વસવાટ કરતી વસાહતોના નાગરિક હકોને અસર કરતી પરિસ્થિતિઓ અંગે વિગતવાર ચર્ચા છેલ્લા ઘણા સમયથી કેન્દ્રિય મંત્રી સી.આર.પાટીલ, કતારગામના ધારાસભ્ય વિનુભાઈ મોરડિયા, ભાજપ શહેર પ્રમુખ તેમજ મેયર દક્ષેશ માવાણી સહિતના નેતાઓ તેમજ મનપા કમિશનરને વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે ત્યારે ફક્ત આશ્વાસન, એકબીજા નેતાઓ પર ખો-ખો રમત રમીને વાયદાઓ આપી રહ્યા છે તેનું આજદિન સુધી કોઈ અમલીકરણ કરવામાં નહી આવતા ફરીથી આંદોલનને સક્રિય બનાવાનું આહવાન કરવામાં આવ્યું હતું. આગામી આ મહિનાના (જાન્યુઆરી) છેલ્લા સપ્તાહમાં કતારગામના નાગરિકો સમુહમાં મોરચો લઈને આવેદનપત્ર આપવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

ટીપી સ્કીમનંબર ૪૯,૫૦,૫૧ પીડિત પરિવાર સમિતિના ઉમેશ ઝડફિયાએ જણાવ્યું હતું કે, રિઝર્વેશનને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૩ વર્ષથી નેતાઓ તેમજ વહીવટી અધિકારીઓ સમક્ષ રજુઆત કરી રહ્યા છીએ ત્યારે કોઈ રિઝર્વેશન હટાવવા અંગેનું કોઈ પરિણામ હજુ સુધી મળીયુ નથી ત્યારે ગતરોજ એક મિટીંગ મળી હતી જેમાં સર્વાનુંમતે નિર્ણય કરવામાં આવ્યો છે કે આગામી દિવસોમાં મનપા કચેરી પર મોરચો લઈને આવેદનપત્ર આપવા માટે જવાનું નક્કી કરવામાં આવ્યું છે.

છેલ્લા આશરે ૧૦ થી ૭૫ વર્ષ જુની મિલકતો પર ઈરાદાપૂર્વક રિઝર્વેશનો નાખવામાં આવ્યા છે સરકારી રેકોર્ડની તપાસ કરાવ્યા બાદ આ અસરગસ્તોએ મિલકતની ખરીદી કરી હતી ત્યારે કોઈ રિઝર્વેશન મિલકતમાં હતા નહિ જેથી સચોટપૂર્વક અને સરકારી કચેરી પર વિશ્વાસ રાખીને મિલકતની ખરીદી કરી હતી. પરંતુ રાતોરાત ખોટા રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી રિઝર્વેશન અંગે નેતાઓ તેમજ સરકારી કચેરીઓમાં લેખિત કે મૌખિત રજુઆત કરી રહ્યા છીએ પરંતુ તેનું કોઈ અમલીકરણ થતું નથી જેથી આ કાર્યક્રમમાં સર્વાનું મતે નિર્ણય કરવામાં આવ્યો હતો કે આગામી ટીપી ૪૯,૫૦ અને ૫૧ માં ઈરાદાપૂર્વક દાખલ કરેલા રીઝર્વેશનો હટાવવામાં નહિ આવે ત્યાં સુધી ફરીથી આંદોલન સક્રિય સાથે ચાલુ રહેશે. ગત દિવસો રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી સહિત સરકારી કચેરીઓમાં લેખિત તેમજ મોખિક રજુઆત કરવામાં આવી છે